
Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ॐ

શ્રી પંચપરમેષ્ઠીને નમઃ
શ્રી નિજ શુદ્ધાત્માને નમઃ
શ્રી સદગુરુદેવાય નમઃ

# ચિત્સ્વરૂપ જીવ

અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કહાન ગુરુદેવના,
અનન્ય શિષ્યરત્ન, આત્મજ્ઞ,
પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈના
ગાથા-૧૪૨ થી ૧૪૪ તથા તેના શ્લોકો
ઉપરના પાંચ પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
''સ્વીટ હોમ'' જાગનાથ પ્લોટ શેરી નં-૬,
જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૫ | ૨૫૪૧ | ૨૦૭૧ | ૨૦૧૫ |

: પ્રકાશન :

પૂ. ''ભાઈશ્રી'' લાલચંદભાઈ મોદીના ૧૦૬ માં જન્મદિન પ્રસંગે

તા. ૨૭-૫-૨૦૧૫, બુધવાર, જેઠ સુદ-૯

પ્રથમ આવૃતિ - ૧૦૦૦   પડતર કિંમત - રૂા. ૬૦/- (અંદાજીત)   મૂલ્ય - સ્વાધ્યાય

## 'ચિત્સ્વરૂપ જીવ' નું પ્રાપ્તિ સ્થાન

**રાજકોટ** : શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ,
'સ્વીટ હોમ' જાગનાથ પ્લોટ શેરી નં. ૬, જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

**રાજકોટ** : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩

**મુંબઈ** : શ્રી શાંતિભાઈ સી. ઝવેરી
૮૧-નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬.
ટેલી નં. ૨૩૫૧૬૬૩૬ / ૨૩૫૨૪૨૮૨

**થાણા** : શ્રી ચીનુભાઈ બાલચંદભાઈ શાહ
વર્ષા સોસાયટી, સંગીતા બિલ્ડીંગ, બીજે માળે, વંદના સોસાયટી સામે,
હાઈ-વે; ૯ પાડા, થાણા વેસ્ટ. ટેલી નં. ૨૫૪૦૭૦૭૮, મોબાઈલ : ૯૩૨૩૦૪૧૯૪૪

**કલકત્તા** : શ્રી પ્રકાશભાઈ શાહ
૨૩/૧ બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર,
કલકત્તા - ૨૦. ટેલી નં. ૦૩૩-૨૪૮૬૮૫૧૮

**બોરીવલી** : શ્રી ભરતભાઈ સી. શાહ
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી વેસ્ટ, મુંબઈ - ૯૨.
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૮૨૧૬૬

**સોનગઢ** : ડૉ. મધુરીબેન એસ. નંદુ ''ધ્રુવધામ'', રાજકોટ-ભાવનગર મેઈન રોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર. ટે.નં. ૦૨૮૪૬/૨૪૪૧૩૨

: લેસર ટાઈપ સેટીંગ અને જેકેટ :
**DESIGN SCOPE**
**Rajkot.**
**Cell :** 98250 76007, 94280 11274
**E-mail :** designscope1@gmail.com

: મુદ્રક :
શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
ફોન : ૨૪૬૮૪૬૧, મોબાઈલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫
Email: sharpoffset@hotmail.com

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This electronic shastra has been donated Shree KundKund KahanAmrut Prabhavna Mandir Trust, Sweet Home, Jagnath Plot, Sheri Number 6, Gymknana Road, Rajkot, India, 360 001, Phone: 0281-2231073.

Our request to you:

1) This electronic version of ChitSvaroop Jiv is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 31 December 2016 | First electronic version |

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રકાશકીય કલમે....

**અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.**

વર્તમાન શાસન નાયક મહાવીર ભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ વર્તમાન મહાવિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની સુખાનંદથી વહેતી દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત મૂર્તિમંત કરીને ભરતક્ષેત્રમાં લાવીને દ્વિતીય શ્રુતસ્કંધમાંના સમયસાર આદિ પંચપરમાગમોની રચના કરી.

ત્યારબાદ એક હજાર વર્ષ પૂર્વે આ કાળના હાલતા ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા. તેમણે સમયસાર આદિ અનેક શાસ્ત્રોની ટીકા કરી.

આ પરંપરામાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ જેવો જ થઈ ગયેલો. મિથ્યાત્વ ગળાડૂબ થઈને તેનું એક છત્ર રાજ શરૂ થયેલું, તેવામાં જ જૈનશાસનમાં એક આધ્યાત્મિક મહાપુરુષ, આત્મજ્ઞસંત, નિષ્કારણ કરુણાના સાગર ને ભાવિ તિર્થાધિરાજ એવા નિર્ભય-નિડર ને નિશંક સિંહપુરુષ પ.પૂ.શ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તે પુરુષે આચાર્યોના હૃદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને, પરમાગમના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત્ કરીને, ભવ્યજીવોના શ્રેયાર્થે ૪૫ વર્ષ સુધી અતૂટ ધારાથી દેશનાની શૃંખલા વરસાવીને, અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા. ઘણાં જીવોએ પૂ.ગુરુદેવશ્રીના નિમિત્તે પોતાના આત્મસ્વરૂપને સમજી ને આત્મસાત્ કર્યું.

પૂ.ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના સોનગઢના સુવર્ણકાળ દરમ્યાન અનેક શિષ્યરત્નો થયા. તેમાંના એક પ્રમુખ શિષ્યરત્ન એવા આદરણીય પૂ. ‘ભાઈશ્રી’ લાલચંદભાઈ થયા. તેમણે ઘણો સમય સોનગઢ પૂ.ગુરુદેવશ્રીની નિશ્રામાં રહી, આચાર્ય ભગવંતોના મૂળ તાત્ત્વિક રહસ્યોને પોતાના જ્ઞાનસરોવરના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રકાશ સાથે મેળવી ને આચાર્ય ભગવાન તથા પૂ.ગુરુદેવશ્રીએ જે રીતે શુદ્ધાત્માનું રહસ્ય ચારે પડખેથી વિસ્તૃત કરેલ છે તેને બરાબર અવધારીને છઠ્ઠી ગાથાના નિમિત્તે પોતાના શુદ્ધાત્માનો સ્પર્શ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખી લીધો.

પૂ.ભાઈશ્રીએ શ્રી સમયસારજી શાસ્ત્રના કર્તાકર્મ અધિકારની ગાથા-૧૪૨ થી ૧૪૪ તથા તેના કળશો ઉપર કરેલા (૫) પ્રયોજનભૂત પ્રવચનો અક્ષરશઃ ''ચિત્સ્વરૂપ જીવ'' પુસ્તકમાં પ્રકાશિત કરતા ટ્રસ્ટ અત્યંત હર્ષિત છે.

અનાદિકાળનો અપ્રતિબદ્ધ જીવ ઘણો અભ્યાસ કર્યા પછી પણ ક્યાં અટકી જાય છે ને કેમ સમ્યગ્દર્શન પામતો નથી તેનો અપૂર્વ ખુલાસો આ પ્રવચનોમાં સમાવિષ્ટ છે. આ ગાથાઓ બધાં પ્રકારના નયપક્ષરૂપ વિકલ્પોનો ધ્વંસ કરનારી છે.

જીવ પોતાના સ્વભાવને સ્વભાવથી ન જોતાં કોઈ ને કોઈ નયથી જ્યાં સુધી વિચારે છે ત્યાં સુધી વિકલ્પની ઉત્પત્તિ થયા કરે છે. વિકલ્પાત્મક નયોથી આત્માની અનુભૂતિ કદી થતી નથી. વ્યવહારનયનો નિષેધ કરીને જીવ નિશ્ચયનય સુધી તો પહોંચે છે પણ ત્યાંથી આગળ નિશ્ચયનય સંબંધી વિકલ્પ હું મુક્ત છું-અબદ્ધ છું વિગેરે સ્વભાવનું સંબોધન કરનારા નિશ્ચયનયાત્મક વિકલ્પોમાં અટકી જાય છે. એક વિકલ્પ દ્વારા બીજા વિકલ્પને ગૌણ કરે છે પણ વિકલ્પ માત્ર અનુભૂતિમાં બાધક બને છે તેથી વિકલ્પને જે અતિક્રમે છે તે જ પક્ષાતિક્રાંત થઈને આત્મિક અનુભૂતિ કરે છે. આવી સુંદર વ્યવસ્થા જિનાગમમાં બતાવવામાં આવી છે તે પૂ.ભાઈશ્રીએ આ પ્રવચનોમાં ખૂબ જ સ્પષ્ટ કરી છે. આ પ્રવચનો વિશે વધારે ન લખતાં પૂ.ભાઈશ્રીના પ્રવચનોથી મુમુક્ષુ જીવો આ વિષયનું સ્પષ્ટીકરણ સમજે તેવી મંગલ ભાવના.

આ પુસ્તક પૂ.ભાઈશ્રીના વિડીયો પ્રવચન નં.૨૫૯ થી ૨૬૩ અક્ષરશઃ ઉતારી અને પ્રકાશિત કરવામાં આવેલ છે. અક્ષરશઃ પ્રવચન લખવાનું કાર્ય **શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા** દ્વારા તથા તેને સંપૂર્ણ પ્રુફ રીડીંગ કરવાનું કાર્ય **ભાઈશ્રી ચેતનભાઈ મહેતા - રાજકોટ** દ્વારા થયેલ હોય સંસ્થા આ કાર્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બદલ તેમનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તક પ્રકાશન અર્થે રૂા.૫૧,૦૦૦/- ની દાનરાશિ સ્વ. વિનોદરાય મૂળશંકર કોઠારી - રાજકોટના સ્મરણઅર્થે બેન સુશીલાબેન કોઠારી - રાજકોટ દ્વારા આપવામાં આવેલ છે તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તકનું ડીઝાઈન વર્ક **Design Scope** ''અમરભાઈ પોપટ'' દ્વારા થયું હોય તથા પ્રિન્ટીંગ તથા બાઈન્ડીંગનું કાર્ય ''શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ''વાળા ધર્મેશભાઈ શાહ - અમદાવાદ દ્વારા થયું હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

અમારા ટ્રસ્ટનું આ ૧૫ મું પુસ્તક છે. આ પુસ્તકમાં અજાણતા કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

અંતમાં આ **'ચિત્સ્વરૂપ જીવ'** પુસ્તકમાં નયપક્ષ છોડાવીને પક્ષાતિક્રાંતનો જે વિષય આવેલો છે તે પૂ.ભાઈશ્રીએ ધ્યેયપૂર્વક જ્ઞેય એક જ સમયમાં થાય છે તે દ્વારા સ્પષ્ટ કરેલ છે. આવું ધ્યેયપૂર્વક જ્ઞેય એક જ સમયમાં સર્વ જીવોને પ્રાપ્ત થાય તેવી મંગલ ભાવના...

**લી. ટ્રસ્ટી શ્રી,**
**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
**રાજકોટ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | સમયસાર | પેઈજ નં. |
|---|---|---|---|
| ૧ | ૨૨/૨/૯૦ | ૧૪૨ ગાથા | ૧ |
| ૨ | ૧/૩/૯૦ | ૬૯ થી ૯૧ શ્લોક | ૨૪ |
| ૩ | ૨/૩/૯૦ | ૧૪૩ ગાથા તથા શ્લોક-૯૨ | ૬૩ |
| ૪ | ૩/૩/૯૦ | ૧૪૩ ગાથા | ૮૯ |
| ૫ | ૪/૩/૯૦ | ૧૪૪ ગાથા તથા શ્લોક ૯૩ થી ૯૫ | ૧૦૬ |

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## : પૂ. ભાઈશ્રીની નિશ્રામાં થયેલા પ્રકાશનો :

ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી

દ્રવ્યસ્વભાવ - પર્યાય સ્વભાવ

ભેદજ્ઞાન ભજનાવલી

## : શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો :

- જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન
- દ્રવ્યસ્વભાવ - પર્યાયસ્વભાવની ચર્ચા
- જાણનારો જણાય છે
- ચૈતન્ય વિલાસ
- આત્મજ્યોતિ
- શુદ્ધ અંતઃતત્ત્વ
- મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧
- જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન
- અનેકાંત અમૃત
- જ્ઞાનનું જ્ઞાનત્વ
- બુંદ બુંદમાં અમૃત
- લંડનના પ્રવચનો ભાગ-૧
- નયચક્ર તત્ત્વચર્ચા
- આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી ભાગ-૧
- ચિત્સ્વરૂપ જીવ

## ''ચિત્સ્વરૂપ જીવ'' પુસ્તકમાં આવેલ દાનરાશિ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. વિનોદરાય મૂળશંકર કોઠારીના સ્મરણાર્થે સુશીલાબેન કોઠારી તરફથી | રાજકોટ | રૂા.૫૧,૦૦૦/- |
| ૨. | ચેતનભાઈ મહેતા | રાજકોટ | રૂા.૨,૫૦૧/- |
| ૩. | સ્વ. કલ્પનાબેન રમેશભાઈ પંચાલી હ. મનન પંચાલી | રાજકોટ | રૂા.૨,૦૦૧/- |
| ૪. | સ્વ. પ્રકાશભાઈ વિનયકાંત લાખાણીના સ્મરણાર્થે જયશ્રીબેન લાખાણી તરફથી | રાજકોટ | રૂા.૧,૦૦૧/- |
| ૫. | સ્વ. ચંપાબેન વિનયકાંત લાખાણી હ. પ્રજ્ઞાબેન લાખાણી | રાજકોટ | રૂા. ૧,૦૦૧/- |
| ૬. | શાંતાબેન નગીનદાસ વારીયા | બરોડા | રૂા.૧,૦૦૧/- |
| ૭. | મંજુલાબેન હરકિશનભાઈ વારીયા | જામનગર | રૂા.૧,૦૦૧/- |
| ૮. | બા.બ્ર. દર્શનાબેન હરકિશનભાઈ વારીયા | જામનગર | રૂા.૧,૦૦૧/- |
| ૯. | ભાવિક અમિતભાઈ શેઠ | રાજકોટ | રૂા.૫૦૧/- |
| ૧૦. | નિર્મળાબેન શેઠ | રાજકોટ | રૂા.૫૦૧/- |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સ્મરણાંજલિ



જન્મ તા. ૧૩/૦૪/૧૯૩૦ દેહ પરિવર્તન : ૨૩/૧૨/૨૦૧૪

## સ્વ. વિનોદરાય મૂળશંકર કોઠારી-રાજકોટ

આપનું જીવન નાનપણથી જ ખૂબ સંઘર્ષમય હતું. જન્મતાની સાથે જ આપે આપના પિતાશ્રીની છત્રછાયા ગુમાવી, છતાં ખૂબ જ ઉચ્ચ અભ્યાસ કરીને ગવર્મેન્ટમાં સૌરાષ્ટ્રના ચીફ એન્જિનિયર તરીકે નિમણુંક પામેલા. આપના યુવાન પુત્રનું અમેરિકામાં કાર એક્સીડેન્ટમાં દેહપરિવર્તન થયું ત્યારે પણ આપે પોતાની ગવર્મેન્ટ જવાબદારી તથા ફરજ નિભાવવાના હેતુથી ગુજરાતમાં પાણીના પૂરની પરિસ્થિતિને કારણે અમેરિકા પણ ગયા ન હતા.

પુત્રના અકસ્માતના દુઃખદ સમાચારનું સમાધાન થતું નહતું. તેવામાં જ આપના સાળી શૈલાબેન બોઘાણી આપને આદરણીય શ્રી લાલચંદભાઈ પાસે લઈ ગયેલા. પૂ. ભાઈશ્રીએ આપને તત્ત્વજ્ઞાનથી ખૂબ જ સુંદર રીતે જીવન જીવવાનું સમાધાન કરાવ્યું. હવે પછી પુત્રના વિયોગના દુઃખે પણ કેવી રીતે જીવન જીવીને સુખમય બનાવવું તેની સમજણ ને પ્રેરણા આપી. ત્યારથી જ આપના જીવનનું આમૂલ પરિવર્તન થવા માંડયું.

આ પ્રસંગ બાદ આપનું જીવન ધર્મમય બની ગયું અને પૂ.ગુરુદેવશ્રી કાનજી સ્વામીમય આપનું જીવન થવા લાગ્યું. સવારે મંદિરમાં વાંચન તથા બપોરે ઘરે સ્વાધ્યાયની નિરંતરતા ચાલુ થઈ ગઈ. પૂ.ગુરુદેવશ્રીના તથા પૂ.ભાઈશ્રી લાલચંદભાઈના જેટલા પ્રવચનો પ્રકાશિત થાય અને આપ તુરત જ તેનો સ્વાધ્યાય ઉંડાણ ને સમજણપૂર્વક કરતા હતા. અવારનવાર સોનગઢ નિવૃતિ અર્થે આપ જતા ને ત્યાં પણ પૂ.ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ ઘણો લીધેલો. શરૂઆતમાં જૈન સિદ્ધાંત પ્રવેશિકા તથા તત્ત્વાર્થસૂત્રથી સ્વાધ્યાયની શરૂઆત આપે કરેલી. મંદિરમાં અજમેરાસાહેબ તથા સુનિલભાઈ પંડિતના સ્વાધ્યાયનો આપ લાભ લેતા.

અંતિમ સમયે આપના શરીરને કેન્સરની બિમારી લાગુ પડેલી પરંતુ તે સમયે પણ સ્વાધ્યાયની મુખ્યતાપૂર્વક આપ કહેતા કે સીમંધર પ્રભુનો સંદેશો આવ્યો છે કે તું તો સમજણનો પિંડ છો તેવા અપૂર્વ-અલૌકિક ભાવોપૂર્વક આપનું દેહ પરિવર્તન થયું છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા અને આત્મિક બળની ઉર્ધ્વતાપૂર્વક આપનું દેહપરિવર્તન થયું હોય આવા સાવધાન મરણવાળા જીવો ક્રમે ક્રમે મોક્ષમાર્ગમાં પ્રયાણ કરી મોક્ષલક્ષ્મીને વરે છે. આપ પણ જ્યાં હો ત્યાં આપના આત્માના સ્મરણપૂર્વક મોક્ષની પ્રાપ્તિ કરો તેવી શ્રદ્ધાંજલિ અમો અર્પીએ છીએ.

**લી.**

**પુત્રી-સ્વાતિબેન કમલેશભાઈ પારેખ**
**જમાઈ-કમલેશભાઈ વી. પારેખ**
**દોહિત્ર-નિરવ પારેખ**
**દોહિત્ર-નિધિ પારેખ**

**પત્ની-સુશીલાબેન વિનોદરાય કોઠારી**
**પુત્ર-બરાસભાઈ વી. કોઠારી**
**પુત્રવધૂ-અલ્પા બરાસભાઈ કોઠારી**
**પૌત્રી-ચેસા તથા સંજના**

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નંઃ- ૨૫૯
## સમયસાર ગાથા નંઃ- ૧૪૨
## તા. :- ૨૨-૨-૯૦

**ततः किम–**

**कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं ।**
**पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो ।। १४२ ।।**

**कर्म बद्धमबद्धं जीवे एवं तु जानीहि नयपक्षम् ।**
**पक्षातिक्रान्तः पुनर्भण्यते यः स समयसारः ।। १४२ ।।**

यः किल जीवे बद्धं कर्मेति यश्च जीवेऽबद्धं कर्मेति विकल्पः स द्वितयोऽपि हि नयपक्षः । य एवैनमतिक्रामति स एव सकलवकल्पातिक्रान्तः स्वयं निर्विकल्पैकविज्ञानघनस्वभावो भूत्वा साक्षात्समयसारः सम्भवति। तत्र यस्तावज्जीवे बद्धं कर्मेति विकल्पयति स जीवेऽबद्धं कर्मेति एकं पक्षमतिक्रामन्नपि न विकल्पमतिक्रामतिः यस्तु जीवेऽबद्धं कर्मेति विकल्पयति सोऽपि जीवे बद्धं कर्मेत्येकं पक्षमतिक्रामन्नपि न विकल्पमतिक्रामतिः यः पुनर्जीवे बद्धमबद्धं च कर्मेति विकल्पयति स तु तं द्वितयमपि पक्षमनतिक्रामन् न विकल्पमतिक्रामति । ततो य एव समस्तनयपक्षमतिक्रामति स एव समस्तं विकल्पमतिक्रामति । य एव समस्तं विकल्पमतिक्रामति स एव समयसारं विन्दति।

પણ તેથી શું ? જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે, -એમ હવે ગાથામાં કહે છે :-

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથાર્થ :- [जीवे] જીવમાં [कर्म] કર્મ [बद्धम्] બદ્ધ છે અથવા [अबद्धं] અબદ્ધ છે - [एवं तु] એ પ્રકારે તો [नयपक्षम्] નયપક્ષ [जानीहि] જાણ; [पुन:] પણ [य:] જે [पक्षातिक्रान्त:] પક્ષાતિક્રાંત (અર્થાત્ પક્ષને ઓળંગી ગયેલો) [भण्यते] કહેવાય છે [स:] તે [समयसार:] સમયસાર (અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ) છે.

ટીકા :- 'જીવમાં કર્મ બદ્ધ છે' એવો જે વિકલ્પ તથા 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો જે વિકલ્પ તે બન્ને નયપક્ષ છે. જે તે નયપક્ષને અતિક્રમે છે (-ઓળંગી જાય છે, છોડે છે), તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો પોતે નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને સાક્ષાત્ સમયસાર થાય છે. ત્યાં (વિશેષ સમજાવવામાં આવે છે કે) - જે 'જીવમાં કર્મ બદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી, અને જે 'જીવમાં કર્મ અબદ્ધ છે' એમ વિકલ્પ કરે છે તે પણ 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી; વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે' એમ વિકલ્પ કરે છે તે, તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો, વિકલ્પને અતિક્રમતો નથી. તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે; જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે - અનુભવે છે.

ભાવાર્થ :- જીવ કર્મથી 'બંધાયો છે' તથા 'નથી બંધાયો' - એ બન્ને નયપક્ષ છે. તેમાંથી કોઈએ બંધપક્ષ પકડ્યો, તેણે વિકલ્પ જ ગ્રહણ કર્યો; કોઈએ અબંધપક્ષ પકડ્યો. તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો; અને કોઈએ બન્ને પક્ષ પકડ્યા, તેણે પણ પક્ષરૂપ વિકલ્પનું જ ગ્રહણ કર્યું. પરંતુ એવા વિકલ્પોને છોડી જે કોઈ પણ પક્ષ ન પકડે તે જ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણી તે-રૂપ સમયસારને-શુદ્ધાત્માને-પામે છે. નયપક્ષ પકડવો તે રાગ છે, તેથી સમસ્ત નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થવાય છે.

આહાહા! નયના વિકલ્પો છૂટે છે ત્યારે શુધ્ધાત્માનો અનુભવ થાય છે. જયાં સુધી નયોના વિકલ્પ છે ત્યાં સુધી અજ્ઞાની છે. આહાહા! ઘણા વર્ષ પહેલાંની વાત કરું છું. એક વેદાંતી મારા મિત્ર હતા. પ્રખર વેદાંતી, પાકા વેદાંતી. આપણે પાકા જૈન. એક વખત, બહુ શરૂઆતની વાત કરું છું. ગુરુદેવનો એટલો પરિચય નહીં. સામાન્ય શરૂઆતની વાત એટલે વર્ષો પહેલાંની વાત. ચાલતાં ચાલતાં એણે એમ કહ્યું, વિકલ્પ છૂટે છે અને નિર્વિકલ્પ થાય છે. ત્યારે ચોંટ લાગી કે આ વાત તો કયાંક સાંભળેલી છે. અમને તો એ વખતે એવું થયું પછી ચોંટી ગયું. વિકલ્પ છૂટે અને નિર્વિકલ્પ થાય છે. મેં તેની સાથે ચર્ચા ન કરી. ઓલું પૂર્વનું સાંભળેલું ને? એટલે એ આવી ગયું. ઘણા વર્ષ પહેલાંની વાત છે.

એટલે આ ગાથામાં એમ જ છે, કે વિકલ્પ છૂટે તો સમયસારને પ્રાપ્ત થાય. પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે. પક્ષ એટલે વિકલ્પ-રાગ. હું નિર્વિકલ્પ છું ત્યાં વિકલ્પ ભાગી જાય. એવું પરિણમન થઇ જાય. હવે ૧૪૨મી ગાથાનો અર્થ.

**જીવમાં કર્મ બધ્ધ છે અથવા અબધ્ધ છે એ પ્રકારે તો નયપક્ષ જાણ.** બધ્ધ છે એવો વિકલ્પ અથવા અબધ્ધ છે એવો વિકલ્પ. એ તો નયના પક્ષ જાણ. એ તો વિકલ્પ છે. **પણ જે પક્ષાતિક્રાંત** એટલે વિકલ્પથી રહિત **પક્ષને ઓળંગી ગયેલો કહેવાય છે તે સમયસાર અર્થાત્ નિર્વિકલ્પ શુધ્ધ આત્મતત્ત્વ છે.** સમયસારનો અર્થ કર્યો નિર્વિકલ્પ શુધ્ધ આત્મતત્ત્વ છે. સમયનો સાર છે ને? સમયનો સાર. એમ હરિગીતમાં સમયનો સાર કહ્યો. ઉપરમાં તો **સમયસારો** એમ છે. **સમયસાર:** સમયનો સાર એનો અર્થ કર્યો. સમયસાર એને કૌંસમાં અર્થ કર્યો. **નિર્વિકલ્પ શુધ્ધ આત્મતત્ત્વ.** એટલે એનો અનુભવ.

અહીંયા સમયસાર દ્રવ્યને પણ કહેવાય અને અનુભૂતિને પણ સમયસાર કહેવાય. અહીંયા સમયનો સાર તો એ છે ને? જેવો શુધ્ધાત્મા છે તેવો અનુભવમાં આવે તેનું નામ સમયસાર છે. આ શાસ્ત્રનું નામ સમયસાર છે. સમયસારના બે અર્થ છે. એક ત્રિકાળી (એટલે) ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત. નમઃસમયસારાય.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમયસારને હું નમસ્કાર કરું છું. સમયસાર એટલે શુધ્ધાત્મા.

શુધ્ધાત્માની વ્યાખ્યા કરતાં એમ કહ્યું કે ભાવકર્મથી રહિત હોય-રાગથી એનું નામ શુધ્ધાત્મા છે. ત્રિકાળી દ્રવ્યને નમસ્કાર કરું છું ત્યાં એ ત્રિકાળી દ્રવ્યનું નામ સમયસાર અથવા ઉપાદેય. સમયસાર એટલે ઉપાદેય એવો અર્થ કર્યો છે. સાર એટલે ઉપાદેય એવો અર્થ કર્યો છે. સમયસાર છે એ ત્રિકાળી દ્રવ્ય છે. હવે અહીંયા પક્ષાતિક્રાંત જયારે થાય છે એ સમયસાર છે. એનું નામ પણ સમયસાર છે. દ્રવ્યનું નામ પણ સમયસાર અને અનુભૂતિનું નામ પણ સમયસાર.

અનુભૂતિ કહો કે સમયસાર કહો. (અપરિણામી પણ સમયસાર અને પરિણામી પણ સમયસાર છે.) પરિણામી પણ સમયસાર છે. આહાહા! ધ્યેય પણ આત્મા અને જ્ઞેય પણ આત્મા. **પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે સમયસાર.** વિકલ્પ તૂટીને અનુભવ થયો ત્યારે ખરેખર સમયસાર થયો. જે દ્રવ્યમાં હતો તે પર્યાયમાં આવ્યો. શુધ્ધતા દ્રવ્યમાં ભરી હતી તે પર્યાયમાં શુધ્ધતા આવી ગઇ એમ.

**ટીકા:- જીવમાં કર્મ બધ્ધ છે એવો જે વિકલ્પ** એટલે જીવ સામાન્ય નહીં પણ જીવ વિશેષ. અનાદિકાળથી અજ્ઞાનરૂપ જે પર્યાય છે તેની સાથે કર્મનો સંબંધ થયો છે. સામાન્ય જીવની સાથે તો કર્મનો સંબંધ એ જ વખતે નથી એટલે કહે છે કે અબધ્ધ છે. એક પડખેથી જુઓ તો બંધાયેલો દેખાય છે પર્યાય દષ્ટિથી, પર્યાયાર્થિકનયથી જુઓ, પર્યાયના ધર્મથી જુઓ, પર્યાયના ધર્મથી જુઓ તો બંધાયેલો દેખાય છે. એવો એક વિકલ્પ ઊઠે છે ખરો. આહાહા!

**અને જીવમાં કર્મ અબધ્ધ છે**. જીવમાં કર્મ અબધ્ધ છે એટલે ત્રણે કાળ ભગવાન જે આત્મા સામાન્ય પડખું છે તે અબધ્ધ રહેલું છે, મુકત રહેલું છે **એવો જે વિકલ્પ તે બન્ને નયપક્ષ છે**. આહાહા! કોઇ કહે એ બે વિકલ્પ છે. એ બે વિકલ્પ જે છે એ સાચા છે કે ખોટા છે? કોઇ એમ કહે પર્યાયધર્મથી જોતાં કર્મનો બંધ છે અને દ્રવ્યસ્વભાવથી જોતાં કર્મનો બંધ નથી. એ બેય નયપક્ષમાં છે. એમાં એને કોઇ આત્મલાભ ન થાય. આ તો આત્મલાભ થાય એની વાત ચાલે છે.

શુધ્ધાત્માનો અનુભવ થાય પછી કર્મનો જે બંધ થાય એવા પરિણામ એ ખરેખર આત્માના નથી. કેમકે અનુભૂતિને આત્મા કહ્યો, પર્યાયને.

આગમ પધ્ધતિથી નહીં પણ અધ્યાત્મ પધ્ધતિથી વાત ચાલે છે. જયારે બેય પ્રકારના વિકલ્પ તૂટે છે ત્યારે સ્થિતિ શું છે? કે ત્યારે દ્રવ્ય પણ શુધ્ધ અને પર્યાય પણ શુધ્ધ. દ્રવ્ય અબંધ અને પર્યાય પણ અબંધ. સંવર નિર્જરાના પરિણામ એ મોક્ષ છે. એમાં ભાવબંધ નથી માટે એને દ્રવ્યબંધ પણ લાગુ પડતો નથી. એના નિમિત્તે નવો બંધ થતો નથી. પૂર્વનો બંધ હતો તે છૂટી ગયો. દ્રવ્યકર્મ પણ અંશે છૂટયું અને ભાવકર્મ પણ અંશે છૂટયું છે. એટલે વિકલ્પ છૂટતાં કારણ તત્ત્વ અને કાર્ય તત્ત્વ બેય શુધ્ધ છે.

પછી સવિકલ્પ દશામાં આવતાં જાણકારીની અપેક્ષાએ જો વિચાર કરે તો હજી કર્મનો સંબંધ છૂટયો નથી. દષ્ટિમાંથી છૂટયો છે અને દશામાંથી છૂટયો નથી. એમ જાણે છે. એમ એણે જાણી લીધું કે આઠ કર્મનો સંબંધ હજી છે. બારમા ગુણસ્થાન સુધી આઠ અને તેરમા ગુણસ્થાને ચાર કર્મનો સંબંધ છે એ સંબંધ છે એમ તો જ્ઞાની જાણે છે. પણ કાર્યસિધ્ધિ આમાં થઇ ગઇ છે. એટલે પર્યાય પણ મુકત થઇ ગઇ. આ બે પ્રકારે જાણીને અટકે તો એમાં આત્મલાભ ન થાય. બે પ્રકારના વિકલ્પ છૂટી અને અનુભવ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન કહેવાય.

**જે તે નયપક્ષને અતિક્રમે છે (-ઓળંગી જાય છે, છોડે છે), તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો,** આ બધા નયોના પ્રયોગને વિકલ્પ કહેવાય. નય પોતે વિકલ્પાત્મક છે. એટલે **સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો પોતે નિર્વિકલ્પ,** હવે જુઓ! વિકલ્પની સામે નિર્વિકલ્પ પર્યાય લીધી.

એક વિકલ્પ છે એ અજ્ઞાનમય પરિણામ છે અને નિર્વિકલ્પ છે એ જ્ઞાનમય પરિણામ થયા. બેય પર્યાય છે. એક વિકલ્પ છે એ આસ્ત્રવ છે અને નિર્વિકલ્પ છે એ સંવર છે. નિર્વિકલ્પ થયો એટલે સંવર થઇ ગયો. આસ્ત્રવનો નિરોધ થઇ ગયો ને? આસ્ત્રવનું રોકાવું તેનું નામ નાસ્તિથી સંવર. તો વિકલ્પને એણે છોડયો એટલે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આસ્રવને છોડયો એટલે રાગની એકતાબુધ્ધિ તૂટી ગઇ. સમજી ગયા! એક પક્ષ હતો. એક પક્ષ હતો જે, એ પક્ષ નીકળી ગયો એમ.

હું બદ્ધ છું એવો વ્યવહારનો પક્ષ અને હું અબદ્ધ છું એવો નિશ્ચયનો પક્ષ એ બેય વિકલ્પ એક સાથે એક સમયમાં જાય છે. એક વિકલ્પ છૂટે અને બીજો વિકલ્પ રહે તેમ નથી. એમ સમજો કે વ્યવહારનયે કર્મથી બંધાણો છું એવો એક વિકલ્પ હતો. સમજી ગયા! હવે એ વિકલ્પને એણે વિકલ્પ દ્વારા છોડયો. નિશ્ચયના વિકલ્પે વ્યવહારનો નિષેધ કર્યો. એક વિકલ્પે બીજા વિકલ્પનો નિષેધ કર્યો પણ છે વિકલ્પ જ. નિશ્ચયનયથી એમ જાણ્યું કે ઓહો! હું તો અબદ્ધ છું, હું બંધાયેલો જ નથી ને! એટલે પર્યાય ઉપરથી નજર છોડી, પર્યાય ઉપર નજર હતી ત્યાં સુધી બંધાયેલો હતો એવો વિચાર આવ્યો હતો. વિચાર. પછી એ વિચાર ખસી ગયો એને ગૌણ કરી નાખ્યો. અને દ્રવ્યને જોવા માંડયો દ્રવ્યને. દ્રવ્યને જુએ છે તો ઓહોહો! દ્રવ્ય તો ત્રણેકાળ અબદ્ધ. હું કર્મથી બંધાયેલો નથી એવો એક એને વિકલ્પ ઉઠયો. સમજી ગયા! પણ છે વિકલ્પ, છે આસ્રવ.

હું અબદ્ધ છું અને મુકત છું એ સંવર નથી. જેવું સ્વરૂપ છે એવો વિચાર આવે છે તો એ વિચારમાં અનુભવ ન થાય. વિચાર આત્માથી દૂર છે મને દેખાતો નથી. નક્કર ભૂમિમાં વિચાર નથી. આહા! એ આ કહે છે. તમામ પ્રકારના બેય પ્રકારના વિકલ્પ જાય છે. એક વિકલ્પ રહે અને એક જાય છે એમ નથી. સકળ શબ્દ કહ્યો છે. સકળ કહેવા પાછળ એમ કહે છે કોઇ વિકલ્પ, નિશ્ચયનયનો વિકલ્પ પણ રહેતો નથી. એમ કહે છે. એટલે સકળ શબ્દ વાપર્યો. દ્રવ્યનો, ગુણનો, પર્યાયનો કોઇ પણ પ્રકારનો વિકલ્પ એમ. વિકલ્પ નામે પણ દૂર થઇ ગયો છે. સમજાણું?

મુમુક્ષુ :- જયારે નિશ્ચયનો વિકલ્પ આવે છે ત્યારે વ્યવહારનો વિકલ્પ ક્ષય થઇ જાય છે કે ગૌણ થાય છે?

ઉત્તર :- ગૌણ થાય છે. ક્ષય નથી થતો. ક્ષય નથી થતો. કેમકે રાગ અને દ્વેષ એક સાથે ક્ષય થાય છે. રાગ રહી ગયો અને દ્વેષનો ક્ષય થઇ ગયો. (એમ નથી).

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિષેધનો દ્વેષ આવ્યો હતો ને? હું બંધાયેલો નથી. એ દ્વેષ હતો. હવે તું કહે કે રાગ આવ્યો તો દ્વેષનો ક્ષય થયો. તો કહે ન થાય. બેય એક સાથે ક્ષય થાય.

મુમુક્ષુ :- આપે કહ્યુંને કે બેય વિકલ્પ એક સાથે જાય છે.

ઉત્તર :- (બેય વિકલ્પ) એક સાથે જાય છે. એનો પ્રશ્ન ઠીક છે. કે નિશ્ચયના પક્ષમાં આવ્યો ત્યારે વ્યવહારના પક્ષનો અભાવ થયો કે વ્યવહારનો પક્ષ અંદર હજી અવ્યકત રહી ગયો છે? એમ પ્રશ્ન થયો.

એનો પ્રશ્ન એમ થયો કે જયારે નિશ્ચયનય વડે વ્યવહારનો નિષેધ કર્યો, સમજાણું? તો નિષેધ થઇ ગયો તો તો એ તો ક્ષય થઇ ગયો ને? વિકલ્પ ગયો કે નહીં. નથી ગયો. એ વિકલ્પ દબાઇ ગયો છે. ક્ષય નથી થયો. હજી જીવતો છે. ફરીથી જો વિચાર કરે, અનુભવ ન ટકે તો પાછો વિકલ્પ આવશે. આવે જ.

મુમુક્ષુ :- બહુ માર્મિક વાત છે.

ઉત્તર :- હા, માર્મિક. એટલે તો વાત કરીને? કે સૂક્ષ્મ લેવું છે. મેં કહ્યું'તું. બહેન આવ્યા પછી સૂક્ષ્મ લેવું છે. વધારે સૂક્ષ્મ આવશે. એટલે એ વખતે ન લેવું એમ ન હતું. ટાઇમ પણ ઘણો થઇ ગયો હતો. પછી મેં કહ્યું આ ગાથા જરા સૂક્ષ્મ છે. આ ૧૪૨ ને ૧૪૩ ગાથા મોસ્ટ ઇમ્પોર્ટન્ટ છે. ૧૪૧માં તો એણે થોડો ચાર લીટીમાં સિધ્ધાંત કહ્યો છે. સમજી ગયા!

પણ બેતાલીસ અને તેતાલીસ, બેતાલીસ પ્રયોગની છે, બેતાલીસમાં અનુભવ થાય છે. તેતાલીસમાં અનુભવીની સવિકલ્પ-નિર્વિકલ્પ બે દશાનું જ્ઞાન કરાવે છે તેતાલીસમાં. અને ચુમાલીસમાં ફરીથી એકડે એકથી અનાદિ મિથ્યાદષ્ટિ જીવે પ્રથમ શું કરવું અને પછી શું કરવું એની આખી પ્રોસેસ આખા કર્તા-કર્મ અધિકારનો સાર એકસો ચુમાલીસમી ગાથામાં કહ્યો. વાંચેલું બધું ભૂલાઇ ગયું હોય તો? તો એક ગાથા બસ છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. એટલું એકસો ચુમાલીસમાં આવશે. આહા! બેતાલીસમાં અનુભવની પ્રોસેસ છે અને

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બેતાલીસમાં અનુભવ થઇ જાય છે. એકસો બેતાલીસ હોં! એકસો બેતાલીસમાં અનુભવ થઇ જાય છે. સમયસાર લખ્યું ને? **'પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે.'** છે કે નહીં? હેં? અનુભવ થઇ ગયો. હવે સાધક થઇ ગયો. સાધક થયો પણ પરમાત્મા ન થયો. સાધક થયો પણ પરમાત્મા ન થયો. એટલે એકસો તેતાલીસ ગાથા આવી. જેને સવિકલ્પ અને નિર્વિકલ્પ બે દશા હોય છે.

મુમુક્ષુ :- એટલે એને એકસો તેતાલીસમી ગાથા આપવી પડી કે હજી પૂરો પરમાત્મા નથી થયો.

ઉત્તર :- નથી થયો.

એટલે એને હજી નયોના વિકલ્પ ઊઠે છે. દ્રવ્યના ને પર્યાયના ને પ્રમાણના. પણ એને જાણવાનો ઉત્સાહ મરી ગયો છે. કર્તાબુધ્ધિ તો ગઇ છે પણ એને જાણવાનો ઉત્સાહ નથી. ઉત્સાહ નિવૃત્તિ ગયો. આહાહા!

એકસો બેતાલીસ તેતાલીસમાં સવિકલ્પ દશા છે. એકસો બેતાલીસમાં તો ચોખ્ખો જે નયોના જ્ઞાનમાં આવી ગયો અને નયોના પક્ષમાં રોકાઇ ગયો છે. (તે વાત કરે છે.)ભલે વ્યવહારનયના પક્ષને આમ વિકલ્પથી અતિક્રમ્યો. ભલે એને ગૌણ કરીને એના ઉપરનો સર્વથા એ તો ખોટું જ છે. કર્મથી બંધાણો છું એ તો સર્વથા ખોટું અને કર્મમાં બંધાણો નથી એ સર્વથા સાચું. એમ લાગ્યું. એક સર્વથા ખોટું અને એક સર્વથા સાચું. પણ બેય વિકલ્પ છે. સર્વથા ખોટાનો વિકલ્પ અને સર્વથા સાચો છું, આ નય સાચું કહે છે. વસ્તુના યથાર્થ સ્વરૂપને બતાવે છે. અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે એવા અર્થને નિશ્ચયનય બતાવે છે. નિશ્ચયનય સત્યાર્થ છે. પણ બેય વિકલ્પ છે. આહાહા!

મુમુક્ષુ :- એમાં સાધ્યની સિધ્ધિ નથી.

જુઓ! બહેન! પહેલાં બે લીટી કહી. એમાં **જીવમાં કર્મ બધ્ધ છે** એવો જે વિકલ્પ તથા **જીવમાં કર્મ અબધ્ધ છે** એવો જે વિકલ્પ તે બન્ને નયપક્ષ છે. હેં? બન્ને નયપક્ષ છે ને? કે એક જ્ઞાન છે અને એક નયપક્ષ છે? **બન્ને નયપક્ષ**

**છે**. થયું? હવે આગળ વાંચો.

**જે તે નયપક્ષને અતિક્રમે છે,** હેં? બન્નેને અતિક્રમે છે. આવ્યું ને? હેં? એક સમયમાં અતિક્રમે. આહાહા! પાપ છોડે અને પુણ્ય રહી જાય એમ ન હોય. એક સાથે પુણ્ય-પાપ જાય. **ઓળંગી ગયા છે તે જ**. જુઓ! **તે જ.** અહીંયા અનુભવ થઇ ગયો. **તે જ સકળ વિકલ્પને છોડતો થકો, અતિક્રમ્યો થકો, આસ્રવને છોડતો થકો, આસ્રવનો વ્યય અને પોતે નિર્વિકલ્પ.** આહાહા! આત્મા હવે નિર્વિકલ્પ થયો. વિકલ્પ છોડયો. આ બેય પર્યાય છે. એક આસ્રવ અને એક સંવર. આસ્રવનો વ્યય અને સંવરનો ઉત્પાદ. સમય એક. વ્યયનો સમય એક ઉત્પાદનો સમય એક અને ઉત્પાદનો આશ્રય ધ્રુવ. એનો સમય પણ એક.

એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ છે. આહાહા! કોનો વ્યય થયો? કહે આસ્રવનો. શેનો ઉત્પાદ થયો? તો કહે સંવરનો. એ સંવરના ઉત્પાદે કોને સિધ્ધ કર્યો? તો કહે ત્રિકાળી દ્રવ્યને, ધ્રુવને. ધ્રુવને આશ્રયે સંવર થાય. કેમકે નિર્વિકલ્પ ઘ્યાન ધ્રુવને આશ્રયે થાય. સામાન્યને આશ્રયે વિકલ્પ ન હોય, નિર્વિકલ્પ ઘ્યાન હોય. વિશેષના લક્ષે વિકલ્પ હોય. આહાહા! માટે **તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો પોતે આત્મા નિર્વિકલ્પ** હજી આગળ **એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઇને,** આ એકમેક થઇ ગયો. આ પર્યાયથી એકમેક. નિર્મળ પર્યાયથી એકમેક થઇ ગયો.

**વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઇને સાક્ષાત સમયસાર થાય છે.** સાક્ષાત શુધ્ધાત્માનો અનુભવ થાય છે. ઓમાં પરોક્ષ અનુભૂતિ હતી. નયોમાં પરોક્ષ અનુભૂતિ હતી.

મુમુક્ષુ :- બેય રાગ-દ્વેષ છે તે સાથે જ જાય છે.

ઉત્તર :- અનંતાનુબંધીનું જોડકું છે ને? એક સાથે જાય. આમ સવિકલ્પ દશામાં મુખ્ય-ગૌણ હોય પણ નિર્વિકલ્પ ઘ્યાનમાં એકસાથે છૂટી જાય. પહેલું એક જાય અને પછી બીજા સમયે બીજું જાય (એમ ન હોય) એક સાથે બેય જાય.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિર્વિકલ્પ ધ્યાન આવે ત્યારે વિકલ્પ ઉત્પન્ન જ ન થાય. આહાહા! ગમે તેવા પ્રતિકુળ સંયોગમાં આત્માનો અનુભવ થાય. એના ઉપયોગને કોઇ બહારના પ્રતિકુળ સંયોગ હણી શકતા નથી ભાઇ! બહેન. આહાહા!

શ્રેણીક મહારાજા મહિને-બે મહિને, પાંચ-પંદર દિવસે અનુભવ કરે છે. કેટલી પ્રતિકુળતા ખબર છે? આખો દરિયો તમે પાઇ દયો, સ્વયંભૂરમણ સમુદ્ર હો આખો મોટો, (તોપણ તરસ ન છીપે.) આખી દુનિયાનું અનાજ ખવડાવે (તોપણ) ભૂખ ન મટે. એવા બહારના સંયોગ વખતે પણ અંદર ડૂબકી મારી લ્યે છે.

મુમુક્ષુ :- એક વાર ઘર જોઇ લીધું છે ને? એટલે એને ત્યાં જ રુચે છે, બીજે રુચતું નથી. પ્રેકટીસ નથી એટલે સ્થિર નથી થવાતું.

ઉત્તર :- માટે બહારના સંયોગ આગળ કરવાથી પુરુષાર્થ ઢીલો થઇ જાય છે. બહારના સંયોગથી જોવાથી પછી અનુકુળ હોય કે પ્રતિકૂળ.

મુમુક્ષુ :- અને એની સાથે કાંઇ સંબંધ નથી અને આપણે કાંઇ ફેરફાર કરી શકવાના નથી. શું જોવું?

ઉત્તર :- આપણે ફેરફાર કરી શકવાના હોય તો તો બરાબર છે. એ તો કાંઇ થવાનું નથી. પછી આપણે શું કામ છે?

સાક્ષાત સમયસાર કેમ કહ્યું? પહેલાં પરોક્ષ અનુભૂતિ હતી. એમાં દેવસેનઆચાર્યમાં આવે છે કે નિશ્ચયનયથી પરોક્ષ અનુભૂતિ થાય છે. અથવા નિર્ણય થાય ત્યારે જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે. જાણનારો જણાય છે એવો કોઇ અપૂર્વ પક્ષ આવે ને ત્યારે તેને પરોક્ષ અનુભૂતિ કહેવાય છે અથવા તેને સવિકલ્પ સ્વસંવેદન કહેવાય. સમજી ગયા! પણ તેમાં સમ્યગ્દર્શન નથી. સમ્યક્‌ની સન્મુખ છે. સમ્યગ્દર્શન નથી. એ વિકલ્પ છે. એ માનસિક વિચાર છે. એનો આત્મામાં અભાવ છે. એ ચક્ર નથી. ચક્ર આત્મામાં કયાં છે? સ્થિરમાં અસ્થિરભાવ હોય કાંઇ? આત્મા સ્થિર છે. આહાહા!

આ અનુભવની કળા ને વિધિ છે. છેલ્લા નયોના વિકલ્પો. તેને ભલે આ નય

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કે કહેવાય કે નહીં એ ખબર ન હોય. પણ નયોના જ વિકલ્પ છેલ્લા હોય. છેલ્લો અસ્તિનો વિકલ્પ હોય. છેલ્લો વિકલ્પ નાસ્તિનો ન હોય. રાગ મારામાં નથી એમાં અનુભવ ન થાય. હું પરને જાણતો નથી એમાં અનુભવ ન થાય. જાણનાર જણાય છે. અસ્તિ, છે વિકલ્પ. પણ એ જોરમાં ને જોરમાં વિકલ્પ તૂટી જાય છે.

મુમુક્ષુ :-વિકલ્પ આપોઆપ છૂટી જાય છે.

ઉત્તર :- આપોઆપ છૂટી જાય છે બસ.

મુમુક્ષુ :- જેવું સ્વરૂપ છે એવું ભાસે છે તો વિકલ્પ આપોઆપ તૂટી જાય છે.

ઉત્તર :- જેવી રીતે આપોઆપ ઉત્પન્ન થતાં હતા તેવી રીતે આપોઆપ જાય છે. ઉત્પન્ન પણ આપોઆપ કોઇના આધાર વિના અધ્ધરથી (થતા હતા.) આત્મા તેનો કરનાર નહોતો એટલે આત્મા ટાળનાર પણ નથી. આપોઆપ જાય છે.

મુમુક્ષુ :- આત્મા તેનો જાણનાર પણ નથી.

ઉત્તર :- આત્મા જાણનાર પણ નથી. અરે જાણનાર જણાય છે એવા વિકલ્પમાં પણ જાણનાર જણાતો નથી.

હેં? આહાહા! એ તો નયપક્ષ છે. તેથી શું પણ? શુધ્ધનયનો પક્ષ આવ્યો, જ્ઞાનની પર્યાયના નિશ્ચયનો વિકલ્પ આવ્યો. તેથી શું? જાણનાર જણાય છે એ જ્ઞાનની પર્યાયના નિશ્ચયનો વિકલ્પ અને હું અકર્તા છું એ દષ્ટિના વિષયનો વિકલ્પ, દ્રવ્યનો વિકલ્પ. જેવું દ્રવ્ય છે એવું પણ વિકલ્પ છે. આહાહા! એમાં કાંઇ નથી. હેં?

મુમુક્ષુ :- સારી વાત છે. બેયનો વિકલ્પ પહેલાં આવે છે. દષ્ટિના વિષયનો પણ વિકલ્પ આવે છે અને જ્ઞાનની પર્યાયના નિશ્ચયનો વિકલ્પ આવે છે.

ઉત્તર :- આવે છે, આવે છે. વિકલ્પ આવે છે.

મુમુક્ષુ :- ભાઇ કહે છે વિકલ્પ છે ત્યારે તેથી શું? કહે છે. એટલે દુઃખ લાગવું જોઇએ કે આ વિકલ્પ છે. આનંદનો અનુભવ નથી.

ઉત્તર :- એ ટાઇમે દુઃખ નથી લાગતું. દુઃખ યાદ પણ નથી આવતું. એ પ્રોસેસ પ્રેમચંદભાઇ જુદી છે. તમે આજે સાંભળો. આજની જે વાત છે એ એકદમ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શાંતિથી સાંભળો. પછી એ પૂરું થાય ને પછી કાંઇ પૂછવું હોય તો વિચાર કરશું. આજની વાત જુદા પ્રકારની છે.

નાસ્તિનો વિકલ્પ છૂટી જાય છે. પછી અસ્તિનો વિચાર ત્વરિત આવ્યો કે અકર્તા છું, કર્તા નથી. એવો વિકલ્પ આવે. આહાહા! દ્રવ્યના નિશ્ચયનયના પક્ષનો વિકલ્પ. દ્રવ્યનો નિશ્ચયનય. દ્રવ્યનો નિશ્ચયનય એના પક્ષનો વિકલ્પ આવ્યો કે હું સામાન્ય જ છું, દ્રવ્ય જ છું, અકર્તા જ છું એમ. હું જ્ઞાયક જ છું. દ્રવ્યનો વિકલ્પ. આહાહા! એ વખતે આ જે વિકલ્પ ઊઠે છે એ મને દુઃખરૂપ છે એમ નથી. કેમકે બેન! વિકલ્પ જાવાની જયારે તૈયારી હોય છે ત્યારે દુઃખ યાદ નથી આવતું. એ તો સુખમય આત્મા તેના લક્ષમાં ઘોળાય છે. એના લક્ષમાં એ વખતે આ ઘોળાય છે. આહાહા!

દુઃખનું તો વિસ્મરણ છે. આહા! સુખમય આત્મા છું એવા વિકલ્પના વિસ્મરણનો હવે કાળ આવી ગયો છે. હેં? આહાહા! હું સુખમય છું. હેં? એનો વિચાર સાચો છે. પણ વિકલ્પ છે. આહાહા!

મુમુક્ષુ :- તે સમયે તેને વિકલ્પની જરાય મુખ્યતા નથી.

ઉત્તર :- વિકલ્પ જણાતો જ નથી. તું હમણાં બોલી કે વિકલ્પ જણાતો જ નથી. સવિકલ્પમાં વિકલ્પના કાળે વિકલ્પ જણાતો નથી. જાણનાર જણાય છે લે. એવું તો અંદરમાં જોર આવે છે. આહાહા! અંદર ધસારો જાય છે અંદરમાં. આહાહા! ત્યારે વિકલ્પ પણ જણાતો નથી. વિકલ્પ જણાતો નથી માટે વિકલ્પ તૂટી જાય છે. આ વિકલ્પ મને ઊભો થયો તો અનુભવ નહીં થાય. એ વિકલ્પ એનું જ્ઞેય થઇ ગયું. કર્મ થઇ ગયું.

વિકલ્પ હોવા છતાં, આહા! વિકલ્પ કર્તાનું કર્મ દેખાતું નથી અને જ્ઞાનનું જ્ઞેય દેખાતું નથી. આહાહા! છેલ્લા ટાઇમની સ્થિતિની વાત છે. અનુભવ થાય ત્યારે અંતર્મુહૂર્તમાં આ મિનિટ બે મિનિટની વાત છે. આ કાંઇ અડતાલીસ મિનિટની વાત નથી. છેલ્લા ટાઇમની વાત છે. આહા! આ વિકલ્પ દેખાય એ ટાઇમે? તો તો પરોક્ષ

અનુભૂતિ નથી. નિલમ! આજની વાત સાંભળજે. કે વિકલ્પ દેખાય છે, વિકલ્પ થયો, વિકલ્પ ઉઠયો, વિકલ્પ ઉઠયો, વિકલ્પ ઉઠયો, તો પરોક્ષ અનુભૂતિ નથી તો પ્રત્યક્ષ અનુભૂતિ કયાંથી થાય? આ તો પરોક્ષ અનુભૂતિ થાય અને જાય અને પ્રત્યક્ષ અનુભવ થાય એનો સંધિ કાળ છે આ. આ સંધિ કાળની વાત છે. આજ થોડી સૂક્ષ્મ વાત છે. અનુભવની.

મુમુક્ષુ :- બરાબર છે. સાચી વાત છે અને એ જ સાંભળવા જેવી છે.

ઉત્તર :- આ વાત સાંભળવા જેવી છે. એમાં તમારું હિત છે.

ભગવાનઆત્મા સ્મરણમાં આવે છે. આહાહા! બીજું કાંઇ દેખાતું જ નથી ને. વિકલ્પ થાય છે કે નથી થતો એ જાણતો જ નથી. એને વિકલ્પ ઉપર નજર જ નથી. સવિકલ્પમાં નિર્વિકલ્પ છે લે.

મુમુક્ષુ :- બરાબર બરાબર!

ઉત્તર :- સવિકલ્પમાં નિર્વિકલ્પ છે. આહાહા! બહેન!

એમ થાય છે ને? એમ છે ને?

મુમુક્ષુ :- હા, એમ જ છે. સાહેબ! બહુ સરસ! સવિકલ્પમાં પણ નિર્વિકલ્પ જેવો જ છે.

ઉત્તર :- સાક્ષી મળી ગઇ. આહાહા! બહેને ન કહ્યું? વિકલ્પને એ ટાઇમે જાણતો નથી. વિકલ્પ યાદ નથી આવતો. મને આ શુધ્ધાત્માનો વિકલ્પ આવ્યો આજ. અત્યારે ચાલે છે એમ ન હોય. એમ હોય કોઇ દિ'? તો તો વિકલ્પ મુખ્ય થઇ ગયો. અને એ વખતે શુધ્ધાત્મા ગૌણ થઇ ગયો. નહીં. નહીં. નહીં. આહાહા! એનું તો વિસ્મરણ થાય છે. આ સ્મરણમાં એ ઉત્પન્ન જ ન થાય. એનો અનુભાગ એકદમ ઘટતો જાય છે. સમજી ગયા! એકદમ એનો અનુભાગ ઘટે છે વિકલ્પનો. આહાહા!

મુમુક્ષુ :- આવે છે ને કે જેમ જેમ સમ્યકત્વ થતું જાય છે તેમ તેમ મિથ્યાત્વ ગળતું જાય છે.

ઉત્તર :- (મિથ્યાત્વ) ગળતું જાય છે. એમ છે આ. કેમકે આ જે પ્રોસેસ છે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને એ જયારે અંદર જાય છે એ જ્ઞાન ભગવાનનો ભેટો કરવા જાય છે ને? જ્ઞાન જયારે ભેટો કરવા જાય છે ત્યારે વિકલ્પ ગળતો જાય છે. વિકલ્પ ગળે છે. મંદ અને મંદતમ થઇને ક્ષય થઇ જાય છે, ખલાસ! અને નિર્વિકલ્પ ધ્યાન એક નવું પ્રગટ થાય છે બસ. એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એનું નામ અનુભૂતિ, એનું નામ સમ્યગ્દર્શન થયું બસ. આહાહા!

આ ગાથા અનુભવની છે. આ કોના માટે છે કે જે શાસ્ત્રથી બે નયના સ્વરૂપને જાણે છે, જાણ્યું છે અને તેને નિશ્ચયનયની અધિકતા પણ આવી છે. એવો એક જીવ લીધો છે. સમજી ગયા ને! વ્યવહારનયને તો પહેલેથી ગૌણ કરાવતા આવે છે. એ તો જૂઠું છે. સમજી ગયા! નિશ્ચયનય સત્યાર્થ છે. એટલે એના પક્ષમાં આવેલો જીવ તેને વિધિ બતાવે છે કે તું અહીંયાં સુધી આવ્યો છો પણ એ વિકલ્પ છોડવા જેવો છે. એ વિકલ્પથી પ્રત્યક્ષ આત્માનો અનુભવ થતો નથી. આહાહા!

**તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો,** આહાહા! વિકલ્પનો વ્યય અને નિર્વિકલ્પનો ઉત્પાદ. આહાહા! સમય એક.

મુમુક્ષુ :- સહજ ઉત્પાદ.

ઉત્તર :- સહજ ઉત્પાદ થાય. આહા! આપોઆપ નિર્વિકલ્પ પણ આપોઆપ. આહાહા! સહજ. સહજ સાધ્ય છે, યત્ન સાધ્ય નથી. સહજ સાધ્ય છે. સહજ એટલે એને પણ ખબર ન હોય કે અત્યારે અનુભવ થશે.

મુમુક્ષુ :- વિકલ્પ તૂટી જશે.

ઉત્તર :-હા, વિકલ્પ તૂટશે ને મને આનંદ આવશે ને, હમણાં સમ્યગ્દર્શન થશે અથવા સમ્યગ્દષ્ટિ થયા પછી પણ વખતો વખત આનંદ આવતો હોય તો હમણાં આવશે એવું કાંઇ એને ખબર પડે? (નહીં). આહાહા! એને કોલ ન જોડવો પડે. એ તો એકાએક તત્ત્વનો વિચાર ઉગ્રતા આવી ગઇ અને ઉપયોગ અંદર ઢળી જાય. થઇ રહ્યું. આહાહા!

બધું સત અહેતુક સહજ છે. બધું સહજ છે. આહાહા! સહજમાં વીતરાગતા

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સહજ શબ્દ એવો છે વીતરાગતા છે. વીતરાગતા વાચક. સહજ શબ્દમાં બહુ માલ છે. સમજી ગયા! મધ્યસ્થ કહો કે સહજ કહો. મધ્યસ્થમાં જ્ઞાતા છે અને સહજમાં વીતરાગતા છે. ઓમાં જ્ઞાતા, જ્ઞાતાનું વાચ્ય છે એમાં. મધ્યસ્થતામાં જ્ઞાતા છે. જ્ઞાતા છે. કોઇ પક્ષ નથી. અને સહજમાં વીતરાગતા છે. આહાહા! (મુમુક્ષુ :- આ એકલું અકર્તાપણું લાગે છે.) ઉત્તર :-થાય છે બસ. થયું. થઇ ગયું આમ બસ. એકાએક થાય છે.

પદ્મનંદી આચાર્યએ એક ગાથા લખી છે. એકાએક થાય છે. આહાહા! એકાએક એટલે સહજ. હમણાં હું ધ્યાનમાં બેસું અને નિર્વિકલ્પ ધ્યાન કરું એવું કયાં એમાં છે?

મુમુક્ષુ :- એ તો કર્તાબુધ્ધિ છે.

ઉત્તર :- હા, એ તો કર્તાબુધ્ધિ છે. એ હોય? સહજમાં હોય કાંઇ?

મુમુક્ષુ :- એટલે તમે આ કહ્યું એ સાચી વાત છે. જાણનારના પક્ષમાં જયારે આવે છે ત્યારે તેને આત્માના આનંદનો અનુભવ કરવાનો જે પ્રેમ છે ને એમાં વિકલ્પ છે છતાં એને વિકલ્પ ગૌણ થઇ ગયો છે.

ઉત્તર :- હં.... વિકલ્પ દેખાતો નથી.

મુમુક્ષુ :- દેખાતો નથી.

ઉત્તર :- હવે વિકલ્પ દેખાતો નથી તો દુ:ખ કયાંથી દેખાય?

મુમુક્ષુ :- દુ:ખ ન દેખાય. બરાબર છે. મેં આમ લીધું કે આનંદનો અનુભવ લેવા માટે અહીંયાં જયાં રોકાણો છે ને, ત્યાં તેને ચેન નથી પડતું.

ઉત્તર :- ચેન નથી પડતું નહીં. ચેનમાં આવી ગયો છે. એ જુદું છે આખું. ચેન નથી પડતું એ શબ્દ અત્યારે કાઢી નાખો. અત્યારે કાઢી નાખો.

મુમુક્ષુ :- બરાબર છે. અત્યારે આનંદ જોઇએ છે. આ બહુ સરસ વિષય આવી ગયો. બહુ ભાઇએ  ખુલાસો સરસ કર્યો.

**તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો પોતે નિર્વિકલ્પ,** પર્યાય. દ્રવ્ય

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો નિર્વિકલ્પ છે પર્યાય નિર્વિકલ્પ. પર્યાયમાં વિકલ્પ હતો તે છૂટયો. નિર્વિકલ્પનો ઉત્પાદ. **એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઇને** એકાકાર થઇ ગયો. જ્ઞાન અને જ્ઞાયક એક થઇ ગયું. વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઇને, થવું-થાય એ તો પર્યાયમાં હોય ને? પર્યાય સહિત દ્રવ્ય લીધું જ્ઞેય. સમજી ગયા! જ્ઞેય થયું. થઇને. સાક્ષાત સમયસાર થાય છે. આહાહા! જે પરોક્ષ અનુભૂતિ હતી તે પ્રત્યક્ષ થઇ ગયું. એક સેકન્ડ પહેલાં પરોક્ષ. એક સેકન્ડ પહેલાં પરોક્ષ એક સમય પહેલાં પરોક્ષ બીજા સમયે પ્રત્યક્ષ. પરોક્ષનો વ્યય પ્રત્યક્ષનો ઉત્પાદ, વિકલ્પનો વ્યય નિર્વિકલ્પનો ઉત્પાદ, આસ્રવનો વ્યય સંવરનો ઉત્પાદ, દુઃખનો વ્યય સુખનો ઉત્પાદ. આહાહા!

મુમુક્ષુ :- મિથ્યાત્વનો વ્યય સમ્યકત્વનો ઉત્પાદ.

ઉત્તર :-સમ્યકત્વનો ઉત્પાદ એક સમયમાં. પછી તો નીચે અંદર ઠરે છે ને ત્યારે તો એને માનસિક જ્ઞાન પણ તે વખતે રહેતું નથી. રહે છે તોપણ રહેતું નથી એમ. શું કહ્યું? અંદર ઠરે છે. પરિણતિ અંદર જાય છે. જયાં સુધી અભેદ ન થાય, અભેદ ન થાય ત્યાં સુધી માનસિક ધારા છે. માનસિક ધારા અંદરમાં જવા માટેની ચાલે છે. પણ એ જયાં અભેદ થયો 'મન પાવે વિશ્રામ, અનુભવ યાકો નામ' એટલે જે મન મર્યું ત્યાં વિકલ્પ ગયો. મન કહો કે વિકલ્પ કહો માનસિક વિચાર કહો કે વિકલ્પ કહો એક જ વાત છે. આહાહા! મોજ કરતાં કરતાં અંદર ચાલ્યો જાય. દુઃખી થતાં થતાં અંદર ન જાય. એ વખતે તો અનુભવ પહેલાં મોજ આવે છે. મિથ્યાદષ્ટિને પણ એમ ને સમ્યગ્દષ્ટિને પણ એ જુદા જાતના પરિણામ એને ઉપડે. આહાહા! કોઇ કોઇને ખબર પણ પડી જાય કે હમણાં અનુભવ થશે એમ. કોઇક કોઇકને ખ્યાલ આવી જાય. એ જાતનો અંદરથી આત્મા તરફનો ઉત્સાહ જાગે જુદી જાતનો. એ ઉત્સાહ છે. અનુભવ પછી થાય. એના પછી અનુભવ છે. ઉત્સાહ જ જુદી જાતનો. આહાહા! એમ થાય. અરે! જયાં ઉત્સાહ જાગે છે ત્યાં દુઃખની વાત કયાં? આહાહા! દુઃખ તો યાદ જ ન કરવું. કેમકે આત્મા સુખમય છે અને દુઃખમય નથી. એટલે પર્યાયમાં દુઃખ છે તેને યાદ ન કરવું. સુખમય છું એવા વિકલ્પને છોડવા જેવો છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- દુઃખને તો યાદ કરવા જેવું જ નથી. એ પહેલાં જાણી લીધું હવે એને યાદ નહીં કરવાનું. દુઃખનો નિષેધ તો પહેલેથી જ કરતા આવ્યા છે. હવે તો સુખમયનો વિકલ્પ છે.

ઉત્તર :- એ વિકલ્પ છે. એ પહેલી વાત કરી કે હવે નાસ્તિનો વિકલ્પ ન રહે અસ્તિનો વિકલ્પ હોય છેલ્લો. અનુભવ પહેલાં અસ્તિનો વિકલ્પ (હોય.) આ સંધિ કાળ છે. છેલ્લા ટાઇમની વાત છે. આમાં લખ્યું છે ને છેલ્લા ટાઇમની વાત છે. આનો જ અર્થ ચાલે છે ને? વિકલ્પનો વ્યય અને નિર્વિકલ્પનો ઉત્પાદ. અનાદિ મિથ્યાદષ્ટિને આ રીતે અનુભવ થાય છે. એમ આ અનાદિ મિથ્યાદષ્ટિ માટે તો લખ્યું છે.

વિકલ્પ કર્તા થતો હતો અને વિકલ્પ કર્મ થતું હતું. નયનો વિકલ્પ કર્તા અને કર્મ થતું હતું ને? એ વિકલ્પ જાય છે આ. નયપક્ષ છૂટે છે. અનાદિ મિથ્યાદષ્ટિને આ રીતે અનુભવ થાય છે એમ.

મુમુક્ષુ :- વાહ! ધન્ય ઘડી, ધન્ય કાળ. બહુ-બહુ સરસ વાત કરી. ખુલાસો બહુ સરસ થયો. મને બહુ ગમ્યું. આ વાત થઇને એમાં વધારે ખુલાસો થયો.

ઉત્તર :- વધારે ખુલાસો થયો.

મુમુક્ષુ :- આ કહ્યુંને કે વિકલ્પ એક રહે છે એ ખટકે છે એ વાત હમણાં નહીં. એટલે એ મને ગમ્યું. કેના જોરે આ વાત થાય છે.

ઉત્તર :- ઓલું તો યાદ જ ન કરવું. અમારે એવું છે કોઇ અતિશયોકિતવાળી વાત નથી કરતાં. અમારી ચર્ચા ચાલે તે જુદા પ્રકારની હોય પછી બીજાઓએ એકદમ શાંતીથી સાંભળ્યા કરવું. બસ! એમાં માલ બહુ મળે છે. છતાં પૂછાય કોઇ વખતે. ન પૂછાય એવું નથી. ઠીક છે. આહાહા!

એ વખતે વિકલ્પ જણાતો નથી. નવી એક ધારા ઉપડી જાણનાર જણાય છે, જાણનાર જણાય છે. અપૂર્વ ધારા ઉપડી. અપૂર્વ ધારા ઉપડી. એમાં પરોક્ષમાં જ્ઞાયક જણાય છે. પરોક્ષમાં જ્ઞાયક જણાય છે. પરોક્ષમાં વિકલ્પ જણાતો નથી. અનુભવ પહેલાં વિકલ્પના કાળે વિકલ્પ જણાતો નથી. આહાહા! એ જ્ઞાનધારા જે

ભગવાનને ભેટવા જાય. આહાહ!

મુમુક્ષુ :- દુ:ખી થઇને ભેટવા ન જાય. આનંદિત થઇને ભેટવા જાય.

ઉત્તર :- આનંદિત થઇને ભેટે હં.... એ વખતે ચિત્તની પ્રસન્નતા એક જુદા પ્રકારની હોય છે.

હવે ટીકાકાર એનો વિસ્તાર કરે છે. **જે 'જીવમાં કર્મ બધ્ધ છે' એમ વિકલ્પ કરે છે**. વ્યવહારનયથી જોવામાં આવે, પર્યાય તરફ નજર કરું તો દેખાય છે, કે આઠ પ્રકારના કર્મથી જીવ બંધાયેલો છે. અહીંયાં ભાવકર્મની વાત નથી. પણ અહીંયાં જડકર્મની વાત છે, બંધાયેલ. કેમકે જયારે આઠકર્મથી બંધાયેલો નથી, સમજી ગયા! એટલે મુકત જ છે. ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સ્વભાવમાં નથી. પર્યાયની સાથે હતો. પર્યાયમાં બંધ થાય છે એમ. **જે જીવમાં કર્મ બધ્ધ છે** એમ વિકલ્પ કરે છે. પર્યાયનયથી, વ્યવહારનયથી. તે એક વિકલ્પ કરે છે અને બીજા વિકલ્પને છોડે છે. તારો જવાબ આવ્યો. તારા માટે જ લખે છે. લખ્યું લાગે છે.

**'તે જીવમાં કર્મ અબધ્ધ છે'. એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં,** જીવ અબધ્ધ છે એ વિકલ્પ અત્યારે નથી ઉઠતો. એક જ વિકલ્પ ઉઠયો. જીવ કર્મથી બંધાયેલો છે. બસ! એક વિકલ્પ ઉઠયો. એક વિકલ્પને ગ્રહ્યો અને બીજા વિકલ્પને છોડયો છે. તોપણ વિકલ્પને જ ગ્રહે છે. એમ કહેવા માંગે છે. વિકલ્પ છૂટયો નથી. **એવા એક અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી.** આહાહા! અને હવે બીજો.

**જે 'જીવમાં કર્મ અબધ્ધ છે'** મુકત છે **એમ વિકલ્પ કરે છે** દ્રવ્યનો, દ્રવ્યનો. તે પણ જીવમાં કર્મ બધ્ધ છે એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં, આહાહા! એક વિકલ્પને છોડયો તોપણ વિકલ્પને અતિક્રમતો નથી. વિકલ્પ ને વિકલ્પ રહ્યો. બધ્ધનો વિકલ્પ કહો કે અબધ્ધનો વિકલ્પ કહો પણ વિકલ્પ ને વિકલ્પની જાત એક રહી વિકલ્પ. બેયમાં લખ્યું વિકલ્પને અતિક્રમતો નથી.

વિકલ્પને છોડતો નથી એમ. આહાહા! વિકલ્પ છૂટવો જોઇએ એમ. પછી વ્યવહારનયનો વિકલ્પ કે નિશ્ચયનયનો વિકલ્પ અહીંયાં એ વાત નથી. અહીંયા તો કોમન એક વિકલ્પ. આહાહા! વિકલ્પ માત્ર છૂટી જાય છે ત્યારે અનુભવ થાય છે. એમ.

આમાં આ વિકલ્પ છે ને આ વિકલ્પ સારો ને આ ખરાબ એમ નહીં. વિકલ્પ એટલે વિકલ્પ. વિકલ્પમાં અનુભૂતિ રોકાય છે. એમ કહેવા માંગે છે. સમજી ગયા! અહીંયાં કોઇ મુખ્ય વિકલ્પ સારો ને કોઇ ખરાબ એમ નથી. વિકલ્પ એટલે ખલાસ! વિકલ્પ એટલે સંસાર. મિથ્યાત્વ કર્તા-કર્મની પ્રવૃત્તિ.

મુમુક્ષુ :- જયાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી આસ્રવ છે સંવર નથી.

ઉત્તર :- સંવર ન થાય. આસ્રવ છે. મિથ્યાત્વ નામનો આસ્રવ. એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી. બેયમાં શબ્દ એક જ રાખ્યો. પહેલામાં ને બીજી લીટીમાં એક વિકલ્પને છોડયો પણ બીજો વિકલ્પ છે પણ વિકલ્પને અતિક્રમતો નથી. આહાહા!

આ બે નયની વાત કરી. હવે પ્રમાણની વાત કરે છે. મૂળમાં પ્રમાણ નથી. મૂળમાં બે નયની જ વાત છે. પણ બે ભેગી કરી અને પ્રમાણની વાત કરે છે. **વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે'** ઉભયાભાસી નિશ્ચયાભાસી નહીં. ઉભયાભાસી-પ્રમાણનો પક્ષ. બદ્ધ પણ છે અને અબદ્ધ પણ છે. એકાંતે બદ્ધ નથી અને એકાંતે અબદ્ધ પણ નથી. ત્યારે શું છે? અનેકાંત. અમારું અનેકાંત છે એમ? હા, ઉભયાભાસી.

મુમુક્ષુ :- આચાર્યને બધી ખબર હોય.

ઉત્તર :- બધી ખબર હોય. અત્યારે આ ચાલે છે ને? અત્યારે આ ચાલે છે. અમે એકાંતે બંધાયેલો છે એમ કયાં કહીએ છીએ. કથંચિત બદ્ધ અને કથંચિત અબદ્ધ. સમજી ગયા! કથંચિત લગાડયું ને? એ પ્રમાણમાં આવી ગયો. નયથી નહીં. પ્રમાણમાં કથંચિત બદ્ધ અને અબદ્ધ. બદ્ધ-અબદ્ધ છે. આહાહા! **એમ વિકલ્પ કરે છે તે, તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો, વિકલ્પને**

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અતિક્રમતો નથી.** જુઓ! ત્રણેયમાં વિકલ્પને અતિક્રમતો નથી, વિકલ્પને છોડતો નથી, વિકલ્પને છોડતો નથી. આહા! વિકલ્પને છોડતો નથી. આસ્રવને છોડતો નથી, મિથ્યાત્વને છોડતો નથી.

મુમુક્ષુ :- કથંચિત બધ્ધ અને કથંચિત અબધ્ધ એ પણ એક વિકલ્પ જ છે.

ઉત્તર :-વિકલ્પ જ છે.

મુમુક્ષુ :- એનો વિકલ્પ નથી છૂટયો.

ઉત્તર :- વિકલ્પ નથી છૂટયો. ત્રણેયમાં વિકલ્પને અતિક્રમતો નથી. મોસ્ટ ઇમ્પોર્ટન્ટ છે એમ. શબ્દ ત્રણેયમાં એક જ છે. વિકલ્પને અતિક્રમતો નથી બસ. **તેથી જે સમસ્ત નયપક્ષને,** જુઓ! ઓમાં પણ સમસ્ત આવ્યું'તું સકળ.સકળ વિકલ્પને છોડતો એમ હતું. **આમાં સમસ્ત નયપક્ષને અતિક્રમે છે, છોડે છે.** આહાહા! **તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે. નયપક્ષને અતિક્રમે છે.** આ નયે આવો ને આ નયે આવો. **ત્યારે તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે.** એટલે નયો છે એ વિકલ્પની જાળ છે. એમાં આત્માનો અનુભવ થતો નથી. તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે.

હવે આગળ **જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે,** અનુભવના કાળે કોઇ પણ પ્રકારનો વિકલ્પ ન હોય. **તે જ સમયસારને પ્રાપ્ત કરે છે. અનુભવે છે.** આહાહા! એક સમયસાર તો હતો અને બીજો સમયસાર થયો. ચોથી લીટીમાં એમ સાક્ષાત સમયસાર થાય છે એમ છે. સમયસાર થાય છે. સમયસાર તો બધાની પાસે છે જ. સમયસાર થાય છે. નિર્વિકલ્પ ધ્યાનમાં શુધ્ધાત્માનો અનુભવ થાય છે. સમયસારને પ્રાપ્ત કરે છે, અનુભવે છે. ચાલો થઇ ગયો ટાઇમ. હવે ભાવાર્થ પછી કાલે.

અહીં એમ કહે છે કે જે જીવ કોઇ પણ પ્રકારની શુભક્રિયામાં બેઠો હોય, રોકાયેલો હોય વ્રત, તપ, જાત્રા, પૂજા. સમજી ગયા! એમાં પરનું લક્ષ હોય છે. એ વિકલ્પમાં પરનું લક્ષ હોય છે. એ વાત તો દૂર રહો, એ વાત તો સ્થૂળ પક્ષમાં જાય છે. અહીંયા તો જે જીવ શુધ્ધાત્મા છું, જ્ઞાયક છું એવો સ્વરૂપનો વિચાર કરે છે એ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પ પણ બાધક છે. આહા! ઓલી વાત તો કયાં કરવી? ઓમાં તો કર્તાબુધ્ધિનો સંભવ છે. એમ લખ્યું ને? ક્રિયામાં તો કર્તાબુધ્ધિનો સંભવ છે. આહા! એટલે એમ કે બધાને કર્તાબુધ્ધિ થાય એવું નથી. નિશ્ચયપૂર્વક વ્યવહાર કોઇકને હોય અકર્તા એ જુદી વાત છે. આ તો અનાદિ મિથ્યાદષ્ટિ જીવને અનુભવ કેમ થાય એ શીખવા જેવું છે. એના માટે શાસ્ત્ર લખ્યું છે. અપ્રતિબુધ્ધ માટે લખ્યું છે.

મુમુક્ષુ :- સ્વરૂપના વિકલ્પમાં સ્વરૂપની પ્રાપ્તિ નથી. તો પરના વિકલ્પમાં તો કયાંથી હોય?

ઉત્તર :- બહુ દૂર છે. જગત આખું દૂર અંધારામાં છે. અંધારામાં છે. બેન! આહા! એક જ ક્રિયા અનુભવની-ધર્મની છે. બાકી બધું કર્મમાં જાય છે. બાકી એક ધર્મમાં અનુભવ એ ધર્મ બાકી ધર્મ નહીં. બધો બંધ માર્ગ છે. અને જેમાં કર્તાબુધ્ધિ પોષાય એની તું પડખે ન ચડજે. કેમકે સહજમાં કર્તાબુધ્ધિ ન હોય. જ્ઞાનીને ઉદય ભાવ આવે. ઘણા પ્રકારના આવે એ સહજ છે. નિસર્ગજ છે. સ્વયમેવ ઉછળે છે વિકલ્પ અને સ્વયમેવ પાછા શાંત થઇ જાય છે.

મુમુક્ષુ :- આપણે તો જ્ઞાની કેમ થાય બસ.

ઉત્તર :- બસ એ જ. આ આખું સમયસાર એવું છે. અને નિયમસાર જ્ઞાની થયા પછીનું પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન અધિકાર છે ને? એ જ્ઞાની થયા પછી ચારિત્ર અધિકાર છે. આ સમ્યગ્દર્શન કેમ થાય એના માટે શાસ્ત્ર છે. એટલે ઓગણીસ વખત પૂ. ગુરુદેવે વાંચ્યું. નિયમસાર ઓગણીસ વખત ન વાંચ્યું. એનું કારણ છે પોતાને સમ્યગ્દર્શન થયું તો હવે મોક્ષમાર્ગ પ્રગટ થયો. તો આખા જગતમાં અજ્ઞાનથી અંધકાર છવાઇ ગયો છે. એને કેમ સમ્યગ્દર્શન પ્રગટ થાય.

જેને સમ્યગ્દર્શન પ્રગટ થાય તેને ચારિત્ર પ્રગટ થશે જ. એ તો નિયમ છે. પણ સમ્યગ્દર્શન પ્રગટ નહીં થાય તેને ચારિત્ર પ્રગટ નહીં થાય એટલે પહેલું સમ્યગ્દર્શન કહ્યું. એમ. હેતુ છે. સમ્યગ્દર્શન થયું એને ચારિત્ર તો આવવાનું છે. એને ઉપદેશ શું હોય? એને જરૂર નથી. એને તો ઠરવાનો પ્રયત્ન ચાલે જ છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- એટલે મિથ્યાત્વ છોડાવવા માટે જ ઓગણીસ વખત વાંચ્યું. મિથ્યાત્વ છોડાવવાનું જ આ સમયસાર છે.

ઉત્તર :- બસ.

મુમુક્ષુ :- પરોક્ષમાં પણ આત્માનું દર્શન થાય છે.

ઉત્તર :-સમજી ગયા! પરોક્ષમાં જે આત્માનું દર્શન થવા માંડયું અને હમણાં તો પ્રત્યક્ષ થવાનું જ છે.

મુમુક્ષુ :- એ નક્કી થઇ ગયું છે.

ઉત્તર :- નક્કી, નક્કી. અંદર ધસારો જાય છે. અંદરમાં ઉપયોગ જાય છે. અંદરમાં ઢળે છે. આહાહા! ત્યાં સુધી તો ખબર પડે છે. પછી અંદર જાય પછી જુદી વાત છે. એ પ્રોસેસ થાય છે. મોજ કરતો કરતો અંદર જાય.

મુમુક્ષુ :- પરોક્ષની વાત બહુ સારી છે. પરોક્ષમાં પણ આનંદ કરતો કરતો જાય છે. બહુ સરસ વાત! પ્રસન્નતાથી અંદર જાય છે. મોક્ષ કરતાં કરતાં તો મોક્ષમાં જાતો હતો પણ મોજ કરતાં કરતાં પણ અંદરમાં જાય છે.

ઉત્તર :- અંદર જાય છે. મોજ જ છે. બેન! આ આત્મા જયાં ઉર્ધ્વ થઇ ગયો આહાહા! પરમાત્માના પરોક્ષ દર્શન થવા માંડયા. આહાહા! હમણાં દર્શન થયા કે થશે, થયા કે થશે. એ સ્થિતિ છે એ.

મુમુક્ષુ :- ચિરમ, અચિરમ.

હા, ચિરમ, અચિરમ થયું કે થશે એમ હતું. જેમ ઓલામાં રમેશભાઇ નથી ગાતા? કે શ્રેણી આવી કે આવશે, આવી કે આવશે. આવી કે આવશે કહે છે ને? આ એવું છે. ભગવાનને ભેટા કરવા જાય છે એમાં કયાં બીજું કાંઇ હોય? બહેને ન કહ્યું વિકલ્પ પણ જણાતો નથી. વિકલ્પ જણાય તો એ આત્માની પરોક્ષ અનુભૂતિ ન થઇ. હજી પરોક્ષમાં ન આવ્યો. પરોક્ષમાં પણ આત્મા જણાય છે. પરોક્ષમાં વિકલ્પ ન જણાય. બસ એકવાર અનુભવ થયો સમ્યગ્દર્શન થયું પછી તો ચારિત્રની પ્રેકટીસ ઠરવાની એ જેને ખબર છે કે અંદર ઠરતાં જ પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે બસ.

માર્ગ મળી ગયો ને!

મુમુક્ષુ :- વિધિ ખ્યાલમાં આવી ગઇ.

ઉત્તર :- વિધિ ખ્યાલમાં આવી ગઇ. પછી તો વિધિ ખ્યાલમાં આવી ગઇ એટલે તો દીક્ષા લેવાનો ભાવ આવે છે. અને ફાટ ફાટ પુરુષાર્થ હોય તો મુનિ ગુરુને કહે છે કે મને એકાંતની રજા આપો. એને કોઇની જરૂર નથી. કોઇને પ્રશ્ન કરવો નથી. જેની પાસે દીક્ષા લીધી તેની પાસે સમજવું નથી. સમજાય છે કાંઇ?

જેની પાસે દીક્ષા લીધી એ ગુરુ એમ નથી કહેતા કે તમે નવદીક્ષિત છો હજી ઘણા પડખા તમારે સમજવાના છે. નહીં, આનો પુરુષાર્થ કાંઇક જુદો જ છે. કહે, તથાસ્તુ! જાવ. મોક્ષ ભવ! એ ગુરુ પણ જાણી જાય. ગુરુનું જ્ઞાન બહુ તીખું હોય. શિષ્યની તાલાવેલી જોઇને. આહાહા! એમ ન કહે કે અડખા-પડખા મારી પાસે ઘણું છે સાંભળવા રોકાવ.

મુમુક્ષુ :- એ ગુરુનું તીક્ષ્ણ જ્ઞાન ક્યાં છે?

ઉત્તર :-ગુરુ કહે જ નહીં. સાચા ગુરુ ન કહે. જાવ તથાસ્તુ! તમારી સાધના કરો. કારણ કે આ છે એ બધું આમાંથી (અંદરથી) આવે છે. બહારથી ક્યાં જ્ઞાન આવે છે? જ્ઞાન બહારથી આવતું જ નથી. ગુરુ જ્ઞાન દયે અને શિષ્ય લ્યે એવું છે? આહાહા! એવું નથી ભાઇ! એવું નથી બાપુ! એ તો આખો જુદો પ્રકાર જ છે. એ પ્રકાર જુદો આ પ્રકાર જુદો. અત્યારે તો આ પ્રકારની વાત છે. અત્યારે ઓલી વાત નથી.

મુમુક્ષુ :- નિયમસારમાં કળશ આવ્યો ને? કે એક આત્મા જાણ્યો તો બધું જાણી લ્યે છે.

ઉત્તર :- બધું જાણી લ્યે છે.

મુમુક્ષુ :- એક આત્માને દેખ્યો તો બધું દેખી લ્યે છે. બધું દેખી લ્યે છે. એક આત્માને સાંભળ્યો તો શું ન સાંભળ્યું? બધું સાંભળી લ્યે છે.

મુમુક્ષુ :- આ બહુ સરસ વાત છે. જાણનારો જણાય છે એનો વિકલ્પ પણ દેખાતો નથી.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પ્રવચન નં :- ૨૬૦
# સમયસાર શ્લોક :- ૬૯ થી ૯૧
# તા. :-૧-૩-૯૦

यद्येवं तर्हि को हि नाम नयपक्षपसन्न्यासभावनां न नाटयति ?

હવે, 'જો આમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે ?' એમ કહીને શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય નપક્ષના ત્યાગની ભાવના ૨૩ કળશરૂપ કાવ્યો કહે છે :-

(उपेन्द्रवज्रा)

य एव मुक्त्वा नयपक्षपातं
स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।
विकल्पजालच्युतशान्तचित्ता-
स्त एव साक्षादमृतं पिबन्ति ॥ ६९ ॥

(उपजाति)

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७० ॥

શ્લોકાર્થ :- [ये एव] જેઓ [नयपक्षपातं मुक्त्वा] નયપક્ષપાતને છોડી [स्वरूपगुप्ता:] (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને [नित्यम्] સદા [निवसन्ति] રહે છે [ते एव] તેઓ જ, [विकल्पजालच्युतशान्तचित्ता:] જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા, [साक्षात् अमृतं पिबन्ति] સાક્ષાત્ અમૃતને પીએ છે.

ભાવાર્થ :- જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મટતો નથી. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે. ૬૯.

---

હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વવેદી (તત્ત્વનો જાણનાર) સ્વરૂપને પામે છે :-

શ્લોકાર્થ :- [बद्धः] જીવ કર્મથી બંધાયેલો છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ કર્મથી બંધાયેલો નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वियोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી (વસ્તુસ્વરૂપનો જાણનાર) પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

ભાવાર્થ :- આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે. એ રીતે જીવ-પદાર્થને શુદ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે - આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. અશુદ્ધનયની તો વાત જ શી ? પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. માટે શુદ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે. ૭૦.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(उपजाति)

एकस्य मूढो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७१ ॥

(उपजाति)

एकस्य रक्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७२ ॥

શ્લોકાર્થ :- [मूढः] જીવ મૂઢ (મોહી) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ મૂઢ (મોહી) નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે, [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર[चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે). ૭૧.

શ્લોકાર્થ :- [रक्तः] જીવ રાગી છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ રાગી નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૨.

આ શ્રી સમયસારજી શાસ્ત્ર છે. તેનો કર્તા-કર્મ અધિકાર ગાથા ૧૪૨ પછીના જે ૨૦ કળશો છે નયપક્ષના, એનું વર્ણન ચાલે છે. એમાં બદ્ધ-અબદ્ધનો કળશ થઇ ગયો.

હવે એકોતેર (૭૧) નંબરનો શ્લોક છે. **જીવ મૂઢ છે એટલે કે મોહી છે.** ખરેખર આ વ્યવહારનયનું કથન છે. કેમકે જીવ છે એ મૂઢ નથી પણ જીવ પોતાના સ્વભાવને ભૂલેલો હોય, અજ્ઞાની હોય તો એની દશામાં મૂઢતા આવે, ઉત્પન્ન થાય છે. પરલક્ષે મોહી થાય છે તો એ વ્યવહારનયથી કહેવામાં આવે છે કે જીવ મોહી છે. એ મોહ એક નયનો પક્ષ છે એટલે કે વિકલ્પ છે અને **જીવ મોહી નથી એવો એક બીજા નયનો પક્ષ** એટલે કે વિકલ્પ છે. આ વાત આખી આગમ પ્રમાણથી કરી છે.

આગમ પ્રમાણ-અધ્યાત્મ પ્રમાણમાં મોટો ફેર છે. આગમ પ્રમાણ દ્રવ્યને શુદ્ધપણે તો સ્વીકારે છે પણ આગમ પ્રમાણ પર્યાયને અશુદ્ધપણે જણાવે છે. એ આગમ પ્રમાણ છે. અથવા એ પ્રમાણજ્ઞાનનો વિષય અસદ્ભૂત વ્યવહારનયના વિષયમાં જાય છે. કારણ કે અશુદ્ધપર્યાય સહિત દ્રવ્યને લેવું કહેવું એ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય થઇ ગયો. અશુદ્ધ દ્રવ્યાર્થિકનય. દ્રવ્યને અશુદ્ધ કહેવું એ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે. દ્રવ્યાર્થિકનયના દસ ભેદ છે. અશુદ્ધ દ્રવ્યાર્થિકનય પણ છે. દ્રવ્યને અશુદ્ધ કહેવું. પર્યાયને અશુદ્ધ કહેવું એ પર્યાયાર્થિકનયથી છે. પણ આખા દ્રવ્યને જીવ મોહી છે. જીવ મોહી છે. પર્યાય પરિણત દ્રવ્ય જે છે આખો પ્રમાણજ્ઞાનનો વિષય એ આગમ પ્રમાણ છે અથવા વ્યવહાર છે અથવા અસદ્ભૂત વ્યવહારનો વિષય છે. એ કાંઇ ઉપાદેય તત્ત્વ નથી.

બીજું એક અધ્યાત્મ પ્રમાણ છે. શુદ્ધાત્માના લક્ષે શુદ્ધ પર્યાય પ્રગટ થાય. દ્રવ્ય શુદ્ધ અને પર્યાય પણ શુદ્ધ એ અધ્યાત્મ પ્રમાણજ્ઞાનનો વિષય છે. એ પણ સદ્ભૂત વ્યવહારમાં જાય છે. પર્યાય સાપેક્ષ દ્રવ્ય. પર્યાય સહિતનું દ્રવ્ય એ વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયના બે ભેદ છે. અશુદ્ધ પર્યાય સહિત આત્માને

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહેવો એ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય અથવા અશુદ્ધ પર્યાયાર્થિક, અશુદ્ધ પર્યાયાર્થિક અસદ્ભૂત વ્યવહાર અને શુદ્ધ પર્યાય સહિત ઉત્પાદ-વ્યયથી સહિત એ પણ વ્યવહારનયનો વિષય છે.

એટલે બે પ્રકારના પ્રમાણ છે. એમાં પહેલાં અહીંયાં એક પ્રકારના પ્રમાણથી વાત કરી તેનો નિષેધ કરે તો અનુભવ થાય તો બીજા પ્રકારનું પ્રમાણ પ્રગટ થાય. અહીંયાં આખો આત્મા અનુભવના કાળે જ્ઞાનનું જ્ઞેય થાય છે. એમ લેવું છે. કેમકે બે નયોના વિષયને જ્યારે આત્મા વિકલ્પ રહિત થઇને દ્રવ્ય અને પર્યાયને જાણે છે. લક્ષ તો દ્રવ્યનું છે. દ્રવ્યના લક્ષે નિર્મળ પર્યાય થાય છે તેને પણ યુગપદ્ એક સમયમાં, દ્રવ્ય-પર્યાયને અક્રમે જાણે. અતીન્દ્રિય જ્ઞાન દ્વારા નિર્વિકલ્પ ધ્યાનમાં ત્યારે અનુભવ થાય અને અનુભવના કાળમાં અનંતકાળથી નહીં પ્રગટ થયેલું એવું એક અધ્યાત્મ પ્રમાણ પ્રગટ થાય છે. જેને બીજી રીતે કહીએ તો નિશ્ચય સ્વપ્રકાશકપૂર્વક નિશ્ચય સ્વ-પરપ્રકાશક એક નવું જ્ઞાન પ્રગટ થાય છે. એ નિર્વિકલ્પ ધ્યાનમાં જ પ્રગટ થાય. અનાદિ મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ જાય ત્યારે ઉપશમ હોય, ક્ષયોપશમ હોય કે ક્ષાયિક હોય એને એ પ્રકારનું પ્રમાણજ્ઞાન પ્રગટ થાય છે. દ્રવ્ય શુદ્ધ અને પર્યાય પણ શુદ્ધ.

**આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.** બે પ્રકારના વિકલ્પો છે. હવે જે બે પ્રકારના વિકલ્પ છોડે છે, આ જીવમાં વિકલ્પ તો નથી. ચિત્સ્વરૂપ જીવ વિષે, જ્ઞાનમય આત્મા વિષે બે પ્રકારના વિકલ્પ તો છે જ નહીં. પણ બે વિકલ્પ જ્યારે છૂટે છે ત્યારે તે પક્ષપાત રહિત તત્ત્વવેદી કહેવાય.

પક્ષપાત એટલે વિકલ્પ રહિત. તત્ત્વવેદી આત્માનો જાણનારો અનુભવ કરનારો. તેને નિરંતર, હંમેશા દ્રવ્ય અને પર્યાય બે નયના વિષયને ક્રમે વિકલ્પથી નયથી જાણતો હતો, અક્રમે અનુભવથી વિકલ્પ છૂટયો ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. જ્ઞાનસ્વરૂપ જીવ જ્ઞાનસ્વરૂપ છે. અર્થાત તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે. ત્યારે પર્યાયદષ્ટિથી જે મોહ હતો તે દ્રવ્યદષ્ટિથી નિર્મળ દશા થઇ.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે નિર્મોહ પરિણામને અને નિર્મોહી ત્રિકાળી દ્રવ્યને યુગપદ્ એક સમયમાં અનુભવમાં જાણે છે. તેને પક્ષપાત રહિત થયો તેમ કહેવામાં આવે છે. આટલું બધું રહસ્ય આ કળશમાં છે.

એવી રીતે બધામાં લઇ લેવું. **જીવ રાગી છે એવો એક નયનો પક્ષ છે. ૭૨મો કળશ. જીવ રાગી નથી એવો બીજા નયનો પક્ષ છે.** આમાં આગમ પ્રમાણમાં શું લીધું છે? આગમ પ્રમાણમાં અશુધ્ધતા લીધી છે. અધ્યાત્મ પ્રમાણમાં પર્યાયમાં શુધ્ધતા આવે પર્યાયમાં. આગમ પ્રમાણ અને અધ્યાત્મ પ્રમાણમાં દ્રવ્ય બેયનું સરખું છે. આગમ પ્રમાણમાં પણ દ્રવ્ય તો અબધ્ધ જ છે. અબધ્ધ લીધું છે. નિર્મોહી લીધું છે. આગમ પધ્ધતિ અને અધ્યાત્મ પધ્ધતિમાં પર્યાયમાં મોટો ફેર છે.

એટલે અનુભવના કાળે મોહનો અભાવ થઇ નિર્મોહ દશા પ્રગટ થાય. ત્યારે તેને ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. ચારે બાજુથી જોવામાં આવે ગોળની ભીલી (આખો મોટો પીસ) છે તેના આદિ, મધ્ય, અંતમાં ગળપણ, ગળપણ અને ગળપણ (જ છે.) એમ દ્રવ્યમાં આનંદ, ગુણમાં આનંદ, પર્યાયમાં આનંદ. દ્રવ્યમાં જ્ઞાન, ગુણમાં જ્ઞાન અને પર્યાયમાં જ્ઞાન. કયાંય રાગની લવલેશ પણ જાત એમાં છે નહીં. એનું કારણ છે કે એ પર્યાય અભેદ થાય છે.

ત્રિકાળી અભેદમાં તો નયોના વિકલ્પ નથી પણ ક્ષણિક અભેદ અનુભૂતિના કાળે થાય એમાં પણ નયોના વિકલ્પ નથી. કેમકે નય જે છે એ રાગ છે. નય છે એ જ્ઞાન નથી. વિકલ્પવાળી નય છે તેને રાગ કહેવાય. જીવ રાગી છે પર્યાયદષ્ટિથી. પર્યાયાર્થિકનયે રાગ જુદો અને પર્યાયદષ્ટિથી રાગ જુદો. પર્યાયદષ્ટિથી રાગ છે એ અજ્ઞાની છે. જ્ઞાની થયા પછી વીતરાગભાવની સાથે સાથે પર્યાયાર્થિકનયે થોડો રાગ રહે છે એ આખો વિષય જુદો. અત્યારે તો આ બે જ પડખા છે. આગમ પધ્ધતિ અને અધ્યાત્મ પધ્ધતિ બસ. એટલે રાગી છે એવો એક નયનો પક્ષ છે.

કેમકે એક બાજુ કહો કે જીવ જ્ઞાનમય છે અને રાગમય નથી એમ આવે અને બીજી બાજુ અહીં ને અહીં કહે કે જીવ રાગી છે. એટલે સમજવું જોઇએ. એક

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાજુ કહે કે જીવ જ્ઞાનમય છે અને રાગમય નથી. છતાં કોઇ રાગમય માને તો જીવ અજીવપણાને પામે. ઉપયોગથી અનન્ય છે એમ રાગથી અનન્ય હોય તો જીવ અજીવ થઇ જાય.

અહીંયા કહે છે કે જીવ રાગી છે. અપેક્ષા સમજવી જોઇએ. **એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ જીવ વિષે** દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ જ આખો આત્મા છે. અનાદિઅનંત જ્ઞાન સ્વરૂપે જ છે. આ તો અજ્ઞાનનું લાકડું નવું એડ કર્યું (ઉમેર્યું) છે. **બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.** આહાહા! આત્માના આશ્રયે શુધ્ધતાનો એક નવો અંશ પ્રગટ થાય ત્યારે પર્યાયમાં અજ્ઞાન ટળી જાય છે. જ્ઞાની બેય અંશને શુધ્ધ જુએ છે. કારણ તત્ત્વ અને કાર્ય તત્ત્વ બેય શુધ્ધ છે.

---

(उपजाति)

एकस्य दुष्टो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७३ ॥

(उपजाति)

एकस्य कर्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७४ ॥

શ્લોકાર્થ :- [दुष्टः] જીવ દ્વેષી છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ દ્વેષી નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वो पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


[नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૩.

શ્લોકાર્થ :- [कर्ता] જીવ કર્તા છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ કર્તા નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वो पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૪.

---

જીવ દ્વેષી છે એવો એક નયનો પક્ષ છે. જીવ દ્વેષી નથી એવો બીજા નયનો પક્ષ છે. **આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્વવેદી પક્ષપાત રહિત છે** પક્ષપાત એટલે રાગ રહિત, વિકલ્પ રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. આહાહા! બે પડખા નીકળી ગયા. બે પડખાને ક્રમે જાણતો નય વિકલ્પ છૂટી ગયો. એકનું અવલંબન લેતાં બીજું પડખું અભેદ થઇ ગયું એ ચિત્સ્વરૂપ થઇ ગયું. એટલે આખો જ્ઞેય થઇ ગયો પ્રમાણજ્ઞાનનો વિષય. પ્રમાણજ્ઞાનમાં પણ બે જુદાં જુદાં લાગે તો પ્રમાણજ્ઞાન. અભેદનયથી તો આત્મા એક જ જ્ઞેય છે. એમાં બેપણું પણ નથી. પ્રમાણજ્ઞાનથી અંશ બે છે. અભેદનયથી એક જ્ઞેય છે. એવી એક અભેદપ્રધાન દ્રવ્યાર્થિકનય છે. અભેદપ્રધાન અભેદની મુખ્યતા કરો તો એવી એક દ્રવ્યાર્થિકનય છે અને ભેદપ્રધાન પર્યાયાર્થિકનય છે. ભેદ કરો તો પર્યાયાર્થિકનય છે.

જીવ કર્તા છે એવો એક નયનો પક્ષ છે. બોલો! પર્યાય કર્તા છે પર્યાયમાં કર્તાધર્મ છે એમ નહીં. જીવ કર્તા છે એવું પર્યાયદષ્ટિવાળાને ભાસે છે. આગમપ્રમાણમાં પણ એ વાત આવે. એકલો આત્મા રાગને કરે અને એકલો દુ:ખને ભોગવે છે. એ આગમ પદ્ધતિ છે. એમાં પ્રયોજનની સિદ્ધિ થતી નથી. એમાં વિધિ નિષેધ નથી આવતો. પ્રમાણજ્ઞાનમાં વિધિ નિષેધ નથી આવતો. **જીવ કર્તા છે એવો એક**

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નયનો પક્ષ છે. જીવ કર્તા નથી એવો બીજા નયનો પક્ષ છે.** જીવ કર્તા નથી એમ ભાષામાં આવે છે. પણ જીવને અકર્તા ઉપર દૃષ્ટિ નથી ગઇ એટલે જીવ કર્તા છે એમ ભાસ્યા કરે છે.

ત્રિકાળી દ્રવ્ય અકર્તા છે અને પર્યાય અપેક્ષાએ કર્તા છે, એમ. આહાહા! એ બેય વાત તેને સાચી લાગે છે. એ ઉભયાભાસી છે. આગમપ્રમાણનો પક્ષ કહો કે ઉભયાભાસી કહો એક જ વાત છે. લાગે છે એક. આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.**જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**

---

(उपजाति)

एकस्य भोक्ता न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७५ ॥

(उपजाति)

एकस्य जीवो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७६ ॥

(उपजाति)

एकस्य सूक्ष्मो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७७ ॥

શ્લોકાર્થ :- [भोक्ता] જીવ ભોક્તા છે [एकस्य] એવો એક નયનો પક્ષ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને [न तथा] જીવ ભોક્તા નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૫.

શ્લોકાર્થ :- [जीव:] જીવ જીવ છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ જીવ નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૬.

શ્લોકાર્થ :- [सूक्ष्म:] જીવ સૂક્ષ્મ છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ સૂક્ષ્મ નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૭.

---

જીવ ભોકતા છે, દુઃખનો ભોકતા છે. એકલો સંસારમાં દુઃખ ભોગવે. **એવો એક નયનો પક્ષ છે.** એવું એક જ્ઞાન છે. એમ નથી. એવું પણ એક જ્ઞાન છે કે દુઃખને ભોગવે એવું પણ એક જ્ઞાન છે અને દુઃખને ન ભોગવે એવું પણ એક જ્ઞાન છે. એમ જ્ઞાનના બે પ્રકાર નથી. નયોના બે પ્રકાર છે. નયોના બે પ્રકાર હોય. એવો એક નયનો પક્ષ વિકલ્પ છે.

**જીવ ભોકતા નથી અભોકતા છે. એવો એક બીજા નયનો પક્ષ છે. આમ ચિત્સ્વરૂપ જીવ વિષે છે.** ચિત્સ્વરૂપ જીવ તો એક જ છે. એમ કહે છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચિત્સ્વરૂપ જીવ તો એક છે એકાકાર. એકમ છે. દષ્ટિનો વિષય પણ એકમ અને અનુભવ થતાં પર્યાયથી અભેદ એ પણ એકમ છે. એમાં બે પણું નથી. દ્વૈત જ ભાસતું નથી. એમ. પણ એમાં જો ભેદ કર્યો તો નયનો વિકલ્પ ઉત્પન્ન થાય છે. અભેદમાં ભેદ કરતાં રાગી પ્રાણીને રાગ નયનો ભાવ ઉત્પન્ન થાય છે. આહા!

આમ ચિત્ત્સ્વરૂપ જીવ વિષે એમ બે પ્રકારનું ચિત્ત્સ્વરૂપ નથી લખ્યું. **આમ ચિત્ત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે,** આહાહા! અભેદમાં ભેદ કરતો નથી. **તેને નિરંતર ચિત્ત્સ્વરૂપ જીવ ચિત્ત્સ્વરૂપ જ છે.** આહા! આ દ્રવ્ય ને આ પર્યાય એવું ત્યાં અનુભવમાં દ્વૈત ભાસતું નથી. એકદમ જયાં દષ્ટિના વિષયની માસ્ટરી હતી ત્યાં સીધી પર્યાયને અભેદ કરીને અનુભવ કરાવીને કહે છે કે એ ચિત્ત્સ્વરૂપ છે.

દ્રવ્ય કેવું ને પર્યાય કેવી એમ નહીં. ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ જીવ તો જ્ઞાનસ્વરૂપ છે. આહાહા!

**જીવ જીવ છે. તેવો એક નયનો પક્ષ છે. જીવ જીવ નથી,** એમ. સ્વ અપેક્ષાએ અને પર અપેક્ષાએ. અસ્તિ-નાસ્તિ **એવો બીજા નયનો પક્ષ છે.** પર અપેક્ષાાએ જીવ નથી એમ કહેવાય. સ્વ અપેક્ષાએ જીવ જીવ છે. **આમ ચિત્ત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે, તેને નિરંતર ચિત્ત્સ્વરૂપ જીવ ચિત્ત્સ્વરૂપ જ છે.**

**જીવ સૂક્ષ્મ છે એવો એક નયનો પક્ષ છે. અને સૂક્ષ્મ નથી સ્થૂળ છે એવો એક બીજા નયનો પક્ષ છે. આમ ચિત્ત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે, તેને નિરંતર ચિત્ત્સ્વરૂપ જીવ ચિત્ત્સ્વરૂપ જ છે.**

આમાં ભરતભાઇ! મેં બહેનને કહ્યું'તું. ગુરુદેવના આમાં કળશ તો કાઢજો, આમાં શું લીધું છે. પછી બહેને કાઢયું. મને ટેલીફોનમાં કહ્યું કે ગુરુદેવે આ ઓગણોસીતેર-સીતેર (૬૯-૭૦)નું કહ્યું છે, એનો અર્થકર્તા એમ કહ્યું કે એ બધી

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આગમ પદ્ધતિ છે. અધ્યાતમ પદ્ધતિ જુદી છે. ચાર લીટીમાં ખુલાસો સારો કર્યો છે વ્યાખ્યાનમાં.

મુમુક્ષુ :- આમાં જે છે કે બે નયોના સ્વરૂપને જાણે છે એ આગમ પદ્ધતિથી?

ઉત્તર :- હા, આગમ પદ્ધતિ. પહેલું છે ને એ મિથ્યાદષ્ટિ સિદ્ધ કર્યો. જેમકે સોનું ખાણમાંથી નીકળે છે તો સોનું મલિન છે તેમ કહેવાય. સોનું મલિન પણ છે અને મલિન નથી. ખાણમાંથી નીકળ્યું છે માટીના સંગવાળું જુએ એટલે મલિન છે અને મલિન નથી એમ. પણ મલિન છે અને મલિન નથી એમાં સોનાંની પ્રાપ્તિ ન થાય. સોનું શુદ્ધ છે અને સોનું અશુદ્ધ નથી. પ્રમાણમાંથી નયમાં આવે. નયોના વિકલ્પને છોડીને અનુભવ થાય. ફર્સ્ટ સ્ટેઇજ, સેકન્ડ સ્ટેઇજ અને થર્ડ સ્ટેઇજમાં તો વિકલ્પ છૂટી જાય. કારણકે બીજો ઉપાય નથી. સોનું તો ખાણમાંથી મલિન જ નીકળે છે. મલિન છે અને મલિન નથી. એમ. પછી સોનું શુદ્ધ છે અને અશુદ્ધ નથી. એને જોઇ લ્યે છે. આમ પથ્થર હોય ને તો એને જોઇ લ્યે શુદ્ધને ઓને ગૌણ કરી નાખે.

એમ શ્રદ્ધા જ્ઞાનમાં આવ્યા પછી પ્રોસેસ કરે છે. પહેલાં શ્રદ્ધામાં આવી જાય છે. એ કાલે 'ધન્ય રે દિવસ આવો' એ સાંભળ્યું. એમાં એક વાત એણે એવી સરસ કરી કે અનુભવ પહેલાં અપૂર્વ અણસાર આવે છે. અણસાર શબ્દ છે. જે આપણે નિશ્ચયનો પક્ષ કહીએ છીએ અપૂર્વ પક્ષ. અપૂર્વ નિર્ણય પૂર્વે નહીં આવેલો એવો નિર્ણય આપણે લઇએ છીએ ને? એમાં અણસાર આવે છે. નથી કહેતાં? કે પિતાનો અણસાર આ પુત્રમાં આવ્યો છે. માતાનો અણસાર પિતા નથી પણ પિતાનો પુત્ર છે. પણ એનો અણસાર આવ્યો એમ. એના જેવો ચહેરો છે તો એમ કહે કે આ આનો જ દિકરો લાગે છે. પૂછયું કે તમે કોના દિકરા? તો એણે એ જ કહ્યું. અણસાર હતો તે સાચું પડયું. એમ.

અપૂર્વ શબ્દ લખ્યો છે. અપૂર્વ અણસાર. એટલે આ એક સ્થિતિ છે. એ મારો તમને કહેવાનો આશય, સ્થિતિ છે. આ એક સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકામાં અપૂર્વ નિર્ણય આવે છે. અપૂર્વ અણસાર આવ્યો આ. પછી અનુભવ થયો. એમાં

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છેલ્લે કહે છે 'એક જ દેહ ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' એક જ ભવ છે તેના પછી તેણે સિદ્ધ પર્યાય જોઇ લીધી. નહીંતર અવિરત સમ્યગ્દષ્ટિ હતા. ગૃહસ્થી પૂરા ગૃહસ્થી હતા. છતાં જ્ઞાન ઘણું નિર્મળ! ગુરુદેવ કહે એ વખતના કાળમાં એના જેવો કોઇ નિર્મળ જ્ઞાનવાળો જીવ નહતો. ક્ષયોપશમ પણ એવો. કોલ કરાર કરીને ગયા.

અપૂર્વ અણસાર આવ્યો રે. હજી અણસાર આવ્યો.

મુમુક્ષુ :- આપ ઘણી વાર કહો છો ને હવા આવે છે. તળાવની પાસે જાવ તો હવા આવે છે.

ઉત્તર :- અથવા પ્હો ફાટયો. સવારે બીજો દાખલો આપ્યો'તો. સૂર્ય ઉદય નથી થયો. અમે રવિવારે જયારે સોનગઢ જતા હતાને તો હજી સૂર્યનો ઉદય ન થયો હોય પણ અંધકાર જાવા માંડયો અને (આછો આછો) પ્રકાશ પ્રકાશ થવા માંડયો હોય. એ એક સ્થિતિ છે. તેને નિરંતર જીવ ચિત્સ્વરૂપ જીવ ચિત્તસ્વરૂપ છે.

---

(उपजाति)

एकस्य हेतुर्न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७८ ॥

(उपजाति)

एकस्य कार्यं न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तयास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ७९ ॥

(उपजाति)

एकस्य भावो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।

यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८० ॥

શ્લોકાર્થ :- [हेतु:] જીવ હેતુ (કારણ) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ હેતુ (કારણ) નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૮.

શ્લોકાર્થ :- [कार्यं] જીવ કાર્ય છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ કાર્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૭૯.

શ્લોકાર્થ :- [भाव:] જીવ ભાવ છે (અર્થાત્ ભાવરૂપ છે) [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ ભાવ નથી (અર્થાત્ અભાવરૂપ છે) [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૦.

---

**જીવ હેતુ છે**. કારણ છે. લ્યો! આહાહા! રાગનું કારણ કર્મનો બંધ થાય તેનું કારણ. આગમ પદ્ધતિમાં છે રાગ કારણ પણ ઉપચારથી જીવને કારણ કહેવાય. આગમ પદ્ધતિ એમ કહે. અધ્યાત્મ પદ્ધતિ એમ કહે છે કે રાગ જ કારણ છે અને જીવ અકારણ છે. એને જીવને અકારણ કહે. આગમ પદ્ધતિ જીવને કારણ કહે

એમ. વ્યવહારનય બીજાના ભાવને બીજાના કહે.

મુમુક્ષુ :- આની અંદર પહેલાં જે બેય વાત છે. એક નયનો પક્ષ છે અને બીજી નયનો પક્ષ છે તેમાં અજ્ઞાની લેવો ને પછી ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેમાં જ્ઞાની એમ બે વિભાગ થાય ને?

ઉત્તર :- હા, બે વિભાગ થાય. એમ જ છે એમ જ છે. એટલે પહેલાં આગમ પધ્ધતિમાં આવીને પછી તેમાં ભેદજ્ઞાન કર્યું. એટલે સ્વીકાર કર્યો. કર્મનો બંધ છે, મોહી છું, રાગી છું, કર્તા-ભોકતા છું. એ વાતનો એણે સ્વીકાર કર્યો. સ્વીકાર કર્યો પછી એનો નિષેધ કર્યો. એમ. નિષેધ કરીને અંદરમાં ચાલ્યો ગયો. અંદરમાં ચાલ્યા ગયા પછી પર્યાયમાં જુએ છે તો પર્યાયમાં મિથ્યાત્વ નથી એમ. એટલે મિથ્યાત્વના મોહનો વ્યય થઇ ગયો. કર્તાબુધ્ધિ અને ભોકતાબુધ્ધિ ગઇ. જ્ઞાતા થઇ ગયો. એવો અનુભવ થાય છે.

ચિત્સ્વરૂપ છે. તત્ત્વવેદી કહ્યોને? પક્ષપાત રહિત કહ્યો ને? વિકલ્પ રહિત કહ્યો ને? નિર્વિકલ્પ થયો ને? એમ. વિકલ્પ રહિત એટલે નિર્વિકલ્પ થયો ને? પહેલાં નહોતો. પહેલાં વિકલ્પ સહિત હતો. હવે વિકલ્પ રહિત નિર્વિકલ્પ થઇ ગયો.

આજ સવારના રજનીએ એક વાત સારી કરી કે ગુરુદેવની ઓગણીસમી વખતની પુણ્ય પાપ અધિકારની કેસેટ ત્યાં ચાલતી હતી. એમાં ગુરુદેવે એમ કહ્યું કે કર્તાબુધ્ધિ અને જ્ઞાતાબુધ્ધિ એ સંસાર છે એવું કાંઇક બોલ્યા. અહીંયા આપણે જે વાત આવી તે ગુરુદેવ બોલ્યા. એમ કહ્યું ને કર્તાબુધ્ધિ અને જ્ઞાતાબુધ્ધિ. મેં કહ્યું ટેઇપની કોપી કરીને મોકલજે. આપણે તો શબ્દ મળે. ભાવ તો હતો જ. પણ શબ્દો ગુરુદેવના મળે તો પ્રમોદ આવે ને.

**જીવ કારણ છે.** બોલો. અધ્યાત્મના પ્રમાણમાં અકારણ છે, અધ્યાત્મ પ્રમાણમાં પણ નિર્મળ પર્યાયનું કારણ કહેવાય. સમજી ગયા ને! દ્રવ્ય તો અકારણ છે. અને અહીંયાં તો એ કારણ છે, એમ. કર્મ બંધાય છે એમાં જીવ કારણ છે. છે એક અંશ કારણ બીજો અંશ નથી. છતાં ભેળવીને એમ કહેવાય. કેમકે અહીંયા

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જીવ મોહી છે એમ સિધ્ધ કરવું છે ને? મોહી છે પછી નિર્મોહી થાય છે. આસ્રવ સિધ્ધ કરે તો સંવર થાય. જો આસ્રવ સિધ્ધ ન કરે તો સંવર ન થાય.

કેમકે એ એક જૈનદર્શનની વિશેષતા છે કે આસ્રવ પછી સંવર લખ્યો છે. અનુક્રમમાં જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તો જુઓ સીધો સંવર નથી લખ્યો. કેમકે આસ્રવ હોય તેનો અભાવ થાય, મોહી હોય તેનો અભાવ થાય પછી નિર્મોહી થાય. એમ. તત્ત્વવેદી તો થયો ને? તત્ત્વવેદી થયો તો આસ્રવનો અભાવ થઇ ગયો ને? અને સંવર પ્રગટ થયો કે નહીં? પછી બહેને બીજી, અમારે આ આગમ પધ્ધતિ અને અધ્યાત્મ પધ્ધતિની વાત થતી હતી મેં કીધું એ બનારસીદાસે બહુ સારું લીધું છે. પછી બનારસીદાસનું એણે વાંચ્યું અને મને ત્યાં વંચાવ્યું બધું ટેલીફોનમાં. આહા!

આગમ પધ્ધતિ એ કર્મ પધ્ધતિ છે. શું શબ્દ છે? આગમ પધ્ધતિ એ કર્મ પધ્ધતિ છે. અને અધ્યાત્મ પધ્ધતિ એ શુધ્ધ ચેતના પધ્ધતિ છે. આહાહા! આગમ પધ્ધતિને વ્યવહાર કહે છે, અજ્ઞાની મૂઢ પ્રાણી અધ્યાત્મ પધ્ધતિને નિશ્ચય કહે છે. ઓને વ્યવહાર અને આને નિશ્ચય કહે છે. એમ નથી.

મુમુક્ષુ :- જયારે દ્રવ્ય નિશ્ચય છે અને અધ્યાત્મ પધ્ધતિ વ્યવહાર છે.

ઉત્તર :- એ વ્યવહાર અને નિશ્ચય છે. અક્રિય દ્રવ્ય તે નિશ્ચય છે.

મુમુક્ષુ :- કેટલી ઊંચી વાત છે!

ઉત્તર :- આ બધી અમારે ટેલીફોનમાં વાત થાય. તું આમ જોજે આમ જોજે. પછી એને વિચાર આવે તો એ પણ જોઇ લ્યે. ટેલીફોન ચાલુ રાખી અને શાસ્ત્ર લઇ આવી અને તેમાંથી પાછું વાંચે. ટેલીફોનનો આ ઉપયોગ થાય છે. આહાહા!

અમારે ટેલીફોન ન જોઇએ. આપણે હોટ લાઇન જોઇએ. એક હોટ લાઇન આવે છે. તમને ખબર ન હોય. હોટ લાઇન એટલે શું? અહીંયા હું ટેલીફોન ઉપાડું અને ત્યાં બેલ વાગે. મારે તમારો નંબર ન જોડવો પડે. હું ટેલીફોનનું રીસીવર જેવું ઉપાડું એટલે અહીં બેલ વાગવા માંડે. અને તમે ઉપાડી ને વાત કરો. એનું કોઇ નહીં.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોઇ રોકટોક નહીં, ઓપરેટર વચમાં નહીં, કોઇ નહીં. કોઇ નહીં. નંબર જોડવાનો નહીં. તેને હોટ લાઇન કહેવાય. સમજી ગયા!

મુમુક્ષુ :- હવે એ પણ થઇ જાશે.

ઉત્તર :- આહાહા! દૂર રહેતાં હોય તો હોટ લાઇન જરૂર (પડે.) બાજુમાં રહેતા હોય તો હોટ લાઇનની કાંઇ જરૂર નહીં. ત્યાં હિંમતનગરમાં હોટ લાઇનની જરૂર ન પડે.

સમયસાર તો સમયસાર છે. જાણે આ સર્વાંગી સંપૂર્ણ શાસ્ત્ર હોય ને! હેં? કેમકે નવતત્ત્વથી ભરેલું છે ને! એટલે આસ્રવ મોહી છે. પછી તત્ત્વવેદી થયો, મોહ ગયો, આસ્રવનો નિરોધ અને સંવર પ્રગટ થયો ને! આહાહા! આસ્રવના નિરોધપૂર્વક જ સંવર પ્રગટ થાય. ખાણમાંથી સોનું અશુધ્ધ જ નીકળે અને પછી શુધ્ધ થાય છે પર્યાય. દ્રવ્ય ભલે અંદર શુધ્ધ હતું પણ એના ઘરેણાં ન થાય. દ્રવ્યે શકિતએ સોનું ભલે શુધ્ધ છે પણ એનાં ઘરેણાં ન થાય. આહા! ઘરેણાં તો પર્યાયમાંથી મલિનતા જાય સોનું ચોખ્ખું (શુધ્ધ) થાય પછી એનાં ઘરેણાં થાય. જૈનદર્શન સર્વાંગી છે. ખલાસ! આહા!

આસ્રવના અભાવપૂર્વક જ સંવર થાય. તત્ત્વાર્થસૂત્રમાં આસ્રવ પછી બંધ લખ્યો. આહાહા! એ પર્યાયાર્થિકનયનું શાસ્ત્ર છે. અહીંયાં આસ્રવ પછી સંવર. આસ્રવ પછી આસ્રવપૂર્વક બંધ થાય જ નહીં. આસ્રવના નિરોધપૂર્વક સંવર થાય, જો ભૂતાર્થનયે નવને જાણે તો. એ સ્વરૂપ છે. 'નિરપેક્ષ દષ્ટિ તે સમ્યગ્દષ્ટિ સાપેક્ષ દષ્ટિ તે મિથ્યાદષ્ટિ'થવા યોગ્ય થાય છે. કાં તો અનુભવ થઇ જાય. હું કરું છું તે નીકળી ગયું. તેરમી ગાથા અપૂર્વ છે.

**જીવ કાર્ય છે એવો એક નયનો પક્ષ છે. અને જીવ કાર્ય નથી.** કારણ-કાર્ય આવે છે ને? કોઇનું કાર્ય નથી અને કોઇનું કારણ નથી. અહીંયાં કહે છે કે કાર્ય છે. જીવ કાર્ય છે. એટલે કોઇક કારણ અને જીવનું પરિણામ થાય તે કાર્ય છે એમ. પર્યાયમાં કાર્ય થાય તો જીવને ઉપચારથી કાર્ય કહ્યું એમ. જીવ પોતે કાર્ય ન

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય. પણ પરિણામમાં કાર્ય થાય છે તો એનું કારણ કોઇક બીજો છે. અને દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે તો જીવ કાર્ય નથી એમ. કાર્ય છે અને કાર્ય નથી. એમ કહ્યું ને? **એવો બીજા નયનો પક્ષ છે. આમ ચિત્ત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે, તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.** આહાહા!

**જીવ ભાવ છે** અર્થાત ભાવરૂપ છે. અસ્તિરૂપે, હોવારૂપે, મોજુદગી **એવો એક નયનો પક્ષ છે. જીવ ભાવ નથી** પરની અપેક્ષાએ અભાવ. સ્વની અપેક્ષાએ ભાવ અને પરની અપેક્ષાએ અભાવ. એમ. **જીવ ભાવ નથી અર્થાત જીવ અભાવરૂપ છે.** તો કહે હા, **જીવ અભાવરૂપ છે.**

મુમુક્ષુ :- એટલે પરના અભાવરૂપે છે.

ઉત્તર :- પરના અભાવસ્વભાવે આત્મા રહેલો છે ને? પરનો ભાવ એમાં તો કાંઇ છે નહીં. માટે અભાવ એમ. આહા! નાસ્તિનો ધર્મ પણ એનો પોતાનો છે ને? એટલે અભાવરૂપ છે. **એવો બીજા નયનો પક્ષ છે. આમ ચિત્ત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે, તેને નિરંતર ચિત્ત્સ્વરૂપ જીવ ચિત્ત્સ્વરૂપ જ છે.**આમાં બહુ ઊંડો ઉતરતો નથી. પછી વિચાર એમ આવ્યો કે કેવળજ્ઞાન થાશે એટલે બધું આવી જાશે. આહાહા!

એક ન્યાય બેસી ગયો, બસ. બધા એપ્લાય કરી દેવા. બધા શ્લોકની અંદર આ એક જ વાત છે. બસ. આહાહા! એ જાતનો આપણો ગુરુદેવ જેવો ઉઘાડ પણ નથી. ખોટું શું? **આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે, તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.** આહાહા!

---

(उपजाति)

**एकस्य चैकोनतथा परस्य**

**चिति द्वयोर्द्वाविति पक्षपातौ।**

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८१ ॥

(उपजाति)

एकस्य सान्तो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८२ ॥

શ્લોકાર્થ :- [एकः] જીવ એક છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે [च] અને [न तथा] જીવ એક નથી (-અનેક છે) [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૧.

શ્લોકાર્થ :- [सान्तः] જીવ સાંત (-અંત સહિત) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ શાંત નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक્ષपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૨.

---

**જીવ એક છે એવો એક નયનો પક્ષ છે. લ્યો! અને એક નથી જીવ અનેક છે.** એક જ જીવ એક પણ છે અને અનેક પણ છે. એ પ્રમાણનું વાકય છે. એક છે અનેકરૂપ નથી. એ નય વાકય છે. પ્રમાણ સપ્તભંગી જુદી અને નય સપ્તભંગી જુદી છે. પ્રમાણ સપ્તભંગી છે એ પરથી જુદો પાડીને દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ છે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ સિદ્ધ કરે છે. નય સપ્તભંગી દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે તે દ્રવ્ય ઉપાદેય છે એમ. એમકે બેમાં મોટો ફેર છે. **એવો બીજા નયનો એક પક્ષ છે. આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે, તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.** આહાહા!

**જીવ સાંત છે. અંત સહિત છે,** બોલો! અનાદિ-અનંત કહ્યું'તુંને? તો કહે ના સાંત છે. પર્યાય અપેક્ષાએ.

મુમુક્ષુ :- છે પર્યાય સાંત અને વ્યવહારે કહેવાય કે જીવ સાંત છે.

ઉત્તર :- હા, જીવ સાંત છે. એમ કહેવાય. **એવો એક નયનો પક્ષ છે. અને જીવ સાંત નથી એવો એક બીજા નયનો પક્ષ છે. અનાદિઅનંત. આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાત રહિત છે, તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.** આહાહા!

આપણે એક આ આગમ પદ્ધતિના પ્રમાણથી ટેલીફોનમાં થોડી ચર્ચા કરી એ ભરતભાઇને ને બધાને ફરીથી કહું. એ વાત થઇ ગઇ હતી કે જયારે કોઇ આગમ પદ્ધતિને સર્વથા બિલકુલ ઉડાડી દેતો હોય ત્યારે એવા જીવને સ્યાદ્વાદથી સમજાવે છે. ભાવાર્થ કર્તાએ સમયસારના કળશમાં એક પ્રશ્ન ઉઠાવ્યો છે.

શિષ્ય પ્રશ્ન કરે છે કે એક જ આત્મા સત્ પણ છે અને અસત્ પણ છે. તો કહે હા, એક જ આત્મા શુદ્ધ પણ છે અને અશુદ્ધ પણ છે. તો કહે હા. એમ પ્રશ્ન ઉઠયો છે. તેને સ્યાદ્વાદથી સમજાવે છે. કે કથંચિત સત્-અસત્, કથંચિત એક-અનેક, કથંચિત નિત્ય-અનિત્ય. જુઓને! આ સમયસાર છે ને? કાઢોને આપણે હમણાં જ બેને પાના ફેરવ્યા. આ આવ્યું છે તો ચોખ્ખું કરી લેવું ને? આનો પાઠ હોય તો મજા આવે. પાનું છે? કયો શ્લોક છે? ચોથો હશે? હેં?

મુમુક્ષુ :- બીજો છે.

ઉત્તર :- બીજો છે? આહા! એ ગોથા ખાવાનાં પણ આમાં ઘણા છે. અને

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગોથા નીકળી જાય એવું પણ એમાં ઘણું છે. ઉપર ત્રીજો શ્લોક છે પણ આ છે બીજાનો. બીજાનો છે. હેં? હા, ચોથું પાનું.

કોઇ પ્રશ્ન કરે કે આત્માને અનંતધર્મોવાળો કહ્યો છે તો તેમાં અનંતધર્મો કયા કયા છે? એ છે ને બહેન? નીકળ્યું? એ ભાવાર્થનું છે. ભાવાર્થનો બીજો પારો છે. ભાવાર્થનો બીજો પારો છે. 'પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ' એમ શ્લોક છે. એની પછીનું છે. છે ને? એમાં અનંત અનેકધર્મો છે. એનો ભાવાર્થ કર્તા કહે છે. મળ્યું?

મુમુક્ષુ :- એ તો મળ્યું પણ ચોથા કળશમાં પણ છે.

ઉત્તર :- પહેલાં આમાં લઇ લઇએ. હં... કે ઓમાં જ છે?

મુમુક્ષુ :- ઓમાં જ છે.

ઉત્તર :- ચોથામાં? હં... તો ચોથો કાઢો. આપણે એક વખત એ પણ નીકળ્યું છે. મેં આ કાઢયું. તમે કહો છો ચોથો.

સ્યાદ્‌વાદ છે એ સ્યાદ્‌વાદ ચોથામાં છે. બાર ગાથા પછી આવે છે. લ્યો! પાનું સત્યાવીસ (૨૭) છે. અને પછી ભાવાર્થ ૨૮માં બરાબર? હા, એ આપણો વિષય છે. એ આપણે ટેલીફોનમાં ચર્ચ્યો હતો. **જિનવચન વાણી સ્યાદ્‌વાદરૂપ છે.** જુઓ! હવે આ સ્યાદ્‌વાદના નામે પણ જીવ ગોથું ખાઇ જાય. આહાહા! **જયાં બે નયોને વિષયનો વિરોધ છે. જેમકે જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય.** એમ. એ એક દલીલ છે. જે સત્ હોય તે અસત્ ન હોય એમ. **એક હોય તે અનેક ન હોય. નિત્ય હોય તે અનિત્ય ન હોય.** નિત્ય તો નિત્ય જ હોય. નિત્ય છે અને અનિત્ય નથી. તો કહે નહીં. નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. લે! આહાહા!

હજી પ્રશ્ન છે **નિત્ય હોય તે અનિત્ય ન હોય. ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય, શુધ્ધ હોય તે અશુધ્ધ ન હોય.** જોયું? એ શુધ્ધ-અશુધ્ધ બેય બોલ આપણે લીધા હતા. **ઇત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે-ત્યાં**

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જિનવચન કથંચિત વિવક્ષાથી સત્-અસત્રૂપ, એક-અનેકરૂપ, નિત્ય-અનિત્યરૂપ, ભેદ-અભેદરૂપ, શુધ્ધ-અશુધ્ધરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ છે તે રીતે કહીને વિરોધ મટાડી દે છે.** દ્રવ્ય અપેક્ષાએ શુધ્ધ પર્યાય અપેક્ષાએ અશુધ્ધ, દ્રવ્ય અપેક્ષાએ નિત્ય પર્યાય અપેક્ષાએ અનિત્ય. આખું પ્રમાણ. કથંચિત સ્યાદ્વાદ પ્રમાણજ્ઞાનમાં હોય. પ્રમાણજ્ઞાન છે અનુભવજ્ઞાન છે. અનુભવજ્ઞાનમાં પ્રમાણજ્ઞાન એમાં સ્યાદ્વાદ હોય પણ આત્મામાં સ્યાદ્વાદનો અભાવ છે.

આત્મા શુધ્ધ ને અશુધ્ધ એવા બે રૂપે આત્મા કયાં છે? શુધ્ધ-અશુધ્ધનો જ બોલ લઇ લ્યો ને? બીજો શું કામ લ્યો છો? હેં? આત્મા કેવો? તો કહે શુધ્ધાશુધ્ધરૂપ એવું કોઇ દિ' ન હોય. આ બહેન!

મુમુક્ષુ :- આ કલા છે.

ઉત્તર :- કલા છે. ગુરુગમ અને કાં પોતાની યોગ્યતા. બાકી કાઢી શકે નહીં એવું છે.

મુમુક્ષુ :- જેમ છે તેમ સમજવું જોઇએ.

ઉત્તર :- જેમ છે તેમ સમજવું જોઇએ. હેતુ સમજવો જોઇએ. કે અહીંયાં પદાર્થની સિધ્ધિ કરવી છે કે પ્રયોજનની સિધ્ધિ કરવી છે? તો કહે પદાર્થની સિધ્ધિ કરવી છે.

આખો પદાર્થ પ્રમાણજ્ઞાનનો વિષય જે મોક્ષમાર્ગ પ્રકાશકર્તાએ લીધો છે કે શુધ્ધાશુધ્ધ પર્યાયનો પિંડ તેને દ્રવ્ય કહેવાય. જીવતત્ત્વ નહીં. દ્રવ્ય કહેવાય. આહાહા! એનું કારણ છે કે જયારે કેવળજ્ઞાન થાય છે ત્યારે ભૂતકાળની બધી પર્યાયોરૂપે આત્મા પરિણમ્યો છે એવું કેવળજ્ઞાનમાં જ્ઞાન થાય છે. એ જ દ્રવ્ય પરિણમ્યું છે એમ. ભગવાન મહાવીરનું દ્રવ્ય સિંહરૂપે પરિણમ્યું હતું. એવું એને જ્ઞાન થાય છે. એવો એક પર્યાયનો ધર્મ ભજી ગયો હતો. પર્યાયનો વ્યય થઇ ગયો. પણ જે પર્યાય ભજી ગઇ તેનું જ્ઞાન રહી જાય છે. આહાહા! જૈનદર્શન કોઇ અપૂર્વ દર્શન છે. એ જે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રીમદે્ કહ્યું છે એ રીતે વિચારવું જોઇએ. મધ્યસ્થતા, સરળતા, જિતેન્દ્રીયપણું અને વિશાળતા. આ વિશાળતાથી જોવું જોઇએ. એકલી સંકુચિત દષ્ટિથી કામ ન આવે. આહા!

શુધ્ધ-અશુધ્ધરૂપે જે રીતે વિધમાન વસ્તુ છે તે રીતે કહીને વિરોધ મટાડી દયે છે. કથંચિત્ શુધ્ધ અને કથંચિત અશુધ્ધ. આહા! શુધ્ધ-અશુધ્ધની વાતમાં તો ત્યાં સુધી બહેન લીધું છે કે 'સવ્વે શુધ્ધાશુધ્ધનયા'ને બધા આત્મા શુધ્ધ જ છે. તો પછી? તમે કહો છો કે પર્યાયાર્થિકનયે જોવામાં આવે તો સિધ્ધ પણ અશુધ્ધરૂપે જ જણાય છે એ કઇ રીતે સિધ્ધ કરશો? આહાહા! એ બધું લીધું છે એમાં. છે ને ઓગણીસ ગાથામાં. (નિયમસાર) આહાહા! કે ભાઇ એ બધું ભૂતનૈગમનયથી આ હતું એ છે. અત્યારે સિધ્ધભગવાન અશુધ્ધરૂપે જણાય છે? તો કહે હા, અત્યારે જણાય છે. બોલો!

એટલે કે ભૂતકાળમાં, ભૂતકાળને વર્તમાનમાં જુઓ તો અશુધ્ધ દેખાય છે. અને અજ્ઞાની જીવની ભવિષ્યકાળની પર્યાયને અત્યારે જુઓ તો અત્યારે પર્યાય શુધ્ધ હોં! પર્યાય શુધ્ધ દેખાય છે. દ્રવ્ય તો બધાને શુધ્ધ છે. આહાહા! આ જ્ઞાનની અચિંત્ય તાકાત છે. સમ્યક્જ્ઞાનને, સમ્યક્જ્ઞાનની શકિતને માપવું એ પણ મુશ્કેલ છે. મને બહુ ગમે છે. નિયમસાર લાવો તો. જુઓ! ભેગાભેગું લઇ લઇએ. કેટલું વિશાળ જૈનદર્શન છે. આહાહા!

કોઇ નયે કહે સહિત છે નર-નારક આદિ પર્યાયથી. સિધ્ધ ભગવાન? તો કહે, હા. કોઇ નયે સહિત છે. આ જ્ઞાનનો વિષય છે જાણવાનો પણ એવું સમ્યક્જ્ઞાનમાં આવી જાય છે. 'સવ્વે શુધ્ધાશુધ્ધનયા' શુધ્ધનયે સર્વ જીવ ખરેખર શુધ્ધ છે. એવું શાસ્ત્રનું વચન હોવાથી પછી વિભાવ વ્યંજન પર્યાયાર્થિકનયના બળે તે સર્વ જીવ. બધા જ જીવ. પૂર્વોકત વ્યંજનપર્યાયોથી સંયુકત છે. વિશેષ એટલું કે સિધ્ધજીવોને અર્થ પર્યાયો સહિત અત્યારે પરિણતિ છે. પરંતુ વ્યંજનપર્યાયો સહિત પરિણતિ નથી. કેમ? સિધ્ધજીવો સદા નિરંજન હોવાથી.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે શિષ્ય પ્રશ્ન કરે છે. તમે કહો છો બધા સંસારીજીવો અને બધા જીવો સંસારથી સહિત છે. વ્યંજનપર્યાયથી. આ તમે કહ્યું'તું (તે) સિદ્ધને તો લાગુ પડતું નથી. જો સિદ્ધજીવો સદા નિરંજન છે તો બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુકત છે. અર્થાત બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે. એવો સૂત્રાર્થ ગાથાનો અર્થ વ્યર્થ ઠરે છે.

ઉત્તર :- વ્યર્થ નથી ઠરતો. કારણ કે નિગમ એટલે વિકલ્પ તેમાં હોય તે નૈગમ તેમ નૈગમનય ત્રણ પ્રકારનું ભૂતનૈગમનય, વર્તમાનનૈગમનય, ભાવિનૈગમનય. અહીં ભૂત નૈગમનયની અપેક્ષાએ ભગવાન સિદ્ધોને પણ, પણ. આહાહા! વ્યંજન પર્યાય-વાળાપણું અને અશુદ્ધપણું સંભવે છે. એકલી વ્યંજન પર્યાય ન લીધી. અર્થપર્યાય લીધી. અશુદ્ધપણું સંભવે છે. આહાહા! કેમકે એ પર્યાયરૂપે એ આત્મા પરિણમ્યો હતો. કેમકે અનાદિથી મિથ્યાદષ્ટિ તો હતો ને? પછી સમ્યક્ થાય છે. આહાહા!

મુમુક્ષુ :- દ્રવ્ય તો એનું એ જ છે.

ઉત્તર :- એનું એ જ દ્રવ્ય છે. અને એ દ્રવ્ય દ્રવ્યું'તું, પરિણમ્યું હતું. મિથ્યાત્વરૂપે એ જ દ્રવ્ય પરિણમ્યું હતું એમ. બીજું દ્રવ્ય નહોતું. કેમકે પૂર્વ કાળે તે ભગવંતો સંસારીઓ હતા. એવો વ્યવહાર છે.

બહુ કથનથી શું? સર્વ જીવો બે દ્રવ્યના બળે શુદ્ધ તેમ જ અશુદ્ધ છે. બધા જીવો. આહા! અત્યારે સીમંધરભગવાન બે નયના બળે શુદ્ધ-અશુદ્ધ છે. હા છે. એની દિવ્યધ્વનિમાં આવ્યું છે તેની વાત કરીએ છીએ ને? તેણે કહેલી વાત આપણે કહીએ છીએ. આ વિશાળતા છે. આનું નામ વિશાળતા. એ શ્રીમદ્ કહ્યું વિશાળતાથી જો. નહીંતર તને જિનાગમનો મર્મ નહીં સમજાય. શંકા આશંકા થયા કરશે એમ. આહાહા! સર્વ જીવો શુદ્ધ તેમ જ અશુદ્ધ છે. એવો અર્થ છે. આહાહા!

આમાં પણ લીધું છે. બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા સ્યાત્પદથી અંકિત. આહાહા! ચોથા શ્લોકમાં લીધું છે. આના પછી તરત જ લીધું છે. ઓગણીસ ગાથા પછી તરત જ. બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા સ્યાત્પદથી અંકિત જિનવચનમાં

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે પુરુષો રમે છે તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને, આહા! અનૂતન અનાદિ અને કુનયના પક્ષથી નહીં ખંડિત થતી એવી ઉત્તમ પરમજયોતિને, સમયસારને શીઘ્ર દેખે છે. આહા! આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ, આત્મજ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદભાવ.

સિધ્ધભગવાન પણ કોઇ નયના બળે શુધ્ધ અને અશુધ્ધ છે. આહાહા! ભૂતનૈગમનયે. અને સંસારી જીવો પણ સિધ્ધ છે. અત્યારે? તો કહે, હા. ભાવિનૈગમનયે અત્યારે એની સિધ્ધ પર્યાય દેખાય છે. અરે પણ પર્યાય તો પ્રગટ થાય ત્યારે દેખાય. પર્યાય તો પ્રગટ-પ્રગટ હોય તે દેખાય. તો હવે સિધ્ધ ભગવાનની મિથ્યાત્વની પર્યાય તો પ્રગટ નથી. તોપણ કહે કે અત્યારે દેખાય છે. એમ સંસારી જીવની સિધ્ધપર્યાય પ્રગટ નથી તોપણ અત્યારે દેખાય છે. એ આ જીવ છે ને? તે અત્યારે મને સિધ્ધપણે, જણાય છે, અરિહંતપણે જણાય છે. એ ફેકટ છે. હકીકત છે. અરે! પ્રેમચંદજી! એક અપેક્ષાએ ચોથો કાળ દેખાય છે. એ જ્ઞાનમાં શંકા ન કરવી. જ્ઞાનમાં શંકા ન કરવી. આત્મજ્ઞાનમાં શંકા ન કરવી. આત્મજ્ઞાનની તાકાત કોઇ જુદા પ્રકારની છે. એટલું ખરું વિશાળતાથી શું અહીંયાં પ્રયોજન સિધ્ધ કરવું છે. એટલો વિચાર આવે તો વિરોધ ટળી જાય. કોઇ વિરોધ જેવું લાગતું નથી.

સિધ્ધભગવાનને સંસારી કહ્યા અને એકલી વ્યંજન પર્યાય નહીં. બહેન! અર્થ પર્યાય લીધી. અશુધ્ધપણું છે. અશુધ્ધપણું હતું એમ નથી લખ્યું.

મુમુક્ષુ :- છે. કેમકે એ નયનું કામ એવું છે કે છેપણે એ જાણે.-વર્તમાનવત છે.

ઉત્તર :-વર્તમાનવત છે. એ વર્તમાન છે.

મુમુક્ષુ :- એનાથી દ્રવ્ય અભેદ છે એમ જ્ઞાનમાં જણાય છે.

ઉત્તર :- એ પર્યાયથી અનન્ય છે ને? એ પર્યાયથી દ્રવ્ય અનન્ય પરિણમ્યું હતું. હા. એ પરિણમન એનું હતું. બીજાનું નહોતું. મિથ્યાત્વરૂપે જીવ પરિણમે છે. આહાહા! સિધ્ધરૂપે પણ જીવ પરિણમે છે. બોલો! સંસારી જીવ અત્યારે સિધ્ધ? તો કહે અત્યારે સિધ્ધ. અમને તો આ જીવની સિધ્ધની પર્યાય દેખાય છે. આ જીવની આચાર્યની પર્યાય દેખાય છે. જ્ઞાનમાં આવી જાય. અદભૂત વાત છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાયક જીવને અમૃત લાગે. અજ્ઞાની દુર્ભવી જીવ હોય એને ન બેસે. આવા તો પ્રથમાનુયોગમાં ઘણા દાખલા હોય છે. વાંદરાના ને નોળીયાના. ઋષભદેવ ભગવાનના વખતમાં કહી દીધું કે આ તારા ગણધર થશે. અરે પણ આ તો નોળીયો ને આ છે. તમારા પુત્ર થશે અને તમારો ગણધર તમે તીર્થંકર. બોલો હવે! કેટલાય કરોડો અબજો વર્ષ પછી. હેં? અસંખ્ય અબજ વર્ષ ચાલ્યા જાય. સ્વર્ગની ભૂમિકા અને બીજે રખડતા- રખડતા-દસમા ભવે. આહાહા! દસમા ભવે આ તમારો પુત્ર અને ગણધર. અફર વાત હોં!

મુમુક્ષુ :- અફર જ હોય ને! જ્ઞાનમાં બધું અફર હોય. ફરે નહીં.

ઉત્તર :- એ જ્ઞાનનું જયોતિષપણું સાચું છે. બાકી ઓલા કુંડલી કરે એ જૂઠ્ઠી છે. એમાં કાંઇ નથી. એ તો અનુમાન છે. આહાહા! જ્ઞાનનો જેને મહિમા આવે ને તેને આત્માનો મહિમા આવી જાય. ગુરુદેવ કહેતા હતા એક સમયની જ્ઞાનની પર્યાયની તાકાત તું લે તો તને ગુણની અને ગુણીની તાકાતનો ખ્યાલ આવશે. સમજાવવા માટે, આત્માની મહિમા લાવવા માટે કહેતા હતા. કેમકે અજ્ઞાની જીવોને પર્યાય દ્વારા જ દ્રવ્યનો મહિમા આવી શકે. દ્રવ્ય તો તેણે જોયું નથી. એક અંશ દ્વારા તેને આખો અંશી બતાવે છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં આટલું આટલું સામર્થ્ય છે, ક્ષેત્રની અનંતતા, દ્રવ્યની અનંતતા, કાળની અનંતતા, ભાવની અનંતતા તેને જાણવાવાળું જ્ઞાન છે, જ્ઞાનમાં આટલું સામર્થ્ય છે એ બધું જ્ઞાનમાં જણાય છે. એમ જાણતાં જ્ઞાન નિર્વિકલ્પ થઇ જાય છે એવો એક ગુરુદેવનો બોલ છે.

ઉત્તર :- બધું જણાય છે. મને જરા ઓછું સંભળાય છે અહીં આવો ને? અહીંયાં નજીક બેસો. હજી નજીક બેસો હા, બોલો હવે કહો.

મુમુક્ષુ :- દ્રવ્યની અનંતતા, ક્ષેત્રની અનંતતા, કાળની અનંતતા, ભાવની અનંતતા એ ગુરુદેવ અનંતનું ખૂબ લેતા હતા.

ઉત્તર :- હા, દ્રવ્યનું.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- એક સમયની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય આટલી આટલી અનંતપણાને જાણી લ્યે એવું જ્ઞાનનું સામર્થ્ય છે એમ જાણતાં એ જ્ઞાન નિર્વિકલ્પ થઇ જાય છે.

ઉત્તર :- કેમકે જાણવું આવ્યું ને? જાણવું આવ્યું. બરાબર છે. એની દષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય.

મુમુક્ષુ :- એક એક ખંડ કરીને એક એકને જાણવું એવું જ્ઞાનનું સ્વરૂપ નથી એમ જાણતાં એ જ્ઞાન અટકી જાય છે. અને જ્ઞાન જ્ઞાનમાં જ ઠરે છે.

ઉત્તર :- સર્વ વિશેષોમાં વિશેષ એક સામાન્ય ઓગણપચાસ ગાથામાં આવે છે ને? એ. સર્વ વિશેષોને એક સમયમાં જાણી લ્યે. આહાહા! એવું જ્ઞાનનું સામર્થ્ય છે. એક સમયની નાનામાં નાની પર્યાય હજી કેવળજ્ઞાન થયું ન હોય ત્યાં. આહાહા! તો કેવળજ્ઞાનની શું વાત કરવી? એના ગુણની તાકાત કેટલી! એવી અનંતી કેવળજ્ઞાનની પર્યાય ભરીને બેઠો ગુણ. અનંતી પર્યાય સાદી અનંતકાળ ગુણ ખૂટે નહીં. ગુણનું પેટ કેટલું મોટું? અને ગુણીની વાત તો પછી શું કરવી? આહાહા!

માટે જ્ઞાનને લક્ષણ કહ્યું છે. બધા આચાર્યએ જ્ઞાનને લક્ષણ કહ્યું છે, ઉપયોગ લક્ષણ કહ્યું છે. બધા જ્ઞાનીઓએ કીધું છે. પ્રગટ છે. એનું લક્ષ અને લક્ષણ અભેદ પ્રગટ છે. બેય પ્રગટ છે. આ ભાઇ ત્રણ પુસ્તક લાવ્યા છે. એમાં એક મેં રાખ્યું, એક બહેનને, એક મીઠાભાઇને મોકલાવવું છે. તમારા માટે પછી મંગાવી લઇશું. મળી જાશે. આ રજનીભાઇ આવ્યા છે ને એટલે. અમારી પાસે બે છે ગમે ત્યારે જોઇતું હોય તો હમણાં વાંચજો. આહાહા!

એમાં 'પરલક્ષ અભાવાત, ચંચલતા રહિતમ અચલમ જ્ઞાનમ' તે એમાં છે. અને એક નવ નંબરનો શ્લોક એમાં લાવો તો શાસ્ત્ર. અહીં આવી જાવ બહેન આવી જાવ. કાઢો તમે કાઢો ને. આમ જોતો હતો ને હમણાં આ નેવુંનું ચાલે છે ને? ત્યાં એ નીકળ્યું. પાનું સતરમું છે. એ પહેલો પારો. અનુભવન છે ને સંસ્કૃત તેનું. સ્વાનુભવ પ્રત્યક્ષને પ્રાપ્ત કરવાથી દ્રવ્યાર્થિક દ્રવ્ય સામાન્યને વિષય કરવાવાળા તથા પર્યાય વિશેષને વિષય કરવાવાળા નયોની લક્ષ્મી ઉદયને પ્રાપ્ત નથી થતી.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેમકે હવે એ કારણ આપે છે. કારણ બહુ સરસ બતાવ્યું છે. કેમકે નય પરમાત્માના સ્વરૂપને જાણવા માટે અધિકારી નથી. આત્માને જાણવાનો નયમાં અધિકાર જ નથી. બોલો! આમાં સંસ્કૃતમાં વાંચ્યું પાછું નયાનામ પરમાત્મ અધિકાર. યોગ્યતા જ નથી. અયોગ્યાત એમ છે ને? બોલો બોલો સંસ્કૃત બોલો જરા.

મુમુક્ષુ :- 'નયાનામ પરમાત્મની અધિકાર અયોગ્યાત' યોગ્યતા જ નથી. નયમાં પરમાત્માના દર્શન કરવાની યોગ્યતા જ નથી. આહા! જુઓ! વાંચો હવે. એનું હિન્દી.

કેમકે નય પરમાત્માના સ્વરૂપને જાણવાની અધિકારી નથી. અર્થાત નયોમાં પરમાત્માના સ્વરૂપને જાણવાની સ્વતઃ ક્ષમતા નથી હોતી. એનો સ્વભાવ છે હોં! નયનો સ્વભાવ છે. નિશ્ચયનયની આ વાત છે. વ્યવહારનયનો વિષય એ તો બીજો છે. એ તો ભેદ છે. આ તો અભેદને વિષય કરનારી નિશ્ચયનય, આહાહા! એમ નહીં પણ પરમાત્માને જાણવાની અનુભવવાની નયમાં યોગ્યતા નથી. આહાહા! બીજી વાત એ પણ આવી કે નય બાહ્ય વસ્તુની પ્રકાશક હોય છે. આ બીજી વાત. નય સ્વપ્રકાશક નથી. પરપ્રકાશક છે, નય. બાહ્ય વસ્તુને પ્રસિધ્ધ કરે છે. એટલે કે નય વિકલ્પને પ્રસિધ્ધ કરે છે. નિર્વિકલ્પ તત્ત્વને પ્રસિધ્ધ નથી કરતી.

અરે! આવા એક શાસ્ત્રમાંથી એક બે સૂત્ર મળી જાય ને? બસ છે. આહા! પરલક્ષ અભાવાત તેની સામે આજે એક વિચાર આવ્યો. કહ્યું બહેનને વાત કરીશ. પરલક્ષ અભાવાત. જ્ઞાન પરના લક્ષે થાય નહીં. તો પછી આત્મલક્ષ સદ્‌ભાવાત. મને વિચાર આવ્યો કે બહેનને વાત કરીશ કે સૂત્ર ગોઠવી દયે. સંસ્કૃત જાણે છે ને ઇ. હેં? પરલક્ષ અભાવાત એ તો નાસ્તિથી વાત કરી ને? પરના લક્ષે જ્ઞાન ન થાય પણ આત્મલક્ષ સદભાવાત. હેં? અચલમ જ્ઞાનમ. આહા! લક્ષ ફેરે ફેર છે.

એનો ભાઇનો કાગળ વચ્ચે આવી ગયો હતો. કે તપાસ કરી લીધી અને હજી બાઇન્ડીંગમાં છે. અવારનવાર હું તપાસ કરતો રહું છું. અને હું આવીશ એ દરમ્યાન મળી જશે તો હું લેતો આવીશ. પરમ દિવસે સોમવારે ટ્રેઇનમાં નીકળવાના હતા. અને રવિવારે

તેમને આ પુસ્તકો હાથમાં આવ્યા. બાઇન્ડીંગમાં બહુ વાર લાગી. એને તરત જ આપ્યા ચાર પુસ્તક આપ્યા. પૈસા તો લેતા નથી. સ્વાધ્યાય હેતુ લખેલું છે. પચાસ રૂપિયામાં આ પુસ્તક પડયું છે. લગભગ ચારસો પાના છે. લગભગ ચારસો પાના ત્રણસો એંસી નેવું પાના છે. ઝીણા અક્ષર છે. નહીંતર તો આવડું (મોટું) પુસ્તક થઇ જાય.

હવે આવા શાસ્ત્રમાં કોઇનું ધ્યાન ખેંચાય નહીં. એક લીટી મળે કે પરમાત્માને, પ્રસિધ્ધ કરવામાં નયની યોગ્યતા જ નથી. આહાહા! સ્વતઃ. નયમાં યોગ્યતાનો જ અભાવ છે. બોલો! કેમકે નિર્વિકલ્પ તત્ત્વને વિકલ્પ કેવી રીતે જાણી શકે? નય તો વિકલ્પ છે. નયનો અર્થ જ વિકલ્પ છે. શુધ્ધવિકલ્પાનયા. શુધ્ધનો ભેદ એને વિકલ્પ કહેવાય. શુધ્ધમાં ભેદ ન હોય. શુધ્ધ અભેદ છે. શુધ્ધ છે ને એ અભેદ છે. આત્મા છે. એમાં ભેદ કર્યો તો નય. જ્ઞેયના સંબંધથી જ્ઞાનમાં ભેદ માલુમ પડવો એ આવે છે ને? વિકલ્પ.

---

(उपजाति)

एकस्य नित्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८३ ॥

(उपजाति)

एकस्य वाच्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८४ ॥

(उपजाति)

एकस्य नाना न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८५ ॥

શ્લોકાર્થ :- [नित्यः] જીવ નિત્ય છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ નિત્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૩.

શ્લોકાર્થ :- [वाच्यः] જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ વાચ્ય (-વચનગોચર) નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૪.

શ્લોકાર્થ :- [नाना] જીવ નાનારૂપ છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ નાનારૂપ નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक્ષपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૫.

(उपजाति)

एकस्य चेत्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८६ ॥

(उपजाति)

एकस्य द्दश्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८७ ॥

(उपजाति)

एकस्य वेद्यो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८८ ॥

શ્લોકાર્થ :- [चेत्य:] જીવ ચેત્ય (-ચેતાવાયોગ્ય) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ ચેત્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक્ષपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૬.

શ્લોકાર્થ :- [द्दश्य:] જીવ દૃશ્ય (-દેખાવાયોગ્ય) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ દૃશ્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [य: तत्त्ववेदी च्युतपक्षपात:] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૭.

શ્લોકાર્થ :- [वेद्य:] જીવ વેદ્ય (-વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ વેદ્ય નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयो:] બે નયોના

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



[द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે. ૮૮.

(उपजाति)

एकस्य भातो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात–
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८९ ॥

શ્લોકાર્થ :- [भातः] જીવ 'ભાત' (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે [एकस्य] એવો એક નયનો પક્ષ છે અને [न तथा] જીવ 'ભાત' નથી [परस्य] એવો બીજા નયનો પક્ષ છે; [इति] આમ [चिति] ચિત્સ્વરૂપ જીવ વિષે [द्वयोः] બે નયોના [द्वौ पक्षपातौ] બે પક્ષપાત છે. [यः तत्त्ववेदी च्युतपक्षपातः] જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે [तस्य] તેને [नित्यं] નિરંતર [चित्] ચિત્સ્વરૂપ જીવ [खलु चित् एव अस्ति] ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે.) ૮૯.

ભાવાર્થ :- બદ્ધ-અબદ્ધ, મૂઢ-અમૂઢ, રાગ-અરાગી, દ્વેષી-અદ્વેષી, કર્તા-અકર્તા, ભોક્તા-અભોક્તા, જીવ-અજીવ, સૂક્ષ્મ-સ્થૂલ, કારણ-અકારણ, કાર્ય-અકાર્ય, ભાવ-અભાવ, એક-અનેક, સાન્ત-અનન્ત, નિત્ય-અનિત્ય, વાચ્ય-અવાચ્ય, નાના-અનાના, ચેત્ય-અચેત્ય, દૃશ્ય-અદૃશ્ય, વેદ્ય-અવેદ્ય, ભાત-અભાત ઈત્યાદિ નયોના પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર યથાયોગ્ય વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે તે પુરુષને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.

જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વભાવ તેને પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે. ૮૯.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જીવ સાંત આવી ગયું પછી **જીવ નિત્ય છે.** બરાબર ને? ત્યાંથી છે. **જીવ નિત્ય છે એવો એક નયનો પક્ષ છે. જીવ નિત્ય નથી એવો બીજા નયનો પક્ષ છે.** પછી બીજું **જીવ વાચ્ય છે. અર્થાત વચનથી કથંચિત્ કહી શકાય એમ છે.** એમ. અને જીવ, **એવો એક નયનો પક્ષ છે. અને જીવ વાચ્ય નથી. વચન અગોચર** એમ. **જીવ નાનારૂપ અનેકરૂપ છે. એવો એક નયનો પક્ષ છે. જીવ નાનારૂપ નથી. એકરૂપ છે. એવો એક બીજા નયનો પક્ષ છે. જીવ ચૈત્ય ચેતાવા યોગ્ય છે. એવો એક નયનો પક્ષ છે. અને જીવ ચૈત્ય નથી.** બોલો! જીવ જ્ઞેય નથી.

મુમુક્ષુ :- વિકલ્પથી જ્ઞેય નથી.

ઉત્તર :- **એવો એક બીજા નયનો પક્ષ છે.**

હવે આ બેય વિકલ્પની વાત છે. **જીવ દશ્ય છે. દેખાવા યોગ્ય છે. એવો એક નયનો પક્ષ છે. જીવ દશ્ય નથી.** બોલો! જીવ દશ્ય નથી તો ભીંત દશ્ય છે? કયાંનો કયાં ભાઇ તું વિચાર તો કર? આહાહા! **એવો બીજા નયનો પક્ષ છે.** આ તો નયપક્ષથી વાત છે. **આમ ચિત્ત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જીવ વૈદ્ય વેદાવા યોગ્ય જણાવા યોગ્ય છે.** આહાહા! જ્ઞેય છે. અને જીવ જ્ઞેય નથી. લે! **જીવ વૈદ્ય નથી** આવે ને? **એવો બીજા નયનો પક્ષ છે.** આહાહા! પછી **જીવ ભાત પ્રકાશમાન અર્થાત વર્તમાન પ્રત્યક્ષ છે. એવો એક નયનો પક્ષ છે. અને જીવ ભાત નથી પ્રત્યક્ષ નથી.** બોલો! નયથી પ્રત્યક્ષ કયાંથી હોય. નયનો પક્ષ છે. આમ છે.

**ભાવાર્થ :- આ જોડકા છે. બદ્ધ-અબદ્ધ, મૂઢ-અમૂઢ, રાગી-અરાગી, દ્વેષી-અદ્વેષી, કર્તા- અકર્તા, ભોકતા-અભોકતા, જીવ-અજીવ, સૂક્ષ્મ-સ્થૂલ, કારણ-અકારણ, કાર્ય-અકાર્ય, ભાવ-અભાવ, એક-અનેક, સાન્ત-અનન્ત, નિત્ય-અનિત્ય, વાચ્ય-અવાચ્ય- નાના-અનાના, ચૈત્ય-અચૈત્ય, દશ્ય-અદશ્ય, વૈદ્ય-અવૈદ્ય, ભાત-અભાત, ઇત્યાદિ નયોના**

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પક્ષપાત છે. જે પુરુષ નયોના કથન અનુસાર,** જુઓ! ખુલાસો કરે છે. જે પુરુષ નયોના કથન અનુસાર **યથાયોગ્ય વિવક્ષાપૂર્વક** જુઓ! **વિવક્ષાપૂર્વક તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે,** છેલ્લું અહીં આવ્યું. **તે પુરુષને ચિત્ત્સ્વરૂપ જીવનો ચિત્તસ્વરૂપે અનુભવ થાય છે.**

વિકલ્પરૂપે અનુભવ છૂટી જાય છે. નિર્વિકલ્પ અનુભવ થાય છે. જ્ઞાનનો અનુભવ થાય છે. વિકલ્પનો અનુભવ છૂટી જાય છે.

**જીવમાં અનેક સાધારણ ધર્મો છે પરંતુ ચિત્સ્વરૂપ તેને પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે.** પ્રગટ. આહા! સમયે સમયે એ જ્ઞાન અનુભવમાં આવે છે. આહા! અરે! જ્ઞાયક અનુભવમાં ન આવે ને તો જ્ઞાન તો અનુભવમાં આવ્યા જ કરે. આ દુઃખ છે, માથું ચડયું એ કોણે જાણ્યું? જ્ઞાન જાણે. આ માથું દુઃખે છે કોણ જાણે? જ્ઞાન જાણે છે. જ્ઞાન પ્રગટ હોય તો જાણે ને? આ ગુમડું થયું છે. બહુ બળતરા થાય છે. છાતીમાં પેટમાં દાહ થાય છે. કોણ જાણે છે? જ્ઞાન. આહાહા! જ્ઞાન તો પ્રગટ છે. આહા! એનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ, અનુભવગોચર તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.

---

(वसन्ततिलका)

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम् ।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम् ।। ९० ।।

ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છે :-

શ્લોકાર્થ :- [एवं] એ પ્રમાણે [स्वेच्छा-समुच्छलद्-अनल्प-विकल्प-जालाम्] જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી [महतीं] મોટી [नयपक्षकक्षाम्] નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને) [व्यतीत्य] ઓળંગી જઈ (તત્ત્વવેદી) [अन्तः बहिः] અંદર અને બહાર [समरसेकरसस्वभावं]

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા [अनुभूतिमात्रम् एकम् स्वं भावम्] અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) [उपयाति] પામે છે. ૯૦.

---

**એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે.** જુઓ! એ વિકલ્પનો કર્તા આત્મા નથી. સ્વયમેવ આપોઆપ ઊઠે છે. અદ્ધરથી હોં! આ આત્માને આધારે નહીં. **એવી મોટી નયપક્ષકક્ષાને નયપક્ષની ભૂમિને ઓળંગી જઇ તત્ત્વવેદી અંદર અને બહાર,** આવ્યું? આહા! અંદરમાં જુદું કાર્ય અને બહારમાં પણ શુધ્ધતા. અંદરમાં શુધ્ધતા અને બહારમાં મૂઢતા. એ ન હોય. **ઓળંગી જઇને તત્ત્વવેદી અંદર અને બહાર સમતા-રસરૂપી** આહાહા! દ્રવ્યમાં સમતાથી ભરેલો સાગર છે અને પર્યાયમાં પણ સમતા પ્રગટ થાય છે. **સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને સ્વરૂપને પામે છે.** આહાહા! હવે જુઓ આ જ્ઞેયનું છે એ આમાં પાછું આવશે. બીજા શ્લોકમાં.

---

હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું કાવ્ય કહે છે :-

(रथोद्धता)

इन्द्रजालमिदमेवमुच्छलत्
पुष्कलोच्चलविकल्पवीचिभि: ।
यस्य विस्फुरणमेव तत्क्षणं
कृत्स्नमस्यति तदस्मि चिन्मह: ।। ९१ ।।

શ્લોકાર્થ :- [पुष्कल–उत्–चल–विकल्प–वीचिभी: उच्छलत्] પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી [इदम् एवम् कृत्स्नम् इन्द्रजालम्] આ સમસ્ત ઈંદ્રજાળને [यस्य विस्फुरणम् एव] જેનું *સ્ફુરણ માત્ર જ [तत्क्षणं]

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તત્ક્ષણ [अस्यति] ભગાડી મૂકે છે [तत् चिन्महः अस्मि] તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.

ભાવાર્થ :- ચૈતન્યનો અનુભવ થતાં સમસ્ત નયોના વિકલ્પરૂપી ઈંદ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે; એવો ચિત્પ્રકાશ હું છું. ૯૧.

---

**પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી આ સમસ્ત ઇન્દ્રજાળને જેનું સ્ફુરણ માત્ર જ તત્ક્ષણ ભગાડી મૂકે છે તે ચિન્માત્ર તેજ:પુંજ હું છું.** આહાહા! એક સમયમાં જયાં અંદરમાં ગયો. વિકલ્પની જાળ ઊઠતી હતી, આકુળતા હતી. ખલાસ! સ્ફુરણા માત્ર. આહાહા! ધનુષ્ય ટંકાર થયો ખલાસ! એમ આત્મા અંદરમાં ડૂબ્યો બધા વિકલ્પ શાંત થાય છે.

**ચૈતન્યનો અનુભવ થતાં સમસ્ત નયોના વિકલ્પરૂપી ઇન્દ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે; એવો ચિત્તપ્રકાશ હું છું.**

**હવે પક્ષાતિક્રાંતનું પક્ષને ઓળંગી ગયેલાનું શું સ્વરૂપ છે? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે.** એકસો બેતાલીસ (૧૪૨) ગાથા જ્ઞાની થવા માટે હતી. અને એકસો તેતાલીસ ગાથા સાધક થયા પછી શું હોય તેની છે. સાધકની, જ્ઞાનીની, અંતરાત્માની. એ હવે કાલે લેશું. ટાઇમ થઇ ગયો છે.

ઓલી અનુભવ કરવા માટેની ગાથા હતી. આહા! નયજ્ઞાન પરમાત્માને જાણવામાં અસમર્થ છે. નયજ્ઞાનથી જુદું જ્ઞાન એ અનુભવમાં કામ આવે છે. શ્રીમદ્ કહ્યું અનંતકાળથી જે જ્ઞાન ભવ હેતુ થતું હતું તે નયજ્ઞાન. તેનો એકસો ચુમાલીસમાં પણ નયનો નિષેધ કરે છે. સ્થૂળ રાગ ને એ બધું તો કયાંય ચાલ્યું ગયું. દ્રવ્ય-પર્યાયસ્વરૂપ જે વસ્તુ છે. એને વિચાર કોટિમાં લ્યે છે. ત્યારે એને નયો ઊભી થાય છે. વિકલ્પ. નય એટલે વિકલ્પ. પરોક્ષજ્ઞાન માનસિકજ્ઞાન એ છૂટીને અનુભવ થાય. હેં?

જીવ મોહી છે, મૂઢ છે. જુઓ! આમાં શાસ્ત્રમાં લખ્યું છે. આ અમૃતચંદ્રાચાર્યએ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લખ્યું છે. આ કહે અમને મંજુર છે. શું કામ લખ્યું છે કે એ મોહનો નાશ કરી નિર્મોહદશા કેમ પ્રાપ્ત થાય, અનુભવ કેમ થાય એટલા માટે વ્યવહાર પ્રતિપાદન કર્યું છે. નિષેધ કરવા માટે છે. નિશ્ચયનય વડે નિષેધ કરજે.

મુમુક્ષુ :- મોહનું જ્ઞાન મોહના નાશ માટે છે.

ઉત્તર :- મોહનું જ્ઞાન મોહના નાશ માટે છે મોહને રાખવા માટે નથી. આહાહા! એ બંધ અધિકારમાં છે. બંધાણો છું બંધાણો છું એવી શ્રૃંખલા એમાં બંધ નહીં છૂટે. બંધ કાપવાથી છૂટશે. એમ.

મોહી છું મોહી છું. મિથ્યાદષ્ટિ છે કે નહીં? ભલે પર્યાયમાં. તમારા મતમાં છે. પર્યાયમાં છે. પર્યાયમાં જ્ઞાન છે કે મોહ છે. વિચાર તો કર! આહાહા! અરે! જ્ઞાનના પક્ષમાં આવી જાયને તો મોહ ભાગવા માંડશે. મોહને પસીનો આવી જશે. મોહ થોડીકવારમાં મરી જશે.

અરે! જ્ઞાનની પર્યાયના પક્ષમાં પણ નથી આવતો. ચૈતન્ય લક્ષણ પ્રગટ છે. આહાહા! આણે એ ચાર બોલ પકડયા છે. ચાર બોલ. કાઢો. છે? ચાર બોલની નહોતી આપણે વાત કરી? ચોથા બોલે કાં જ્ઞાની કાં અજ્ઞાની.

અહીં જ્ઞાન પ્રગટ થાય છે. પુદગલમાં રાગ થાય છે. નંબર બે. રાગ જ્ઞાનની સત્તામાં જણાય છે. નંબર ત્રણ. અને ચોથા બોલે હું જ્ઞાનમય છું તો જ્ઞાની અને રાગનો પ્રતિભાસ દેખીને હું રાગી તો અજ્ઞાની. જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. એ ચાર બોલ એને એકડો, બગડો, ત્રગડો, ચોગડો એક જ છે.

ઇન્દ્રજાળ એટલે શું? કે વસ્તુ હોય કાંઇક અને ભાસે કાંઇક. આમ એનો સામાન્ય અર્થ એ છે. પણ એનો ભાવાર્થ અને વાચ્યાર્થ આવવો જોઇએ ને? આત્મામાં ઉતરવું જોઇએ ને? તો એમ ઉતરે છે કે આત્મા અનંતધર્માત્મક છે. અને એક એક ધર્મને ગ્રહણ કરનારી એક એક નય છે. તો જે નયથી તમે જુઓ તો એ નયથી તે સ્વરૂપ તેને એવું ભાસે છે. યથાર્થ ન ભાસે.

કોઇ પણ એક નયથી તમે જુઓ તો એવું ભાસે છે. અને જ્ઞાનથી એકરૂપ ભાસે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ અનેરા અનેરા અનેરારૂપે ભાસે છે. નયજ્ઞાનથી વિકલ્પથી જે વિકલ્પ જેને ક્ષય કરે નય, એને એ એવા સ્વરૂપે જોઇ લ્યે. એટલે એવું સ્વરૂપ નથી. નયથી જે જણાય છે એવું આત્માનું સ્વરૂપ નથી. નયથી અન્યથા ભાસે છે. નયથી યથાર્થ ભાસતું નથી. અનેકરૂપે ભાસે છે. પહેલા ગુણસ્થાનવાળો આત્મા, બીજાવાળો, ત્રીજાવાળો, ચોથાવાળો, નર, નારક, મનુષ્ય અનેક અનેક પ્રકારે આત્મા નયજ્ઞાનથી બહુરૂપી લાગે છે અને જ્ઞાનથી બધું એકરૂપ દેખાય છે. એનું બીજું રૂપ દેખાતું જ નથી.

નયજ્ઞાનથી આત્મા અનેકરૂપે દેખાય છે. બહુરૂપી. બહુરૂપી આવે છે ને? એ સાવ ખોટું. પોસ્ટમેન તરીકે આવે આપણી પાસે તારમાં સાઇન કરાવે. સમજી ગયા! મનીઓર્ડર લઇને આવે. સો રૂપિયા કાઢે હોં! શેઠ! તમારું મનીઓર્ડર છે. સો રૂપિયા લઇ લ્યો. સાચા સો રૂપિયા. હેં?

મુમુક્ષુ :- આપે નહીં. લઇ જાય. આપ્યા વગર પાછા બીજા લઇ જાય.

ઉત્તર :- હા, એ તો દેખાડે. શેઠ! સો રૂપિયાનું મનીઓર્ડર આવ્યું છે. એને આપે થોડો? સો રૂપિયાનું મનીઓર્ડર છે એમ તો એણે કહેવું જોઇએ ને? કે દસ રૂપિયાનું મનીઓર્ડર પણ લોકો બહુ જ છેતરાઇ ગયા. ઘણા છેતરાય. પછી આમ સલામ કરે અને પછી હસવા માંડે.

એમ નયજ્ઞાનથી યથાર્થ સ્વરૂપ ભાવ ભાસિત થતું નથી. માટે એને ઇન્દ્રજાળ (કહે છે) એટલે છે કાંઇક અને ભાસે છે બીજું. બીજારૂપે આત્મા દેખાય છે. આત્માનું અસલી સ્વરૂપ નયથી જણાતું નથી. જ્ઞાનથી જણાય છે બસ. ત્યારે એને તૃપ્તિ થઇ જાય છે. જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં ભાસે એટલે વિકલ્પ છૂટી જાય અને આનંદનો અનુભવ આવે. એટલે આ ઇન્દ્રજાળ છે એ વાત સાચી છે. આત્મા અનેકરૂપે દેખાય છે. એમ સમયસારમાં છેલ્લે આવે છે. આમથી જોઉં તો સંસાર દેખાય છે અને આમથી જોઉં તો મુક્તિ દેખાય છે. નયથી જ. આહાહા! એક નયથી મુક્તિ દેખાય છે અને બીજી નયથી બંધ દેખાય છે. આમ બંધ પણ દેખાય છે અને આમ જોઉં તો અબંધ દેખાય છે. એ નયથી દેખાય છે. અબંધનું સ્વરૂપ પણ સાચું

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. જે નય કહે છે અબંધ એવું સ્વરૂપ નથી. આહાહા! બસ આજે એકદમ સમાધાન થઇ ગયું. આ તો શબ્દના અર્થ. પણ ઇન્દ્રજાળ એટલે શું?

આપણે આવ્યું હતું ને? **પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી આ સમસ્ત ઇન્દ્રજાળને જેનું સ્ફુરણ માત્ર જ અનુભવ માત્ર જ તત્ક્ષણ ભગાડી મૂકે છે તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.** આહાહા! હવે એકસો ને બેતાલીસ ગાથા પૂરી થઇ. એના કળશ પૂરા થયા. હવે એકસો તેતાલીસનું મથાળું. ત્યાંથી લેવાનું છે? બરાબર છે?

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં:- ૨૬૧
## સમયસાર ગાથા :-૧૪૩ શ્લોક-૯૨
## તા. :- ૨-૩-૯૦

पक्षातिक्रान्तस्य किं स्वरूपमिति चेत्–

**दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समयपडिबद्धो ।**
**ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो ॥ १४३ ॥**

**द्वयोरपि नययोर्भणितं जानाति केवलं तु समयप्रतिबद्धः ।**
**न तु नयपक्षं गृह्णाति किञ्चिदपि नयपक्षपरिहीनः ॥ १४३ ॥**

यथा खलु भगवान्केवली श्रुतज्ञानावयवभूतयोर्व्यवहारनिश्चयनयपक्षयोः विश्वसाक्षितया केवलं स्वरूपमेव जानाति, न तु सततमुल्लसितसहजविमलसकलकेवलज्ञानतया नित्यं स्वयमेव विज्ञानधनभूतत्वात् श्रुतज्ञानभूमिकातिक्रान्ततया समस्तनयपक्षपरिग्रहदूरीभूतत्वात् कञ्चनापि नयपक्षं परिगृह्णाति, तथा किल यः श्रुतज्ञानावयवभूतयोर्व्यवहारनिश्चयनयपक्षयोः क्षयोपशमविजृम्भितश्रुतज्ञानात्मकविकल्पप्रत्युद्गमनेऽपि परपरिग्रहप्रतिनिवृत्तौत्सुक्यतया स्वरूपमेव केवलं जानाति, न तु खरतरदृष्टिगृहीतसुनिस्तुषनित्योदितचिन्मयसमयप्रतिबद्धतया तदात्वे स्वयमेव विज्ञानधनभूतत्वात् श्रुतज्ञानात्मकसमस्तान्तर्बहिर्जल्परूपविकल्पभूमिकातिक्रान्ततया समस्तनयपक्षपरिग्रहदूरीभूतत्वात्कञ्चनापि नयपक्षं परिगृह्णाति, स खलु निखिलविकल्पेभ्यः परतरः परमात्मा ज्ञानात्मा प्रत्यग्ज्योतिरात्मख्यातिरूपोऽनुभूतिमात्रः समयसारः ।

'પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે ?' -એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે :-

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,
નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.

ગાથાર્થ :- [नयपक्षपरिहीन:] નયપક્ષથી રહિત જીવ, [समयप्रतिबद्ध:] સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), [द्वयो: अपि] બન્ને [नययो:] નયોના [भणितं] કથનને [केवलं तु] કેવળ [जानाति] જાણે જ છે [तु] પરંતુ [नयपक्षं] નયપક્ષને [किञ्चित् अपि] જરા પણ [न गृह्णाति] ગ્રહણ કરતો નથી.

ટીકા :- જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે (અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી, તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઉપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતા હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી, તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવાર્થ :- જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા) છે તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે. એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય; પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે; અને જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.

---

તે આત્મા આવો અનુભવ કરે છે એમ કળશમાં કહે છે :-

(स्वागता)

चित्सवभावभरभावितभावा–
भावभावपरमार्थतयैकम् ।
वन्धपद्धतिमपास्य समस्तां
चेतये समयसारमपारम् ॥ ९२ ॥

શ્લોકાર્થ :- [चित्स्वभाव–भर–भावित–भाव–अभाव–भाव–परमार्थतया एकम्] ચિત્સ્વભાવના પુંજ વડે જ પોતાનાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે (-કરાય છે) -એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે એવા [अपारम् समसयसारम्] અપાર સમયસારને હું, [समस्तां बन्धपद्धतिम्] સમસ્ત બંધપદ્ધતિને [अपास्य] દૂર કરીને અર્થાત્ કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને, [चेतये] અનુભવું છું.

ભાવાર્થ :- નિર્વિકલ્પ અનુભવ થતાં, જેના કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી એવો સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે, 'હું અનુભવું છું' એવો પણ વિકલ્પ હોતો નથી - એમ જાણવું. ૯૨.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પક્ષાતિક્રાંતનું પક્ષને ઓળંગી ગયેલાનું શું સ્વરૂપ છે?** સાધક થઇ ગયા. એ સાધક થયા અને હજી પરમાત્મા થયા નથી. એવા સાધકનું શું સ્વરૂપ છે એમ. એકસો બેતાલીસ ઉપર શું મથાળું હતું? જુઓ!

**પણ તેથી શું? જે આત્મા બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે,** એમ. એટલે વ્યવહારનયને જે ઓળંગે છે તેને અનુભવ થાય છે એમ નથી કહ્યું. કેમકે નિશ્ચયનય પણ પદાર્થના યથાર્થ સ્વરૂપને જણાવી શકતું નથી. માટે બેય વિકલ્પ ખોટા છે. બદ્ધને વિષય કરનાર વ્યવહારનય અને અબદ્ધને વિષય કરનાર વિકલ્પાત્મકનય એ બેય નય પદાર્થના યથાર્થ સ્વરૂપને બતાવી શકતું નથી. જ્ઞાનથી જણાય છે. નયથી નથી જણાતું. નય છે એ વિકલ્પ છે.

**જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે.** એમ મથાળું હતું. હવે પક્ષાતિક્રાંત થયો તેનું શું સ્વરૂપ છે? ઓલું અનુભવ કરવા માટેનું હતું. મિથ્યાદષ્ટિ હતો ને અનુભવ કેમ થાય? એની વિધિ એકસો બેતાલીસમાં કહી દીધી.

હવે એકસો તેતાલીસમાં સાધક થયો. સાધક થયો પણ પરમાત્મા નથી થયો. એ આ ગાથા છે. સાધક થઇ ગયો પણ હજી પરમાત્મા નથી થયો. એટલે બે ભૂમિકા છે. સવિકલ્પની ભૂમિકા આવે છે અને નિર્વિકલ્પની ભૂમિકા આવે છે. બે ભૂમિમાં એ ઝૂલે છે એના ગુણસ્થાન પ્રમાણે. પણ બે પ્રકાર હજી છે. તો વિકલ્પ વખતે ઇ શું છે? નયાતિક્રાંત તો થયો છે. પક્ષાતિક્રાંત તો તમે કહો છો. અને વિકલ્પ તો એને ઉત્પન્ન થાય છે. અને નિર્વિકલ્પતા ઉત્પન્ન થાય છે એમાં તો અમારો પ્રશ્ન કાંઇ છે નહીં. નયોના વિકલ્પ મુખ્ય-ગૌણ કરીને એ પોતે વિચારે છે. શિષ્યોને સમજાવે છે. તો એ વખતે શું એનું સ્વરૂપ છે? અને નિર્વિકલ્પ વખતે તેનું શું સ્વરૂપ છે? એમ બે વાત એમાં એક ગાથામાં મૂકી છે, સાધક. એકસો તેતાલીસ ગાથા બોલો.

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઇપણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

ગાથાનો અર્થઃ- **નયપક્ષથી રહિત જીવ, સમયથી પ્રતિબદ્ધ થયો થકો,** આ રહિત ને સહિત. **અર્થાત્ ચિત્ત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો, બન્ને નયોના કથનને** એટલે સ્વરૂપને, **કેવળ જાણે જ છે. પરંતુ નયપક્ષને જરા પણ ગ્રહણ કરતો નથી.** નયો ઉત્પન્ન થાય છે. એને જાણે છે પણ નયપક્ષને ગ્રહતો નથી. અજ્ઞાની નયપક્ષને ગ્રહણ કરી લ્યે છે. એને જાણતો નથી. એનો જ્ઞાતા નથી. એનો કર્તા થાય છે. નયોના વિકલ્પનો કર્તા થાય છે. નયપક્ષ હોય ત્યાં સુધી કર્તા-કર્મની પ્રવૃત્તિ છે.

હવે નયપક્ષાતિક્રાંત થયો. અનુભવ થયો સમયથી પ્રતિબદ્ધ થયો તો નયો ઉત્પન્ન થાય છે કે નહીં. તો કહે હા, નયો તો ઉત્પન્ન થાય છે. પણ માત્ર એને જાણે છે. પરંતુ નયપક્ષને જરા પણ ગ્રહતો નથી. ગ્રહણ કરતો નથી. અજ્ઞાની નયપક્ષને ગ્રહણ કરીને મિથ્યાદષ્ટિ રહી જાય છે. અને આ અનુભવ પછી નયોના વિકલ્પ ઊઠે છે પણ એ નયોના વિકલ્પનો જ્ઞાતા છે. કર્તાનું કર્મ નથી. સવિકલ્પમાં જ્ઞાનનું જ્ઞેય થાય છે. એ આમાં પહેલાં સવિકલ્પની વાત કરશે. અને પછી નિર્વિકલ્પ (ની વાત કરશે). બે ભૂમિકા છે. સાધકની બે ભૂમિકા છે. વિકલ્પવાળી અને નિર્વિકલ્પવાળી. એકલો બેઠો હોય તો પોતે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર કરે અથવા કોઇ શિષ્યને સમજાવે. એમ. એવા વિકલ્પો પણ તેને ઉત્પન્ન થાય છે. પણ તે વિકલ્પનો જ્ઞાતા છે.

અજ્ઞાની વિકલ્પનો કર્તા બનતો હતો. હવે જ્ઞાનકર્મથી અનુભવ થયો તો સવિકલ્પ દશામાં વિકલ્પ તો આવે. પણ તે કર્તાનું કર્મ નથી. સવિકલ્પ દશા એ જ્ઞાતાનું જ્ઞેય છે. એટલે સવિકલ્પની ભૂમિકા નિર્વિકલ્પની ભૂમિકા. હવે એમાં દષ્ટાંત આપશે કેવળજ્ઞાનનું. સર્વથા નિર્વિકલ્પ થયા છે તેનું. દષ્ટાંત કેવળીનું આપશે. અને ઉતારશે શ્રુતજ્ઞાનમાં. અને શ્રુતજ્ઞાનની બે ભૂમિકા ઉતારશે. એક સવિકલ્પ અને એક નિર્વિકલ્પ. આ શું છે બહેન! આ શાસ્ત્ર કોઇ અપૂર્વ શાસ્ત્ર છે.

કે સાધક થઇ ગયા પછી પણ તેને મુંઝવણ ન થાય. એકવાર વિકલ્પ તૂટયો અને અનુભવ થયો પાછો વિકલ્પ તો આવે. સમજી ગયા!

વર્ષો પહેલાં અમને આ વિકલ્પ ઉઠયો હતો. તદ્દન સાવ બિગીનીંગ (શરૂઆત). સમજી ગયા! ત્યારે હજી ગુરુદેવને અહીંયા (અંદરમાં) સો ટકા બેસાડયા નહોતા તેની પહેલાની વાત છે. કે નિર્વિકલ્પ ધ્યાનમાં તો સમ્યગ્દર્શન પ્રગટ થઇ જાય.અને પછી નિર્વિકલ્પ ધ્યાન તો કાયમ રહેતું નથી. સવિકલ્પ દશા આવે છે. તો સમ્યગ્દર્શન ચાલ્યું જાય કે રહે? એ વિકલ્પ મને હતો. સમજી ગયા! આહાહા! એ અત્યારે અહીંયા મારા વિકલ્પનો જવાબ છે આમાં. કે સમ્યગ્દર્શન રહે છે. નયોના વિકલ્પ ભલે ઉત્પન્ન થાય પણ, આહાહા! એના પ્રત્યે ઉદાસ છે એ. જ્ઞાતા છે એનો. એ આમાં કહેશે.

એટલે સાધક થયા પછી શું સ્વરૂપ હોય એનું પણ વર્ણન કરતાં ગયા છે. પોતે સાધક હતા ને? છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે. એ પોતાનું જ એણે વર્ણન કર્યું છે. એણે પોતાનું વર્ણન કરીને બીજા સાધકને બતાવ્યું છે કે જુઓ! આ સાધકની ભૂમિકા આવી હોય છે. ક્ષણમાં વિકલ્પ અને ક્ષણમાં નિર્વિકલ્પ એવી સ્થિતિ હોય તો કોઇ પણ પ્રકારનો સમ્યગ્દર્શનજ્ઞાનમાં બાધ નથી. અને ચારિત્ર જેટલું પ્રગટ થઇ ગયું છે એટલું  રહે છે. એમાં ચારિત્ર જરા પણ ઘટતું નથી. એમ. ખ્યાલ આવ્યો?

મુમુક્ષુ :- બિલકુલ ખ્યાલ આવ્યો.

હં...વિકલ્પ કોઇ પણ ઉત્પન્ન થાય તો કોઇ મુંઝવણ કરવાનો પ્રશ્ન પણ નથી. કેમકે કેવળી નથી થયો ને? એટલા માટે. સાધક છે ને? તો બે ભૂમિકા આવે છે. કોઇ વખતે નિર્વિકલ્પ ધ્યાન, કોઇ વખતે સવિકલ્પ. (મુમુક્ષુ :- બહુ જ સુંદર. કેવળજ્ઞાન સુધી સમ્યગ્દર્શન ચાલુ રહે. પરમ સત્ય.) જે નયનો વિકલ્પ ઉત્પન્ન થાય છે તે સમ્યગ્દર્શનને બિલકુલ બાધક નથી. એ વાત છે. મને એવો સંતોષ થઇ ગયો એક જણાએ મને જવાબ દીધો. કે નય વિકલ્પ ગમે તેટલા ઉત્પન્ન થાય. સમ્યગ્દર્શન ચાલુ રહે છે. બસ.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :- જેવી રીતે,** જેવી રીતે એટલે દષ્ટાંત. કેવળીનું દષ્ટાંત આપે છે. **કેવળી ભગવાન,** કેવળજ્ઞાનમાં નય નથી હોતી. મતિજ્ઞાનમાં નય નહીં. અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન એ ચાર જ્ઞાનમાં નય નથી. એક શ્રુતજ્ઞાનમાં જ નય હોય છે. હવે કેવળી થયા એ શ્રુતજ્ઞાનને અતિક્રમી ગયા છે. શ્રુતજ્ઞાનનું શું સ્વરૂપ છે એ તો કેવળી જાણે છે. કેવળી તેના સ્વરૂપને જાણે છે.

**જેવી રીતે કેવળી ભગવાન વિશ્વના સાક્ષીપણાને લીધે,** આખા વિશ્વના જ્ઞાતા-દષ્ટા છે. અંદરનું વિશ્વ અને બહારનું વિશ્વ અનંતગુણ, અનંત પર્યાય, અનંતધર્મ એને અંદરના વિશ્વને પણ જાણે છે અને બહારના વિશ્વને પણ સાક્ષીપણે જાણે છે. **શ્રુતજ્ઞાનના અવયવભૂત,** શ્રુતજ્ઞાન પ્રમાણ અવયવી છે અને તેના બે અંશ. **એવા જે વ્યવહાર નિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે.** એને વિકલ્પ નથી ઉત્પન્ન થતો. કેવળીને વ્યવહારનયનો વિકલ્પ કે નિશ્ચયનયનો વિકલ્પ નથી. કેમકે કેવળજ્ઞાન છે તેમાં નય ન હોય. શ્રુતજ્ઞાનમાં નય હોય. શ્રુતજ્ઞાનનો અભાવ થઇ ગયો છે.

એટલે **તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે.** કે વ્યવહારનયનું શું સ્વરૂપ અને નિશ્ચયનયનું શું સ્વરૂપ. તેનો જ્ઞાતા છે. **પરંતુ નિરંતર પ્રકાશમાન સહજ, વિમળ** પરિપૂર્ણ શુદ્ધ. **સકળ કેવળજ્ઞાન વડે** આ બધા કેવળજ્ઞાનના વિશેષણ. નિરંતર પ્રકાશમાન છે. સહજ કેવળજ્ઞાન છે. વિમળ છે. પરિપૂર્ણ શુદ્ધ છે. **અને સકળ કેવળજ્ઞાન વડે જ સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઇને,** આત્માને જાણે છે એમ નથી લખ્યું. વિજ્ઞાનઘન થઇ ગયા. પાણીમાંથી બરફ થઇ ગયો. દ્રવ્ય અને પર્યાયનો જયાં ભેદ નથી. એવું અભેદ અભેદ અભેદ એકરૂપ, વિજ્ઞાનઘન થઇ ગયો ને? કેવળજ્ઞાનથી આત્મા અભેદ થઇ ગયો છે. એને કદી પણ ભેદ ઉત્પન્ન થતો નથી. ભેદનું લક્ષ આવતું જ નથી.

મુમુક્ષુ :- સર્વથા અભેદ થઇ ગયા છે.

ઉત્તર :- સર્વથા અભેદ બસ. જ્ઞેય પ્રધાનથી જુઓ તો સર્વથા અભેદ. સાધક

સર્વથા અભેદ નથી થયો. કથંચિત અભેદ થયો છે. સર્વથા અભેદ થવું બાકી છે. આહાહા!

એક આ ધ્યેય અભેદ છે અને બહેન! જ્ઞેય અભેદ થાય છે. એ વસ્તુનું સ્વરૂપ છે. આવે છે ને? જેમ જેમ વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ આસ્ત્રવોથી નિવર્તે છે. અથવા જેમ જેમ આસ્ત્રવોથી નિવર્તે છે તેમ તેમ વિજ્ઞાનઘન થતો જાય છે. સાધક માટે. એ સાધકની ભૂમિકા છે. આ છે કેવળીની ભૂમિકા. **સદા.** હવે વિજ્ઞાનઘન થવાનું બાકી નથી. થતો જાય છે એ લાગુ ન પડે. સદા વિજ્ઞાનઘન થઇ ગયો, બસ થઇ ગયો. અભેદ થવાનું બાકી નથી. અભેદ થઇ ગયો. પર્યાયથી હોં! હા. કેવળજ્ઞાન વડે. કેવળજ્ઞાન અભેદ થઇ ગયું. કેવળજ્ઞાન છે એ આત્મા છે. હવે પર્યાય નથી.

**કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઇને,** બસ. પરમાત્મા થઇ ગયા છે. હવે તે અંતરાત્મા નથી. પરમાત્મા છે. અંતરાત્મામાં બે પ્રકાર આવે. પરમાત્માના બે પ્રકાર ન હોય. સાવ વિજ્ઞાનઘન થઇ ગયા.

મુમુક્ષુ :- પૂરું અભેદ થઇ ગયું.

ઉત્તર :- પૂરું અભેદ, પૂરું જ્ઞેય થઇ ગયું. પૂરા અભેદ. ત્રિકાળ અભેદ અને ક્ષણિક અભેદ. પણ અભેદ જ બસ. એ કહેવાની જરૂર પણ નહીં. હવે એ જ્ઞેયનો પાઠ ચાલે છે. ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે.

વિજ્ઞાનઘન થયા હોયને. જુઓ આ પક્ષવાળાને ન બેસે. એકાંત જો દષ્ટિના વિષયનો પક્ષ લ્યે છે તો તે જીવોને આ ન બેસે. મધ્યસ્થ હોયને તેને બેસી જાય છે. મધ્યસ્થતા પણ એક ગુણ છે. જિનાગમનું રહસ્ય સમજવા માટે એને મધ્યસ્થ થવું પડે. જે અપેક્ષાએ જયાં જે કથન કર્યું હોય ત્યાં તે અપેક્ષાએ શિરોમાન્ય કરવું જોઇએ. એના કહેવાનો આશય સમજી લેવો જોઇએ. એમ. **સદા પોતે જ.** એટલે આત્મા જ. આત્મા વિજ્ઞાનઘન થઇ ગયો.

હવે આગળ. **શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે,** હવે શ્રુતજ્ઞાનની

ભૂમિકા (રહી નહીં) અંતરાત્મ દશા ગઇ. પરમાત્મા થઇ ગયા. પરમાત્માનો ઉત્પાદ થાય ત્યારે અંતરાત્મ દશાનો વ્યય થાય. સમજી ગયા! એ શ્રુતજ્ઞાન એટલે અંતરાત્મા એનો વ્યય થઇ ગયો. હવે એની શ્રુતજ્ઞાનની ભૂમિકા રહી નહીં. તેના અતિક્રાંતપણા વડે અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે. ત્યારે જ કેવળજ્ઞાન થાય. શ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન એક સાથે ન હોય. શ્રુતજ્ઞાન હોય ત્યારે કેવળજ્ઞાન ન હોય અને કેવળજ્ઞાન હોય ત્યારે શ્રુતજ્ઞાન ન હોય. શ્રુતજ્ઞાનનો વ્યય અને કેવળજ્ઞાનનો ઉત્પાદ. એમ કહે છે.

**(અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી** કોઇપણ નયનો પક્ષ વિકલ્પ હવે તેની દશામાં ઉત્પન્ન થતો જ નથી. તેની કેવળજ્ઞાનની દશામાં નયના વિકલ્પ નથી હોતાં. શ્રુતજ્ઞાનમાં નય હોય કેવળજ્ઞાનમાં નય ન હોય. કોઇપણ નયપક્ષને ગ્રહતા નથી. એટલે કોઇપણ નયનો વિકલ્પ તેને ઉત્પન્ન થતો નથી. બસ એ એક કેવળજ્ઞાનની ભૂમિકાનું વર્ણન કર્યું.

હવે તેની સાથે શ્રુતજ્ઞાનની ભૂમિકાને મેળવે છે. એમાં આ જીવ પક્ષાતિક્રાંત તો થઇ ગયો છે. પણ તેને સવિકલ્પદશામાં નયો ઉત્પન્ન થાય છે. ત્યારે તેને નયપક્ષ છે કે નહીં? કહે નયપક્ષ નથી. નયોનો જ્ઞાતા છે. પક્ષ નથી.

મુમુક્ષુ :- જેમ કેવળી શ્રુતજ્ઞાનથી અતિક્રાંત થઇને કેવળી થયા તે શ્રુતજ્ઞાનથી અતિક્રાંત થયા તેથી તેને શ્રુતજ્ઞાનના અવયવભૂત નિશ્ચય-વ્યવહારનય નથી હોતી. પણ તે નિશ્ચય અને વ્યવહાર બન્નેને જાણે છે. એમ જ.

ઉત્તર :- હા, કેવળી. એમ જ તે જાણે છે. નિશ્ચયનય અને વ્યવહારનયના જે નયો છે. તેને કેવળ જાણે છે પણ તેને પક્ષ નથી કે એ મારું સ્વરૂપ છે અને મારું કર્તાનું કર્મ છે. એમ નથી બિલકુલ.

મુમુક્ષુ :- એટલે સવિકલ્પદશામાં કેવળી જેવો.

ઉત્તર :- સવિકલ્પદશામાં પણ કેવળી જેવો જ્ઞાતા જ રહે છે. વિકલ્પ છે પણ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પ નથી. વિકલ્પ છે પણ એ જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. જાણે છે, એને પકડતો નથી. ગ્રહતો નથી. સમજી ગયા!

કર્તાનું કર્મ નથી. જ્ઞાનનું જ્ઞેય બની જાય છે. એના પ્રત્યે ઉત્સાહ નથી. નયોથી સમજવાનો ઉત્સાહ મરી ગયો છે. અજ્ઞાનીને નયોથી સમજવાનો ઉત્સાહ છે. આણે જ્ઞાનથી સ્વરૂપ જાણી લીધું છે. અને પછી ટકાતું નથી તો નયોના વિકલ્પ તો ઉત્પન્ન થાય છે. પણ તેનો જ્ઞાતા છે. ઉદાસીન છે. નયના વિકલ્પ પ્રત્યે પણ ઉદાસ છે.

મુમુક્ષુ :- કેમકે પક્ષાતિક્રાંત થયો છે ને?

ઉત્તર :- પક્ષાતિક્રાંત થઇ ગયો. તેનું શું સ્વરૂપ છે એ તો વાત કરે છે. પક્ષાતિક્રાંત થયો પછી પાછો કાંઇ પક્ષમાં આવે?

મુમુક્ષુ :- એટલે નયોથી અતિક્રાંત થાય પછી નયોનો જ્ઞાતા થાય છે.

ઉત્તર :- પછી નયોનો જ્ઞાતા થાય પછી સવિકલ્પ ભૂમિકા લીધી. પક્ષાતિક્રાંત થઇ ગયો. સાધક થઇ ગયો. અનુભવી થઇ ગયો.

હવે અનુભવી થઇ ગયા પછી એને કાયમ માટે નિર્વિકલ્પ ધ્યાન રહેતું નથી. એટલે સવિકલ્પ ભૂમિકા આવે છે. તો સવિકલ્પ ભૂમિકામાં નયોના વિચારો આવે છે. દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય, સદભૂત, અસદભૂત એવા બધા વિચારો વિકલ્પો ઊઠે પણ તે વિકલ્પનો કેવળ જ્ઞાતા છે. જાણનાર છે. તેને પકડતો નથી. તેને બિલકુલ પકડતો નથી. એમ. એનો જ્ઞાતા છે. એ જુદો રહીને જાણે છે. એને એ વિકલ્પ જુદા છે. જ્ઞાનથી વિકલ્પ ભિન્ન છે એમ જાણે છે. જ્ઞાન ભિન્ન અને વિકલ્પ ભિન્ન છે એમ જાણે છે. વિકલ્પને જ્ઞાનમાં આવવા દેતો નથી. વિકલ્પને દૂરથી જાણે છે. વિકલ્પ જ્ઞાનને અડતો નથી. જ્ઞાનમાં વિકલ્પ આવતો નથી.

મુમુક્ષુ :- એ બે અલગ અલગ છે.

ઉત્તર :- બેય અલગ અલગ.

મુમુક્ષુ :- વિકલ્પ છે એ જ્ઞેય છે અને જ્ઞાન છે એ જ્ઞાન છે.

ઉત્તર :- જ્ઞાન છે એ તો આની કોર છે. ઓલું બહારનું છે.

**તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા)** જુઓ! હવે પહેલી સવિકલ્પ ભૂમિકા લ્યે છે. આ જ્ઞાતા થયા પછી આવી ભૂમિકા આવે છે. એવું સાધકને જ્ઞાન કરાવે છે. તારે કાંઇ મુંઝાવાની જરૂર નથી. નયોના વિકલ્પ ઊઠશે. ઊઠે તો ભલે ઊઠે. તને નડતું નથી. તારે ગભરાવાની જરૂર નથી. **ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે.** ઓલું કેવળજ્ઞાન લીધું હતું. આ ક્ષયોપશમજ્ઞાન લીધું શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનમાં નયોની ઉત્પત્તિ થાય એમ.

**જેમનું ઊપજવું થાય છે તેવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો.** શ્રુતજ્ઞાનના વિકલ્પોને નય કહેવાય ને?

મુમુક્ષુ :- શ્રુતવિકલ્પાનયા.

ઉત્તર :- શ્રુતવિકલ્પાનયા. એ શ્રુતજ્ઞાન આત્મક વિકલ્પો. **ઉત્પન્ન થતાં હોવા છતાં,** આહાહા! ક્ષયોપશમ છે. શ્રુતજ્ઞાન છે. **વિકલ્પો ઉત્પન્ન થવા છતાં એમ. ઉત્પન્ન થતાં હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે.** જુઓ! એ નયોના વિકલ્પ ઉત્પન્ન થાય છે પણ તેના પ્રત્યે નિરૂત્સાહ છે. બેદરકાર છે. તેના પ્રત્યે ઉદાસીન છે. એ આપોઆપ વિકલ્પ ઉત્પન્ન થાય છે. કર્તાનું કર્મ નથી. જ્ઞાનનું જ્ઞેય છે એ પણ સવિકલ્પદશામાં વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ આ. નયોના વિકલ્પ ઉત્પન્ન થાય છે તેને જાણે છે.

આ પોતે લખે છે ને તે વખતે તેને વિકલ્પ છે સાધકને. અને તેના તે જ્ઞાતા છે પોતે અમૃતચંદ્રઆચાર્ય. અમૃતચંદ્રઆચાર્યને આ વિકલ્પ ઉત્પન્ન થાય છે, આહા! એ વિકલ્પ પ્રત્યે તેને પકડવાનો ઉત્સાહ મરી ગયો છે. આહા! તેની પકડમાં તો જ્ઞાયક આવી ગયો છે. નિર્વિકલ્પ ધ્યાન આવે નહીં ને સવિકલ્પમાં આવી જાય, ભલે આવે. **ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે.** વિકલ્પ નિવૃત્ત થયો છે એમ નથી લખ્યું. વિકલ્પ તો છે.

મુમુક્ષુ :- ભલે છે પણ તેને જાણવાનો ઉત્સાહ નથી.

ઉત્તર :- નથી એને, ખરેખર એ મારું જ્ઞાનનું જ્ઞેય કયાં છે?

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- વિકલ્પને જાણતો જ નથી.

ઉત્તર :- હા, જાણતો જ નથી. એ તો આત્માને જ જાણે છે. આહાહા!

**ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે શ્રુતજ્ઞાનના અવયવભૂત,** જુઓ! આ બેય વિકલ્પ શ્રુતજ્ઞાનનો અવયવ છે. **શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર-નિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે.** આ ભાવમન છે ને ભાવમન ભાવેન્દ્રિય તે શ્રુતજ્ઞાનાત્મક છે. તેમાં બે નયો ઊભી થાય. વ્યવહારનય અને નિશ્ચયનય. એના પક્ષોના સ્વરૂપને જ, જુઓ! કેવળ જ્ઞાતા છે. કેવળ જ્ઞાતા છે. આહાહા! વિકલ્પનો જ્ઞાતા છે. અહીંયા સુધી સવિકલ્પની ભૂમિકાની વાત કરી. એ જ જીવને હવે નિર્વિકલ્પની ભૂમિકા આવે છે.

આત્મા એક જ છે. સવિકલ્પદશામાં અને નિર્વિકલ્પદશામાં. પરંતુ, ઓમાં બીજી લીટીમાં છેલ્લે પરંતુ હતું. કેવળીમાં. પરંતુ નિરંતર પ્રકાશમાન, કેવળીમાં હતું ને? એ કેવળજ્ઞાન વડે સદા વિજ્ઞાનઘન થયા. અને આ તે વખતે વિજ્ઞાનઘન થાય છે. અનુભવના કાળે. **પરંતુ અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી ગ્રહવામાં આવતા,** ઓમાં કેવળજ્ઞાન વડે જાણવામાં આવતાં. એમ હતું ને? અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિ. આહાહા!

આ અતીન્દ્રિયજ્ઞાન ઓલું ઇન્દ્રિયજ્ઞાન હતું. બહેન! જે શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પ ઉત્પન્ન થતાં હતાં તે ઇન્દ્રિયજ્ઞાન હતું. માનસિકજ્ઞાન હતું. અતીન્દ્રિયજ્ઞાનમાં વિકલ્પ ઉત્પન્ન ન થાય. હવે એ વિકલ્પ દ્વારા આત્માને જાણતો નથી. અનુભવતો નથી. જ્ઞાન દ્વારા આત્માને અનુભવે છે. જ્ઞાનને ને વિકલ્પને જુદાં પાડી દીધા. જુઓ! નયોના વિકલ્પને અને જ્ઞાનને જુદાં પાડે છે હવે. **પરંતુ, અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી,** આહા! અંતર્મુખ થયેલું અતીન્દ્રિયજ્ઞાન તેની દષ્ટિથી **ગ્રહવામાં આવેલાં.** આહાહા!

**નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવન વડે) તે વખતે (અનુભવના કાળે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઇને,** ઓલું સદા વિજ્ઞાનઘન લખ્યું, બહેન! અને આ તે વખતે વિજ્ઞાનઘન થયો.

મુમુક્ષુ :- અનુભવ વખતે.

ઉત્તર :- અનુભવ વખતે. એટલે કેવળજ્ઞાનની સ્થિતિ છે એ સદા વિજ્ઞાનઘન છે. અને ઓલો અનુભવકાળે વિજ્ઞાનઘન છે. **પોતે જ વિજ્ઞાનઘન થયો હોઇને,** હોં.

ઓલું ઓમાં પણ વિજ્ઞાનઘન થયા હોઇને એમ હતું. ઓલામાં થયા છે. અને આ એ વખતે થયો. ગજબની ટીકા છે હોં! બીજો અનુભવી આની સાથે મેળવી લ્યે. અનુભવી છે ને? એ એમ કહે કે આ તો મારી સ્થિતિ છે તેનું જ વર્ણન છે. એમ તેને લાગે. એવું આ વર્ણન છે હોં. પોતે જ વિજ્ઞાનઘન થયો હોઇને, અનુભવના કાળે કોઇ પણ વિકલ્પ ઉત્પન્ન ન થાય. નિર્વિકલ્પ ધ્યાનમાં ગયો એ તો અંદર જામી ગયો છે ને! વિજ્ઞાનઘન થઇ ગયો. આહા!

હવે જયારે નિર્વિકલ્પ ધ્યાનમાં વિજ્ઞાનઘન થાય છે ત્યારે કોઇ વિકલ્પ છે કે કોઇ વિકલ્પ નથી. એનું હવે વર્ણન કરે છે. કે નિર્વિકલ્પ ધ્યાન વખતે શું છે? કે **શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાંતપણા વડે,** ઓલો સદા અતિક્રાંત હતો અને આ તે વખતે અતિક્રાંત થયો. અનુભવ વખતે ફરી ફરીને અતિક્રાંત થાય છે. ફરી ફરીને અતિક્રાંત થાય છે.

ખરેખર એ જ આત્મા છે. બહેન! જેટલો વિજ્ઞાનઘન થાય છે ને, જેટલું જ્ઞેય અભેદ થાય છે ને એટલો આત્મા છે. પછી જેટલો અભેદ થાય છે એટલો અભેદ રહે છે. પછી વિશેષ વિશેષ અભેદ થાય છે તો તેટલો રહે છે. પાછો વિશેષ અભેદ થાય તો એટલો રહે છે. એ એમાંથી જ પાછું ઓછું થાતું નથી. વૃધ્ધિ થાય છે. પણ ઓમાંથી જે થયું તે થયું. એમ. તો જેટલી મૂડી થઇ ગઇ તે તો થઇ ગઇ. વૃધ્ધિ કરે છે મૂડીના વેપારમાં બેંકની બેલેન્સ વધતી જાય. કોઇ દિ' ઘટે નહીં. એમ. આહાહા!

**તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાંતપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી** નયોના વિકલ્પ તે વખતે ઉત્પન્ન થતાં નથી બિલકુલ.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- જેમ કેવળીમાં તેમ એમાં.

ઉત્તર :- હા, કેવળીમાં કયાં વિકલ્પ ઉત્પન્ન થાય છે? એને વિકલ્પ ઉત્પન્ન ન થાય. કોઇ પણ નયપક્ષને ગ્રહતો નથી. એટલે નયપક્ષ ઉત્પન્ન થતો નથી.

તે આત્મા ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, આહા! સર્વથા પર. વિકલ્પ કોઇ નથી. એમકે આત્માના અનુભવ વખતે કાંઇ વિકલ્પ રહે છે કે કાંઇ વિકલ્પ રહેતા નથી? એવો પ્રશ્ન ઉઠયો છે. કોઇ પણ પ્રકારનો વિકલ્પ નથી એમ.

**અતિ પર(સર્વથા ભિન્ન) પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.** આહાહા! અનુભૂતિમાત્ર સમયસાર છે. જેટલો આત્માનો અનુભવ થયો એટલો આત્મા છે બસ. વિકલ્પ અને નિર્વિકલ્પની બેય ભૂમિકાની સાધકની દશાનું વર્ણન છે.

મુમુક્ષુ :- બે માં કેવળીની સાથે સરખાવે છે.

ઉત્તર :- હા, કેવળી જેવો છે. તે વખતે કેવળી જેવો છે. ભાવાર્થ કર્તા કહેશે કે અનુભવના કાળે એ કેવળી જેવો જ છે. કેવળી જ છે. કેવળી જેવો શું? કેવળી જ છે.

આવે છે ને એક. એક કેવળજ્ઞાન વડે આત્માને જાણે છે. એક શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે છે. માટે બેય શ્રુત કેવળી. એમ આવે છે ને?

મુમુક્ષુ :- હા, પ્રવચનસારની ૩૩ ગાથામાં.

ઉત્તર :- હા. ગાથામાં. સમયસારમાં પણ આવે છે ને? નવમી દસમી ગાથામાં કાંઇક આવે છે ને? કેવળી અને શ્રુતકેવળી.

મુમુક્ષુ :- સમયસારની નવ-દસ ગાથામાં તો કેવળ શ્રુતકેવળીનું આવે છે.

ઉત્તર :- હા, કેવળ શ્રુતકેવળીનું તેમાં કેવળજ્ઞાન નથી.

મુમુક્ષુ :- પ્રવચનસારની તેત્રીસ ગાથામાં કેવળી અને શ્રુતકેવળી.

ઉત્તર :-હા, તેત્રીસ ગાથામાં કેવળજ્ઞાનનું છે. એ બરાબર છે.

કેટલાક ભાવો ઉત્પન્ન થયા છે એ. એના વડે, અવિભાગ પ્રતિચ્છેદ. બેય

સરખા છે. કેવળી આત્માને કેવળજ્ઞાન વડે જાણે છે. શ્રુતજ્ઞાની શ્રુતજ્ઞાન વડે આત્માને જાણે છે. બેય સરખા છે. એનો વિષય બેયનો એક જ છે. એટલું છે કે જેટલા પ્રમાણમાં તે વિજ્ઞાનઘન થાય છે તેટલા પ્રમાણમાં એ આત્મા થાય છે એટલે સાધક છે. પૂરો વિજ્ઞાનઘન થઇ ગયો, પરમાત્મા થઇ જશે. આહા!

અમૃતચંદ્રાચાર્ય! એની શકિત ઘણી છે. અનુભવને શબ્દ દ્વારા રજુ કરવાની શકિત. આ બધી અનુભવની વાત છે. વચનાતીત છે છતાં કહેવાય એટલું વચન દ્વારા કહી દયે છે. પછી એક બહુ સરસ પાણીનો દાખલો આપશે. જ્ઞાનમાંથી જ્ઞાન ચ્યુત થયું હતું તે ફરી જ્ઞાનમાં આવી મળે છે. ઢાળવાળા માર્ગ દ્વારા પાણીને પાણીમાં ખેંચતું. એ દાખલો બહુ આને વિજ્ઞાનઘનને લાગુ પડે છે. ભાવાર્થ વાંચી લઇ પછી કાંઇ ચર્ચા કરવી હોય તો કરશું.

મુમુક્ષુ :- પહેલાં ભાવાર્થ.

ઉત્તર :- પહેલાં ભાવાર્થ વાંચી લેશું ને. બરાબર!

**ભાવાર્થ :- જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતાદષ્ટા) છે તેમ શ્રુતજ્ઞાની પણ જયારે સમસ્ત નયપક્ષોથી રહિત થઇ શુધ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે.** જ્ઞાતા છે એટલે નયનું લક્ષ કરીને જ્ઞાતા છે એમ છે નહીં. બસ જ્ઞાતા છે બસ. હવે કહેશે. ત્યાં સુધી તો આ ટીકાનું પૂરું થઇ ગયું બસ. હવે ઉપરથી પોતે કહે છે. હવે જે વાત કરે છે એ ઉપરથી વાત કરે છે. ત્રણ પ્રકાર પાડે છે. **એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય**. એકાંત એકાંત. કાં આત્મા દ્રવ્યરૂપ છે અને કાં પર્યાયરૂપ છે એમ. દ્રવ્ય-પર્યાય બેયને જાણતો નથી. પક્ષ છે ને.

**હવે પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે.** એ સાધક. ઓલો મિથ્યાદષ્ટિ પહેલો. પછી સાધકની સવિકલ્પદશા. સાધકની સવિકલ્પદશા. **અને જયારે**

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નયપક્ષને છોડી વસ્તુ સ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.** આહાહા!

અનુભૂતિના કાળે કોઇ પણ પ્રકારનો રાગ ઉત્પન્ન જ નથી થતો. બોલો હવે કરો ચર્ચા.

મુમુક્ષુ :- એટલે આમાં ત્રણ વાત કરી. એક નયનો પક્ષ સર્વથા ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય. એ તો અજ્ઞાનીની વાત છે.

ઉત્તર :- અજ્ઞાનીને એમ જ હોય. બે નયનો જ્ઞાતા નથી.

મુમુક્ષુ :- એને નયપક્ષ જ હોય છે.

ઉત્તર :- નયપક્ષ.

મુમુક્ષુ :- મિથ્યાત્વ સહિતનો રાગ.

ઉત્તર :- પકડ છે આ. પછી.

મુમુક્ષુ :- **પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે.**

ઉત્તર :- એ સાધકની સવિકલ્પદશા છે. અને પોતે વિચાર કરતા હોય અથવા બીજાને શિષ્યોને સમજાવતા હોય તો તેને મિથ્યાત્વનો દોષ લાગતો નથી. પણ ચારિત્રનો દોષ તો લાગે જ છે. મુખ્ય-ગૌણ કરીને સમજાવે છે. વસ્તુ તો દ્રવ્ય-પર્યાય સ્વરૂપ (છે એમ) એણે જાણી લીધી. મુખ્ય-ગૌણ કરીને, મુખ્ય-ગૌણની શકિત જ્ઞાનમાં છે. સમ્યક્જ્ઞાનમાં મુખ્ય-ગૌણ છે. મિથ્યાજ્ઞાનમાં મુખ્ય-ગૌણ જેવું છે જ કયાં? આ મુખ્ય અને આ ગૌણ એ એને કયાં છે? બધું મુખ્ય છે. રાગ પણ મુખ્ય છે.

મુમુક્ષુ :-અજ્ઞાનમાં તો કાંઇ છે જ નહીં.

ઉત્તર :- કાંઇ છે જ નહીં.

મુમુક્ષુ :-મુખ્ય-ગૌણ સવિકલ્પમાં હોય છે?

ઉત્તર :- સવિકલ્પમાં હોય છે. કેમકે સવિકલ્પમાં મિથ્યાત્વ રહિત ચારિત્રનો

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ રહે છે. જુઓ! એણે પોતે લખ્યું છે.

સવિકલ્પદશામાં મુખ્ય-ગૌણ કરીને સમજાવે અથવા પોતે વિચાર કરે તો રાગની ઉત્પત્તિ થાય છે. નિર્વિકલ્પ ધ્યાન નથી. પણ મિથ્યાત્વ પણ નથી. મિથ્યાત્વ નથી ને નિર્વિકલ્પ ધ્યાન પણ નથી. મિથ્યાત્વ ગયું છે. નિર્વિકલ્પ ધ્યાન આવ્યું નથી. અને સવિકલ્પદશામાં મુખ્ય-ગૌણ કરીને વિચાર કરે છે.

મુમુક્ષુ :- સવિકલ્પદશામાં સમ્યક્‌જ્ઞાનમાં.

ઉત્તર :- સમ્યક્‌જ્ઞાન. સમ્યક્‌જ્ઞાનની વાત છે. મિથ્યાત્વ રહિત શબ્દ વાપર્યો ને? એટલો ચારિત્રનો રાગ. એ રાગ છૂટે ત્યારે પાછો કેવળી જેવો.

એક અપેક્ષાએ સાધકને સવિકલ્પદશામાં આવ્યા એ તેના માટે નુકસાનનું કારણ છે આપણા માટે લાભનું કારણ છે. નહીંતર શાસ્ત્ર લખે જ નહીં ને એ તો ઠરી જાય. સવિકલ્પદશામાં એને તો એ જ હોય બીજું શું હોય? જે સ્વરૂપ ઘુંટાતું હોય અને જે રીતે પોતે પામ્યા હોય એ રીતે બીજાને બતાવે. પામેલાનું શું સ્વરૂપ અને એ કેમ પમાય તે બધી વાત કરે. બોલો પ્રશ્ન ઉઠાવો પ્રશ્ન શું છે હવે તેમાં બહુ પ્રશ્ન ઊઠે એવું છે.

મુમુક્ષુ :- ભાવાર્થમાં સવિકલ્પદશાની જે વાત કરી એ ટીકામાં એ રીતે જ છે?

ઉત્તર :-સવિકલ્પ દશાની વાત કરી. હા. એમાં જે લીધું ને સવિકલ્પદશામાં એમ કે વિકલ્પો ઉત્પન્ન થાય છે પણ તેના પ્રત્યે ઉત્સાહ નથી. ઉદાસીન છે. એટલે ચારિત્રમોહનો સવિકલ્પદશામાં રાગ ઉત્પન્ન થાય છે. પહેલી ભૂમિકા.

પહેલી ભૂમિકા સવિકલ્પની કહી ને? પછી બીજી ભૂમિકામાં એ નિર્વિકલ્પ થયો. એટલે પહેલી ભૂમિકામાં એને શ્રુતજ્ઞાનના વિકલ્પ ઉત્પન્ન થાય છે. એ મિથ્યાત્વ તો ગયું છે. અને એ ચારિત્રમોહનો રાગ છે. આ પક્ષાતિક્રાંત તો થઇ ગયો છે.

મુમુક્ષુ :- પક્ષાતિક્રાંત તો થઇ ગયો છે પણ તેમાં ભાવાર્થમાં એમ લીધું ને, કે મિથ્યાત્વ સિવાય ચારિત્ર મોહનો રાગ રહે છે.

ઉત્તર :- બસ એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે. તો મિથ્યાત્વ સિવાય

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્રમોહનો રાગ રહે.

મુમુક્ષુ :- એમાં ભાઇ ફરીથી લ્યોને. ટીકામાં સવિકલ્પદશાની વાત.

ઉત્તર :- હા, હવે શું કે ચારિત્રમોહનો જે રાગ છે એ વાત મેઇન રાખવી. હવે ચારિત્રમોહનો રાગ કયારે હોય? કે નિર્વિકલ્પ ધ્યાનમાંથી છૂટે અને સવિકલ્પમાં આવે ત્યારે. હવે સવિકલ્પમાં આવે ત્યારે વિકલ્પ ઉત્પન્ન થઇ ગયો. તો એને કયા પ્રકારના વિકલ્પ આવે? નયોના વિકલ્પ આવે ને? નયોના વિકલ્પ તો આવે. દ્રવ્યના, ગુણના, પર્યાયના, સ્યાત્‌અસ્તિ, સ્યાત્‌નાસ્તિ, સમ્યક્‌એકાંત, અનેકાંત, અભેદ, ભેદ, ભેદાભેદ એવા બધા વિકલ્પ તો ઉત્પન્ન થાય.

મુમુક્ષુ :- પણ ભાવાર્થમાં સવિકલ્પદશામાં સાધકને બાધક તત્ત્વ છે તેની મુખ્યતાથી વાત કરી છે. સવિકલ્પમાં સાધક કેવી રીતે રહે છે. ટીકામાં એની મુખ્યતાથી છે.

ઉત્તર :- જ્ઞાતા છે. હા, એણે જ્ઞાતાની મુખ્યતા કરી.

મુમુક્ષુ :- જેમ તમે તે દિવસે લીધું હતું ને? કે બદ્ધ અબદ્ધને જાણે છે એ જાણે છે એ પોતે કેવો છે? એ પોતે જ્ઞાતા છે. અને પોતે અબદ્ધ છે. એ પોતે મુકત છે.

ઉત્તર :- જ્ઞાતા છે. જ્ઞાન જ નયને જાણે છે. નય નયને જાણતું નથી. તેમ નય નથી એમ પણ નથી.

મુમુક્ષુ :- નય નયને જાણતું નથી.

ઉત્તર :- અને નથી એમ પણ નથી.

મુમુક્ષુ :- નથી એમ પણ નથી.

ઉત્તર :- નય તો છે પણ નયથી ભિન્ન જ્ઞાન પણ પ્રગટ થઇ ગયું છે.

હવે નયને જે જ્ઞાન જાણે છે એ વખતે તેને રાગ હોય છે. અસ્થિરતાનો રાગ તેને હોય છે. નહિતર તો નિર્વિકલ્પ ધ્યાન આવે. તો સાધકને સવિકલ્પ અને નિર્વિકલ્પ બે ભૂમિકા છે. એ ભૂમિકાનું જ્ઞાન કર્યું. હવે વિકલ્પ ઉત્પન્ન થાય છતાં

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ તેનો જ્ઞાતા રહે છે. તેનો સ્વામી બનતો નથી. બહેન!

એ તેનું જ્ઞાતાનું જોર તેમાં મૂળમાં આપ્યું. પણ જ્ઞાતાનું જોર આપ્યું ત્યારે ભાવાર્થ કર્તાએ એમ કહ્યું કે જ્ઞાતા તો છે. જ્ઞાતા તો થઇ ગયો. એ તો એણે સ્વીકાર કર્યો. પણ જ્ઞાતા છે છતાં તે મુખ્ય-ગૌણ કરે છે, યુગપદ્ એક સાથે બે જાણતો નથી. માટે વિકલ્પ ઉત્પન્ન થાય છે એ વિકલ્પ પોતે ચારિત્રનો રાગ છે. નય છે એ રાગ છે પણ રાગનો જ્ઞાતા છે. રાગને જ્ઞાનમાં ભેળવતો નથી. નયને જ્ઞાનથી જુદું જાણે છે. નયજ્ઞાન છે એ ઇન્દ્રિયજ્ઞાન છે ને? ઇન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાન બેય જુદું છે. પણ એ વખતે બે છે. અને નિર્વિકલ્પ ધ્યાનમાં એક જ છે. ઇન્દ્રિયજ્ઞાન નથી. ઇન્દ્રિયજ્ઞાન નથી એટલે નિર્વિકલ્પ ધ્યાનમાં નય નથી. અને સવિકલ્પદશામાં ઇન્દ્રિયજ્ઞાન ઊભું થાય છે. માટે નય ઊભી થયા વિના રહેતી નથી.

નય ઇન્દ્રિયજ્ઞાનનો ધર્મ છે. જ્ઞાનનો ધર્મ નથી. મનનો ધર્મ છે. જ્ઞાનનો ધર્મ નથી. મનમાં નયોના વિકલ્પ ઉત્પન્ન થાય છે. મન હજી મર્યું નથી. મન જીતી લીધું છે. મનને જીતી લીધું છે. પણ મર્યું નથી. પાછું ઊભું થાય છે.

મુમુક્ષુ :- મરી જાય તો તો કેવળજ્ઞાન થઇ જાય.

ઉત્તર :- તો તો કેવળજ્ઞાન (થઇ જાય) બસ. આ સાધકની બે સ્થિતિ છે ને? કે જ્ઞાનચેતના પણ છે અને કર્મચેતના પણ છે. કર્મચેતનામાં નય લેવો બસ. નય.

મુમુક્ષુ :- નય ઉત્પન્ન થાય છે એ કર્મચેતના.

ઉત્તર :- એ કર્મચેતના છે. ઇન્દ્રિયજ્ઞાનમાં જે નય ઊભી થાય છે એ કર્મચેતનામાં જાય છે. જ્ઞાનચેતનામાં નથી જતું. જ્ઞાનચેતના તો આત્મા આશ્રિત છે. અને નય છે એ પરાશ્રિત છે. બહેન!

નયોના વિકલ્પ છે એ તો ચારિત્રમોહના આશ્રયે થાય છે. ચારિત્રમોહનો ઉદય છે તેમાં જોડાતા આ નયના વિકલ્પ ઉત્પન્ન થાય છે. અને એ ઇન્દ્રિયજ્ઞાન છે, માનસિકજ્ઞાન છે, એ કર્મચેતના છે. કર્મચેતના ને જ્ઞાનચેતનાને તો ભિન્ન જાણે છે. એ એકત્વ તેને થતું નથી. સાધક છે. અને એ જ્ઞાનચેતના આત્મામાં સર્વથા એકત્વ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયું નથી. એટલે થોડુંક છૂટું પડે છે તો કર્મચેતના ઉત્પન્ન થાય છે. પાછો પ્રયત્ન કરે ને અંદર જાય છે. વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે. એવી સ્થિતિ હોય છે. નહીંતર તો ચોથા ગુણસ્થાને કેવળજ્ઞાન થાય. ચારથી બાર ગુણસ્થાન ન હોય. ચારથી બાર ગુણસ્થાન છે એ ચારિત્રમોહના છે. પહેલું ગુણસ્થાન મિથ્યાત્વનું છે, દર્શનમોહનું. અને ચોથાથી દર્શનમોહ ગયો. ચોથાથી બારમા ગુણસ્થાન સુધી ચારિત્રમોહની પરિસ્થિતિ છે. ક્ષયોપશમ, ઉપશમ છે એ બધું ગૌણ છે. પણ ચારિત્રમોહથી ગુણસ્થાન ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું, નવમું, દસમું, અગિયારમું, બારમું. ઉપશમ ને ક્ષાયિક પણ તેમાં ચારિત્રમોહની અપેક્ષા છે. સમજી ગયા!

અને છઠ્ઠે સુધી સવિકલ્પ અને નિર્વિકલ્પ બે ભૂમિ હોય. સાતમે આઠમે એકલી નિર્વિકલ્પ હોય. ત્યાં નયોના વિકલ્પ બુદ્ધિપૂર્વક ઉત્પન્ન થતાં નથી.

મુમુક્ષુ :- ત્યાં સવિકલ્પદશા જ નથી.

ઉત્તર :- હં.. નય કયાંથી હોય? ઇન્દ્રિયજ્ઞાન જ્યાં સુધી ઉપયોગાત્મક છે ત્યાં સુધી નય છે. ઇન્દ્રિયજ્ઞાન લબ્ધ થાય છે એટલે નય નથી.

જુઓ! ચોથા ગુણસ્થાને પણ ઇન્દ્રિયજ્ઞાન ઉપયોગાત્મક બંધ થઇ જાય છે. લબ્ધ થાય છે. લબ્ધ થાય છે ત્યારે નયના વિકલ્પ નથી. કેવળી જેવો છે. કેવળી જેવો છે. બહેન! આ નયોના વિકલ્પ છે એ કેવળ જ્ઞેયનો ધર્મ છે. જ્ઞાનનો ધર્મ જ નથી. નય છે એ જ્ઞેય છે. નય છે એ જ્ઞાન નથી. જ્ઞાનથી નય જુદું છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં નય નથી.

ઉત્તર :- જ્ઞાનમાં નય નથી. નય તો દોષ છે. નય ગુણ નથી. દોષ છે એને જાણે છે. જાણેલો પ્રયોજનવાન છે. નયો ઊભી થઇ છે એને જાણે છે. જાણે છે. બસ.

મુમુક્ષુ :- ગુણીને જાણે છે, ગુણને જાણે છે અને દોષને જાણે છે.

ઉત્તર :- હા, જાણે છે બસ. જાણે છે. જેટલી નય છે એટલો દોષ છે. જેટલું અતીન્દ્રિયજ્ઞાન થઇ ગયું એ ગુણ છે. અને ગુણીને પણ જાણે છે. દોષને, ગુણને અને ગુણીને જાણે છે બસ. એ સવિકલ્પદશામાં.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિર્વિકલ્પ ધ્યાનમાં તો આ આને જાણે છે, આત્માને જાણે છે એમ પણ કયાં છે? જ્ઞાન આત્માને જાણે છે એમ પણ નથી. જ્ઞાન પરને જાણે છે એમ તો નથી પણ જ્ઞાન આત્માને જાણે છે એમ પણ નથી. તો કહે જ્ઞાન આત્માને જાણતું નથી. તો કહે નથી જાણતું જા. હેં? જ્ઞાન આત્માને ન જાણે? ના ન જાણે.

મુમુક્ષુ :- એવો ભેદ નથી. કેમકે જ્ઞાન તે આત્મા થઇ ગયો છે.

ઉત્તર :- આત્મા થઇ ગયો બસ. જ્ઞાન ને આત્મા જુદા નથી.

મુમુક્ષુ :- જુદાં હોય તો જાણે ને?

ઉત્તર :- જુદા હોય તો જાણે ને? આ આને જાણે. આ આને જાણે. પણ બે તો ક્યાંય છે નહીં. એ તો અભેદ છે. દ્વૈત જ ભાસતું નથી. અંદરમાં એકાકાર થઇ જાય છે.

જુઓ! આ ખાસ કરીને આનું વજન વિજ્ઞાનઘન ઉપર છે. કેવળી સદા વિજ્ઞાનઘન થયા છે. કોઇ કહે દ્રવ્ય અને પર્યાય સર્વથા ભિન્ન છે? નહીં. કથંચિત ભિન્ન ને અભિન્ન છે. દૃષ્ટિ અપેક્ષાએ સર્વથા ભિન્નની વાત પણ સાચી છે અને જ્ઞાન અપેક્ષાએ ભિન્ન અભિન્ન બેય છે. જ્ઞાન અપેક્ષાએ સર્વથા ભિન્ન નથી. જ્ઞાનની પર્યાય હોં! અતીન્દ્રિયજ્ઞાનની પર્યાય. જ્ઞાનમાં કથંચિત સ્યાદ્વાદ છે. આત્મામાં સ્યાદ્વાદ નથી. આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદ છે. એ પણ શ્રુતજ્ઞાન છે ત્યાં સુધી કથંચિત છે. કેવળજ્ઞાન થયા પછી તો વિજ્ઞાનઘન થઇ ગયો.

પાણીનો બરફ સો ટકા થઇ ગયો. અને પાણી જામતા જામતા જામતા વાર લાગે. જેમ દૂધ જામતા જામતા દહીં થાય. જામી ગયું દહીં થઇ ગયું પછી શું? થઇ ગયું દહીં. દહીં બરાબર જામી ગયું છે? તો કહે હા, દહીં જામી ગયું છે. દૂધ જામી ગયું તો કહે હા, દૂધ જામી ગયું. હવે એનું નામ દહીં થઇ ગયું. દૂધ ન રહ્યું. હેં? આહાહા!

મુમુક્ષુ :- નામ બદલી ગયું.

ઉત્તર :- નામ બદલી ગયું. આ કેવળ સાધક આ ગાથા વાંચે ને એટલે એને બરાબર પોતાના અનુભવથી મળી જાય. સાધકને પોતાના અનુભવથી આ ગાથા

મળી જાય.

મુમુક્ષુ :- અક્ષરે અક્ષર. પરમ સત્ય.

ઉત્તર :-અક્ષરસઃ મળી જાય.

કેમકે પોતાને એવી સ્થિતિ ભજે. અને એવું આમાં સાધકનું વર્ણન છે. ૧૪૩ ગાથામાં સાધક થયા પછીનું વર્ણન છે. પણ ઇન્દ્રિયજ્ઞાનને જ્ઞેયમાં નાખ્યું છે ને? તો નય કહો કે ઇન્દ્રિયજ્ઞાન કહો તે તો જ્ઞેયનો ધર્મ છે. નય જ્ઞાનનો ધર્મ કયાં છે? જ્ઞાનમાં નય ન હોય. નય તો દોષ છે. નયજ્ઞાનથી જુદું જ્ઞાન એ આત્માને અનુભવે છે.

હા, શ્રુતજ્ઞાનથી જુદું જ્ઞાન તે કળશટીકા કળશ-૯૩ માં છે. તેમાં શ્રુતજ્ઞાન વગરનું જ્ઞાન આત્માને પ્રત્યક્ષ અનુભવે છે તેમ છે.

હા, બસ એ જ. (કળશ ૯૩ માં છે) શ્રુતજ્ઞાન વગર જે જ્ઞાન છે તે તો પ્રત્યક્ષ અનુભવે છે. આહાહા! ઓલું પરોક્ષ છે. આ પ્રત્યક્ષ છે. શ્રુતજ્ઞાન વિના એટલે કે નયજ્ઞાન વિના. શ્રુતજ્ઞાનમાં જ નય હોય. ખરેખર નય જ્ઞાન જ નથી. એ હેય છે.

મને તો ઇન્દ્રજાળ લાગે એવું બેઠું છે. બહેન! ઇન્દ્રજાળ તો અનેક રૂપ બતાવે. અનેક રૂપ બતાવે. અરે! આમ કરી લે. આમ કરે. જોઇ લે જો આ... જો આ આંબો છે હોં! આમાં કેરી છે. હા, સાહેબ કેરી છે. કેરી ઉતારે. ચાકુથી કાપીને તમને ચીર ખવડાવે. હા, હા. બધું ખોટું. એટલે હોય તેના કરતાં જુદું બતાવે એનું નામ ઇન્દ્રજાળ. અને જ્ઞાનમાં હોય એવું ભાસે. જ્ઞાનમાં જેવું સ્વરૂપ છે એવું ભાસે. નયમાં જેવું સ્વરૂપ હોય તેવું ભાસે નહીં. જો ભાસે તો તો નય અને જ્ઞાન બેય સરખા થઇ ગયા. નય તો પરાશ્રિત જ્ઞાન છે. નય તો જ્ઞેય આશ્રિત છે. જ્ઞાન આત્મા આશ્રિત છે. બેય જુદું છે. આહા!

નયોથી જુએ છે ને તો આત્મા અનેકરૂપે દેખાય છે. એકેન્દ્રિયવાળો, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, પાંચ ઇન્દ્રિય, સંજ્ઞી આ સંસારી આ સિદ્ધ. બિલકુલ ખોટી વાત છે. આત્મા સંસારી નથી ને સિદ્ધ પણ નથી.

મુમુક્ષુ :- આત્મા તો જેવો છે તેવો છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- જેવો છે તેવો છે. હા બસ એ. દ્રવ્યને સ્વભાવથી જુઓ અને પર્યાયને પણ સ્વભાવથી જુઓ. નયથી નહીં. એકરૂપે આત્મા હોવા છતાં નયજ્ઞાનથી જોતાં, કેમકે નય છે ને એકએક ધર્મને વિષય કરે છે. જે ધર્મને તમે જુઓ તો તે ધર્મવાળો આત્મા લાગે. દાખલા તરીકે. જ્ઞાનથી જુઓ તો આત્મા જ્ઞાનસ્વરૂપી લાગે. સાવ ખોટું છે. સાવ ખોટું છે. આત્મા જ્ઞાનસ્વરૂપી નથી.

મુમુક્ષુ :- આત્મા તો જેવો છે તેવો છે.

ઉત્તર :- જેવો છે તેવો છે. સમજાણું કાંઇ આમાં? શું સમજાણું?

મુમુક્ષુ :- પક્ષાતિક્રાંત જેવું છે તેવું છે.

ઉત્તર :- હા, બસ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે તો એવો છે?

મુમુક્ષુ :- ના, એવો નથી. નયની સન્મુખ છે એવો નથી.

ઉત્તર :- તમને બીજી વાત કહું છું તમને. કે આત્મા જ્ઞાનધર્મથી જોવો તો જ્ઞાનવાળો, દર્શનધર્મથી જોવો તો દર્શનવાળો, ચારિત્રધર્મથી જોવો તો ચારિત્રવાળો. તો એ એક એક ધર્મને ગ્રહણ કરનારી એક એક નય છે. તો એ એવું સ્વરૂપ નથી. આહાહા! આત્મામાં જ્ઞાન નથી, દર્શન નથી, ચારિત્ર નથી. એ તો એક જ્ઞાયક શુદ્ધ આત્મા છે એ. આ ગુણથી કહું છું તોપણ સ્વરૂપ હાથમાં નહીં આવે. તો આત્મા રાગી છે ને દ્વેષી છે ને મિથ્યાદષ્ટિ છે. આહાહા! એ વાત તો દૂર રહી.

મુમુક્ષુ :- બહુ જ સુંદર. વ્યવહારનયથી આમ છે એ વાત તો દૂર રહી. નિશ્ચયનયથી જેમ કહે છે તેમ પણ નથી.

ઉત્તર :- એટલે અસદ્ભૂત વ્યવહારનય કહે એમ તો નથી પણ સદભૂતથી કહે એમ પણ નથી.

આત્મામાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે. પછી કહે કે જ્ઞાન નથી, દર્શન નથી, ચારિત્ર નથી. ઇ એક ધર્મને અવલંબનારી નય છે. અને જ્ઞાન અનંતધર્મને એક સમયમાં પી જાય છે. ત્યારે કાંઇ પણ જાણવું બાકી રહેતું નથી. વિષયનો પ્રતિબંધ છૂટી ગયો. અનુભવ થઇ ગયો. એક સમયમાં અનંતગુણને અક્રમે જાણે. અને

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંતગુણની અનંત પર્યાય પ્રગટ થાય તેને પણ એક સમયમાં જાણે. અનંતધર્મ, નિત્ય, અનિત્ય તેને પણ એક સમયમાં જાણે. આહાહા!

મુમુક્ષુ :- આપે કહ્યું હતું ધ્યેય સમુદ્ર છે અને જ્ઞેય પણ સમુદ્ર છે. આત્મા સમુદ્ર.

ઉત્તર :- એ હજી આવવાનું છે. એ હજી મારે વ્યાખ્યા કરવાની બાકી છે. આમાં કળશો આવશે. એ કળશો આવશે ત્યારે જોજો. આહાહા!

સમુદ્ર છે. ધ્યેય પણ સમુદ્ર અને જ્ઞેય પણ સમુદ્ર. કેમકે સમુદ્ર છે. એક એક બિંદુ એવા અનંત બિંદુનો સમુહ તેને સમુદ્ર કહેવાય. તો એક એક બિંદુને તમે જુઓ તો તમને સમુદ્ર કયાં દેખાણો? એક એક બુંદ. બુંદ કહેવાય ને? હેં? જેવો ધર્મ થઇ ગયો એવો એ સમુદ્ર લાગે પણ  એવો એ નથી.

મુમુક્ષુ :- એ ગુણનું નામ આત્મા નથી. અનંતગુણોનો સમુહ છે તેનું નામ આત્મા છે. અભેદ આત્મા છે.

ઉત્તર :- હં... આત્મા છે. એ તો અભેદ આત્મા તો અભેદ જ્ઞાનથી જાણવામાં આવે છે. ભેદજ્ઞાનથી પણ અભેદ જાણવામાં આવતું નથી તો રાગથી ને વિકલ્પથી ને નયથી તો (કયાંથી જાણવામાં આવે?) આહાહા! એક એક ધર્મથી સમજાવવામાં આવે છે. ધર્મીને જે જાણતો નથી તેને એક એક ધર્મ દ્વારા સમજાવે છે. પણ એક ધર્મ જેટલો ધર્મી નથી. ધર્મને ધર્મી માનો તો મિથ્યાત્વ છે. ધર્મને...

મુમુક્ષુ :- ધર્મને ધર્મી માને તો મિથ્યાત્વ છે બરાબર સાહેબ બહુ સુંદર ખુલાસો થયો.

ધ્યેય પણ સમુદ્ર અને જ્ઞેય પણ સમુદ્ર. કાલે કહ્યું'તું ને? ધ્યેયના સમુદ્રનો પણ પાર નહીં અને જ્ઞેયના સમુદ્રનો પણ પાર નહીં. આહાહા! એક એક ધર્મથી તમે જુઓ તો આકુળતા થશે. આહાહા! યુગપદ્ એક સમયમાં અક્રમે. એક સમયની જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા ધ્યેય અને આખો આત્મા જ્ઞેય થાય છે. પછી ધ્યેય ને જ્ઞેયનો ભેદ પણ નથી રહેતો. હજી આમાં ઘણા કળશો આવશે. ૧૪૪ ગાથામાં પણ આવશે. નયોથી ખંડિત થતો નથી. આ અધિકારની પૂર્ણાહૂતિ બહુ સારી થશે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવું લાગે છે. ૧૪૪ ગાથા સુધી તેના કળશો આખો અધિકાર પૂરો થશે ને?

હવે પૂર્ણાહૂતિ માં ખૂબ આચાર્ય ભગવાન બધું આપી દેવા માંગે છે, ચૂકતે. આહાહા! શ્રુતજ્ઞાનથી જુદું જ્ઞાન, નયજ્ઞાનથી જુદું જ્ઞાન. નયોથી કેવળ વસ્તુ જેવી છે એવો નિર્ણય કરી લ્યે છે. પછી અનુભવના કાળે નય કયાં છે?

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાન પણ બે પ્રકારનું છે.

ઉત્તર :- શ્રુતજ્ઞાન તો એક જ પ્રકારનું છે. શ્રુતજ્ઞાન તો એક જ પ્રકારનું હોય છે. શ્રુતજ્ઞાનનું નિરૂપણ બે પ્રકારનું છે.

શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો કહ્યા ને? હા, એ સમ્યગ્જ્ઞાન છે ને! સમ્યગ્જ્ઞાન પ્રગટ થઇ ગયું છે. ઇન્દ્રિયજ્ઞાનને પણ શ્રુતજ્ઞાન કહેવાય. જ્ઞાનની સાથે ઇન્દ્રિયજ્ઞાન છે તો સમ્યગ્જ્ઞાન છે. પણ એ વિકલ્પો શ્રુતજ્ઞાનાત્મક છે. શ્રુતજ્ઞાનાત્મક એટલે શ્રુતજ્ઞાનમાં જે ઇન્દ્રિયજ્ઞાન છે ને ઇન્દ્રિયજ્ઞાન ક્ષયોપશમથી જેવું ઉત્પન્ન થયું છે એવો શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પ. એમ. એટલે શ્રુતજ્ઞાન તો એક જ પ્રકારનું છે. જે આત્મા આશ્રિત છે ને આત્માનો અનુભવ થાય ને જેટલું અભેદ થાય એટલું શ્રુતજ્ઞાન છે. સમજી ગયા! ખરેખર એ શ્રુતજ્ઞાન પણ નથી. એ જ્ઞાન છે. ખરેખર શ્રુતજ્ઞાન પણ નથી. ઉપાધિ કાઢી નાખો તો જ્ઞાન જ છે બસ. પણ શ્રુતજ્ઞાનથી સમજાવે છે. બીજું શું થાય? **અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિ વડે,** એમ લખ્યું છે. શ્રુતજ્ઞાન વડે એમ લખ્યું નથી.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાન તો વિકલ્પાત્મક છે ને?

ઉત્તર :- હા, એટલે જ્ઞાનદષ્ટિ લખ્યું છે. જોયું? એમાં તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિ લખ્યું છે. શ્રુતજ્ઞાન વડે નહીં. પછી સમજાવવા માટે આવે, કે શ્રુતજ્ઞાન વડે કેવળ શુધ્ધાત્માને જાણે છે તો શ્રુતકેવળી છે એમ કહ્યું. સમજી ગયા! કહેવાય. એ બધી વાત સાચી છે. બધું હોય.

**અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિ વડે,** એ શ્રુતજ્ઞાન કાઢી નાખ્યું. ઓલા કેવળજ્ઞાન વડે, આ જ્ઞાનદષ્ટિ વડે એમ લખ્યું છે. શ્રુતજ્ઞાન નહીં. એ જ્ઞપ્તિ લીધી.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન વડે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- કેવળજ્ઞાન વડે. અહીંયા એકલી જ્ઞપ્તિ લીધી. શ્રુત કાઢી નાખ્યું. જુઓ.

મુમુક્ષુ :- તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિ.

ઉત્તર :- હા, તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિ. ઓલું સ્થૂળ હતું. શ્રુતજ્ઞાન છે ને વિકલ્પાત્મક એ સ્થૂળ હતું. આપણો સ્વાધ્યાય સારો થાય છે. આ ઇન્દ્રજાળમાંથી નીકળવું તે કોઇક વિરલો જ નીકળી શકે છે.

કેમકે સર્વજ્ઞ ભગવાને બે નય કહી છે. બે નયથી નિરૂપણ છે. આહાહા! નિશ્ચયનય અને વ્યવહારનયથી. સમજાવવા માટે તો બીજો કોઇ ઉપાય નથી. વસ્તુ તો વચનથી અગોચર જ્ઞાનગમ્ય છે. વ્યવહાર દ્વારા પરમાર્થ સમજાવે છે. વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. એટલે નયજ્ઞાન અનુસરવા યોગ્ય નથી. નયજ્ઞાનને જ્ઞાન માનીશ નહીં. એમ.

મુમુક્ષુ :- જેમ શાસ્ત્ર જ્ઞાન તે જ્ઞાન નથી. નય જ્ઞાન તે જ્ઞાન નથી.

ઉત્તર :- હા, જ્ઞાન નથી. એમ. જે નય દ્વારા સમજાવે છે પણ અનુસરવા યોગ્ય નથી. એને તું જ્ઞાન માનીશ નહીં. એમ. જ્ઞાનને સમજાવવાનું એક બહિરંગ સાધન. જ્ઞાનને સમજાવવા માટે એક બહિરંગ એક સાધન છે નય જ્ઞાન.

મુમુક્ષુ :- જ્ઞાનને સમજાવે છે પણ પોતે જ્ઞાન નથી.

ઉત્તર :-પોતે જ્ઞાન નથી.

પોતે જ્ઞાન હોય તો નયને તમે છોડો તો અનુભવ થશે એવું આવે કોઇ દિ? જ્ઞાનને છોડો કહે? નયને છોડો એમ કહે પણ જ્ઞાનને છોડો એમ કહે? આહાહા! નયને જે જ્ઞાન માને છે ને એ અજ્ઞાની છે. લ્યો! ટૂકામાં આટલું છે. નયજ્ઞાન જ્ઞાન જ નથી. જ્ઞેય છે. એ માનસિકજ્ઞાનનો ભેદ છે. આત્મિકજ્ઞાનનો ભેદ નય નથી. આત્મિક જ્ઞાનનો ભેદ નય નથી. માનસિકજ્ઞાનમાં નય હોય. એ ચંચળ છે. નય છે ને? વિકલ્પ છે ને? અંતર્જલ્પ, બહિર્જલ્પ કહ્યું ને?

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાનાત્મક અંતર્જલ્પ.

ઉત્તર :- અંતર્જલ્પ છે. આહા! દુઃખદાયક છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં ૨૯૨
## સમયસાર ગાથા :- ૧૪૩
## તા. :- ૩-૩-૯૦

વિકલ્પ છૂટીને અનુભવ થયો તેનું શું સ્વરૂપ છે? એ પ્રશ્નના ઉત્તરની ગાથા કહે છે. એ કેવળી ભગવાન સર્વથા પક્ષાતિક્રાંત થઇ ગયા છે. નિશ્ચયનયે કે વ્યવહારનયે કોઇપણ નયે હવે તેને પક્ષ નથી. વિકલ્પની ઉત્પત્તિ નથી. માટે સર્વથા સર્વ અપેક્ષાએ કેવળી ભગવાન તો પક્ષાતિક્રાંત થયા છે.

પક્ષાતિક્રાંત થાય તેનું સ્વરૂપ સમજાવવા માટે કેવળીનું દૃષ્ટાંત આપે છે. સમ્યગ્દૃષ્ટિ પણ પક્ષાતિક્રાંતના કાળે કેવળી જેવો જ છે. પણ હજી તે સર્વથા પક્ષાતિક્રાંત નથી થયો. સર્વથા પક્ષાતિક્રાંત એટલે વિકલ્પથી નિર્વિકલ્પ ધારા સાદી અનંતકાળ ચાલુ રહે. એવી સ્થિતિ સાધકની નથી. વચ્ચે એને વિકલ્પ ઊઠે છે. એટલે બે પ્રકાર સાધકના વર્ણવે છે. પણ પહેલાં પૂરું સ્વરૂપ બતાવે છે.

**જેવી રીતે કેવળી ભગવાન વિશ્વના સાક્ષીપણાને લીધે,** કેવળી આખા વિશ્વના એ સાક્ષી જ્ઞાતા થઇ ગયા છે. હવે આખા વિશ્વમાં શ્રુતજ્ઞાન અને તેના ભેદો તો આવી જાય છે. એટલે પહેલાં આખું વિશ્વ લઇ લીધું. પછી એના પેટા ભેદમાં લ્યે છે. હવે **શ્રુતજ્ઞાનના અવયવભૂત** એટલે મતિજ્ઞાનમાં નય ન હોય. અવધિજ્ઞાન, મન:પર્યયજ્ઞાન તેમાં નય ન હોય. કેવળજ્ઞાનમાં નય ન હોય. નય શ્રુતજ્ઞાનમાં હોય. એટલે શ્રુતજ્ઞાન પ્રમાણજ્ઞાન છે. એ અવયવી છે. અને તેના બે અવયવ બે અંશ **એવા જે વ્યવહારનિશ્ચયનય તેના પક્ષો** તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે.

આમાં મૂળમાં અન્વયાર્થમાં શું છે કે **નયપક્ષથી રહિત જીવ** એ તો સાધકની અપેક્ષાથી વાત કરે છે. નયપક્ષથી રહિત જીવ સમયથી પ્રતિબધ્ધ થયો થકો એટલે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચિત્ત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો, એટલે એ સાધક થયો એ તો નક્કી વાત થઇ ગઇ. **અને બન્ને નયોના સ્વરૂપને કેવળ જાણે જ છે. જ્ઞાતા થઇ ગયો. પરંતુ નયપક્ષને જરાપણ ગ્રહણ કરતો નથી.** એમ ત્રણ વિભાગ પાડયા.

હવે આ કેવળીના સ્વરૂપનું દષ્ટાંત આપી ને પક્ષાતિક્રાંતનું સ્વરૂપ સમજાવતા કહે છે કે તેને શ્રુતજ્ઞાન તો નથી. પણ આખા વિશ્વનો સાક્ષી છે તો શ્રુતજ્ઞાનનો પણ સાક્ષી છે. અને શ્રુતજ્ઞાનના બે અવયવ નિશ્ચય અને વ્યવહાર તેનો પણ સાક્ષી તો છે જ. જ્ઞાતા તો છે જ. જ્ઞાતા છે એટલે તેને વર્તમાન પરિણામ હોય એનો જ જ્ઞાતા એવી કોઇ લીમીટ જ્ઞાતાની નથી. ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળનો જ્ઞાતા છે.

તો કહે છે કે એ શ્રુતજ્ઞાનને ઇ ઓળંગી ગયા છે. એને અત્યારે ક્ષયોપશમ જ્ઞાન નથી. શ્રુતજ્ઞાન નથી. પણ શ્રુતજ્ઞાનના નયના જે બે અવયવો પડે છે તેને કેવળી ભગવાન જાણે છે. **તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે પરંતુ,** હવે તેને નયપક્ષના વિકલ્પ કેમ ઉત્પન્ન થતાં નથી? અને સાધકને વિકલ્પ કેમ ઉત્પન્ન થાય છે એનો તફાવત બતાવે છે હવે. એનો તફાવત બતાવવા માટે કહે છે. કે પરંતુ એમ. આમાં પરંતુ છે અને ઓમાં પણ પરંતુ આવશે. હવે આમાં પરંતુ એટલા માટે કહે છે કે નિરંતર પ્રકાશમાન. કેવળજ્ઞાન છે એ નિરંતર પ્રકાશમાન છે. એમાં લબ્ધ ને ઉપયોગ એવા બે ભેદ પડતા નથી. નિર્વિકલ્પ ધ્યાન અને સવિકલ્પ એવી બે દશા. **નિરંતર પ્રકાશમાન સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે,** ઓલા શ્રુતજ્ઞાન વડે આ **કેવળજ્ઞાન વડે સદા હંમેશા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઇને,** હવે જયારે વિજ્ઞાનઘન થાય એટલે તેને શ્રુતજ્ઞાન ન હોય. અને શ્રુતજ્ઞાનના વિકલ્પો ઉત્પન્ન જ ન થાય.

**વિજ્ઞાનઘન થયા હોઇને,** હવે તેને નયના વિકલ્પ ઉત્પન્ન થતાં નથી કેમકે વિજ્ઞાનઘન થઇ ગયા કેવળજ્ઞાન વડે. **શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે** એમ. શ્રુતજ્ઞાનને હવે ઓળંગી ગયા છે. શ્રુતજ્ઞાન નથી અને શ્રુતજ્ઞાનના

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પો ઉત્પન્ન થતાં નથી. જેને કેવળજ્ઞાન ન હોય તેને શ્રુતજ્ઞાન હોય. અને શ્રુતજ્ઞાન હોય તો નયના વિકલ્પ ઉઠયા વિના રહે નહીં. કેવળીને કેમ નયના વિકલ્પ ઉત્પન્ન થતાં નથી? કે કેવળજ્ઞાન થયા પછી શ્રુતજ્ઞાન ન હોય. અને શ્રુતજ્ઞાનનો ભેદ જે નય એ પણ ન હોય. તો એને શું થયું? કેમ નય ઉત્પન્ન થતી નથી?

કે **શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાંતપણા વડે**. એણે શ્રુતજ્ઞાનની ભૂમિકા છોડી દીધી છે. પૂર્વે હતી. તેનો જ્ઞાતા છે. પણ તેને નયના વિકલ્પ ઉત્પન્ન થતાં નથી. કેમકે એ ભૂમિકાને ઓળંગી ગયા છે. એટલે તેને બે દશા ન હોય. સવિકલ્પ અને નિર્વિકલ્પ બે ધારા ન હોય. એટલા માટે કહે છે કે શ્રુતજ્ઞાનમાં નીચેની ભૂમિકા હતી સાધકની અંતરાત્માની તેને **અતિક્રાંતપણા વડે અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે.** શ્રુતજ્ઞાનમાં નય ઉત્પન્ન થાય. પણ એ ઓળંગી ગયા એટલે કેવળજ્ઞાન થાય પછી નય ઉત્પન્ન જ ન થાય એમ. બરાબર? **સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી,** કોઇ પણ નયના વિકલ્પો હવે ઉત્પન્ન જ થતાં નથી. **એનાથી દૂર થયા હોવાથી કોઇ પણ નયપક્ષને ગ્રહતા નથી.** એટલે નયપક્ષ તેને ઉત્પન્ન જ થતો નથી.

જે પહેલાં ત્રણ વિભાગ કહ્યા મિથ્યાત્વ સહિતનું ચારિત્રમોહ, અનુભવના કાળે, તો આ તો આને નય ઉત્પન્ન જ થતી નથી. ચારિત્રમોહનો જ અભાવ છે. શ્રુતજ્ઞાનનો અભાવ છે, અવયવનો અભાવ છે એટલે નયની ઉત્પત્તિ જ થતી નથી. એમ કહે છે. મૂળમાં નયનો અભાવ થઇ ગયો છે. **સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી કોઇ પણ નયપક્ષને ગ્રહતા નથી.** ઉત્પન્ન જ થતો નથી.

હવે કહે છે કે કેવળીની સાથે શ્રુતકેવળીને સરખાવે છે. **તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા)** જોયું? એટલે આ સાધકની વાત છે. કૌંસમાં શ્રુતજ્ઞાની આત્મા એક કેવળી આત્મા અને એક શ્રુતકેવળી આત્મા. આ શ્રુતજ્ઞાની છે. શ્રુતજ્ઞાન હોય ત્યાં નય હોય. અને શ્રુતજ્ઞાન પૂરું ન થાય ત્યાં સુધી નય ચાલ્યા કરે. શ્રુતજ્ઞાનની ભૂમિકા ઓળંગીને કેવળજ્ઞાન થાય એટલે નય ગઇ. હવે કેવળીને એ નય

સર્વથા જાય છે. આને અનુભવના કાળે જાય છે. બાકી કાળે ઊભી થાય છે. કેવળીને સર્વથા ચાલી જાય છે. શ્રુતજ્ઞાનીને અનુભવના કાળે ચાલી જાય છે. શ્રુતજ્ઞાનીને અનુભવના કાળે નય જાય છે પણ બાકીના કાળે નય ઉત્પન્ન થાય છે. કેમકે કેવળજ્ઞાન નથી. શ્રુતજ્ઞાનનો એ સ્વભાવ જ છે. શ્રુતજ્ઞાનનો એ સ્વભાવ છે કે અનુભવના કાળે નિર્વિકલ્પ ધ્યાનમાં જાય ત્યારે નય ન હોય. પણ હજી શ્રુતજ્ઞાન છે. કેવળજ્ઞાન થયું નથી. એટલે પાછા સવિકલ્પદશામાં આવે એટલે નય ઊભી થાય. એ ચારિત્રમોહના દોષ પૂરતો. ઓલો (દોષ) નથી. દર્શનમોહ ગયો છે. સમજી ગયા!

**તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા)** એટલે અંતરાત્માની વાત કરે છે. બહિરાત્મદશા ગઇ, પરમાત્મદશા થઇ નથી, અંતરદશા છે અંતરમુખ. **શ્રુતજ્ઞાની આત્મા ક્ષયોપશમથી જેમનું ઉપજવું થાય છે.** જુઓ! કેવળજ્ઞાન નથી, ક્ષાયિક નથી પણ શ્રુતજ્ઞાનથી જેમનું ઉપજવું થાય છે. **એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતાં હોવા છતાં,** એ પણ શ્રુતજ્ઞાન કહેવાય. અતીન્દ્રિયજ્ઞાન પણ શ્રુતજ્ઞાન છે અને ઇન્દ્રિયજ્ઞાન છે એ પણ શ્રુતજ્ઞાન છે. એ શ્રુતનો જ એક ભેદ છે.

**શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતાં હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,** પરનું એટલે નયના વિકલ્પને ગ્રહણ નથી કરતો કે એ મારા છે તેમાં એકતાબુદ્ધિ નથી થતી. તેનો જ્ઞાતા છે. પણ ઉત્પન્ન થાય છે. પણ નયોને જાણવાનો ઉત્સાહ નથી. ઉત્સાહ મરી ગયો છે. ઉદાસીન છે. બીજી અપેક્ષાએ કહીએ તો નયજ્ઞાનની ઉપેક્ષા છે. ઉદાસીનતા છે. નયજ્ઞાનની પણ ઉપેક્ષા છે. એને નયનો આગ્રહ નથી. નયનો આગ્રહ નથી એટલે ઉત્સાહ નથી. પોતાને સમજવા માટે કોઇ વખતે નયનો પ્રયોગ કરે, કોઇ બીજાને સમજાવવા માટે, પણ તેનો આગ્રહ નથી કે આવું જ નયથી સ્વરૂપ છે. એણે જ્ઞાનથી સ્વરૂપ જોઇ લીધું છે. બીજાને સમજાવવા માટે બીજાની પાસે અતીન્દ્રિયજ્ઞાન તો છે નહીં. એટલે એની પાસે જે જ્ઞાન છે એવા જ્ઞાન વડે સમજાવે છે. એની પાસે ઇન્દ્રિયજ્ઞાન છે. અતીન્દ્રિયજ્ઞાનમાં ઠરી જાય તો સમજાવવાનું રહેતું નથી. અને સવિકલ્પદશામાં

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે ત્યારે અતીન્દ્રિયજ્ઞાન ઉપયોગરૂપ નથી.

હવે અતીન્દ્રિયજ્ઞાન ઉપયોગરૂપ નથી રહ્યું. લબ્ધરૂપ થઇ ગયું. તો ઉપયોગરૂપ તો ઇન્દ્રિયજ્ઞાન છે. એટલે ઓની પાસે ઇન્દ્રિયજ્ઞાન અને આ ઇન્દ્રિયજ્ઞાન વડે એને સમજાવે છે. આ નયથી સમજાવે છે. ઓલો નયથી સમજે છે.

મુમુક્ષુ :- પણ તેને આગ્રહ નથી કોઇ નયનો.

ઉત્તર :- કોઇ નયનો આગ્રહ નથી. પક્ષપાત નથી. ઉપેક્ષા છે. બસ. બિલકુલ હઠાગ્રહ નથી.

મુમુક્ષુ :- હવે આ જ શબ્દો શ્રીમદ્જીના છે. શ્રીમદજીનો એક પત્ર છે કે આપની અત્યારે વાણી નીકળી એ શ્રીમદજીની વાણી છે.

ઉત્તર :-હા, એમ? વાહ! બહુ કહેવાય.

મુમુક્ષુ :- આપ વાંચો.

ઉત્તર :- નહીં તમે વાંચો.

મુમુક્ષુ :-અનંતા નય છે. એક એક પદાર્થ અનંતગુણથી અને અનંતધર્મથી યુકત છે. એક એક ગુણ અને એક એક ધર્મ પ્રત્યે અનંતનય પરિણમે છે. માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માંગીએ તો થાય નહીં. એની વાટ કોઇ બીજી હોવી જોઇએ.

ઉત્તર :- એનો રસ્તો બીજો. વાટ એટલે રસ્તો બીજો.

મુમુક્ષુ :- ઘણું કરીને આ વાટને જ્ઞાની પુરુષો જ જાણે છે. અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે.

ઉત્તર :- જોયું એ જ શબ્દો.

મુમુક્ષુ :- શ્રીમદ્ કહો કે આપ કહો એક જ વાત છે. કેટલી સેઇમ ટુ કોપી.

ઉત્તર :- મેં ઉદાસીન પણ કહ્યું'તું.

મુમુક્ષુ :- હા, ઉદાસીન અને તેમાં આગ્રહ પણ હજી આવશે. આગ્રહ નથી.

ઉત્તર :- હા, આગ્રહ નથી.

મુમુક્ષુ :- તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે. જેથી કોઇ નયનું એકાંત

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખંડન થતું નથી. અથવા કોઇ નયનું એકાંત મંડન થતું નથી.

ઉત્તર :- એકાંત ખંડન પણ નહીં અને એકાંત મંડન પણ નહીં.

મુમુક્ષુ :- જેટલી જેની યોગ્યતા છે તેટલી તે નયની સત્તા જ્ઞાની પુરુષોને સંમત હોય છે.

ઉત્તર :- સંમત હોય છે. એની મર્યાદા બસ.

મુમુક્ષુ :- હા, મર્યાદા. માર્ગ જેને નથી પ્રાપ્ત થયો તેવા મનુષ્યો જ નયનો આગ્રહ કરે છે. આહા! ભાઇ!

ઉત્તર :- નયનો આગ્રહ નહીં. આગ્રહ તો વિગ્રહ છે.

મુમુક્ષુ :- આગ્રહ તે વિગ્રહ. આગ્રહ કરે છે અને તેથી વિષમ ફળની પ્રાપ્તિ હોય છે.

ઉત્તર :- વિષમ ફળ બસ.

મુમુક્ષુ :- કોઇ નયે જયાં દુભાતો નથી એવા જ્ઞાનીના વચનને અમે નમસ્કાર કરીએ છીએ. જેણે જ્ઞાનીના માર્ગની ઇચ્છા કરી હોય એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો.

ઉત્તર :- નયોનો અભ્યાસ કરવો. બોલો!

મુમુક્ષુ :- ઉદાસીન રહેવાનો.

ઉત્તર :- કોઇ નયનો આગ્રહ કરવો નહીં.

ઉત્તર :- કોઇ નયમાં વ્યવહારનય કે નિશ્ચયનય હો!

મુમુક્ષુ :- કોઇ પણ નયમાં.

ઉત્તર :- નિશ્ચયનયમાં આગ્રહ નહીં. આજ કહ્યું'તું. એ વિષય લીધો હતો. પણ હવે લોકો સમજતા નથી. બીજા સમજનારા હોય પણ આણે બગાડી નાખ્યું. બહુ સારું ચાલતુ'તું.

મુમુક્ષુ :- હા, બહુ સારું ચાલતુ'તું.

ઉત્તર :- ચાલો યોગ્યતા સૌની

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- એટલે કોઇ નયનો આગ્રહ કરવો નહીં. અને કોઇ પ્રાણીને એ વાટે દુભાવવું નહીં. અને એ આગ્રહ જેને મટયો છે તે કોઇ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઇચ્છા કરતો નથી.

ઉત્તર :- બહેન! એકત્રીસમી ડીસેમ્બર!

મુમુક્ષુ :- મહા માંગલિક દિવસ. આખા જૈનશાસનનો ફેંસલો આવ્યો.

ઉત્તર :- એ ભાઇને આપજો વાંચશે. થોડો અમે તેને ઇશારો લખ્યો હતો.

મુમુક્ષુ :- કેસેટ સંભળાવી દેશું. વીડીયો કેસેટ છે ને?

ઉત્તર :- હા, કેસેટ સંભળાવજો. એને ઇશારો તો કાગળમાં લખ્યો હતો. પછી એનો જવાબ આવ્યો. જવાબ પણ આવ્યો હતો. કે નયથી ન જોવું. સ્વભાવથી જોવું. દ્રવ્યને સ્વભાવથી જોવો અને પર્યાયને પણ સ્વભાવથી જોવો. એની મારા ઉપર ટપાલ હતી. મેં થોડુંક લખી નાખ્યું ને તેનો જવાબ.

સ્વભાવથી જોવાથી નય ઉત્પન્ન જ ન થાય. બીજું બહેન! કાલે થોડાક વિચારો આવ્યા. કે સમયસારમાં બે પ્રકાર કહ્યા છે. સમયસારમાં કોઇ કોઇ વખતે બે નયથી સ્વરૂપ સમજાવ્યું છે અને કોઇ કોઇ વખતે તેના સ્વભાવથી સ્વરૂપ સમજાવ્યું છે. નયનો પ્રયોગ જ કર્યો નથી. એનો તમને હમણાં દાખલો આપું. નયના પ્રયોગ વિના સીધું સમજાવે. કે રાગી જીવ, છે તે જ્ઞાનમય છે અને રાગમય નથી. એના સ્વભાવથી જ વાત કરી તેમાં આ નયથી રાગી છે અને આ નયથી રાગી નથી એમ શબ્દો લીધા નથી. એમ આ તો ઘણી જગ્યાએ આવે છે. પણ આ તો એક દાખલો મોજુદ કાલે મગજમાં આવી ગયો કે નય વિના પ્રયોગ કરીને આ સમજાવી દીધું. આત્મા જ્ઞાનમય છે અને રાગમય નથી.

એ કેવી રીતે બનાવ બન્યો કે જન્મથી માંડીને ઘીનો ઘડો પ્રસિધ્ધ છે. ઘીનો ઘડો એવો પ્રસિધ્ધ છે, હવે એને જે પ્રસિધ્ધ છે એની ભાષા દ્વારા એને અપ્રસિધ્ધ વસ્તુ સમજાવવી છે. એ માટીનો ઘડો તો સમજતો નથી. તો ઘીનો ઘડો એમ કહ્યું એટલે બેઠો. ઘીનો ઘડો, ઇન ટુ કોમા. ઘીનો ઘડો છે એમ જ્ઞાની ન કહે. અજ્ઞાની

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘીનો ઘડો છે ત્યાં પૂર્ણ વિરામ કરી દયે. જ્ઞાની કહે ઘીનો ઘડો, 'છે' આની કોર રાખ્યો. 'છે' તે માટીમય છે અને ઘીમય નથી ત્યાં નયનો પ્રયોગ જ ન કર્યો.

એવી રીતે રાગી જીવ, 'છે' તે જ્ઞાનમય છે અને રાગમય નથી. કોઇ નયનો પ્રયોગ જ ન કર્યો. હવે જો એ નય સિવાય સીધા સ્વભાવથી સમજાવે છે અને ત્યાં સમજનારો સીધો નયનો પ્રયોગ કરવા માંડે તો વસ્તુ નહીં સમજાય. કે જ્ઞાનમય છે એ તો નિશ્ચયનયનું કથન છે. અને રાગમય છે એ તો વ્યવહારનયનું કથન છે. એણે બિલકુલ નયનો પ્રયોગ જ કર્યો નથી.

આ જયારે વિચારો આવ્યા ને ત્યારે આ ગાથા યાદ આવી. સમજી ગયા! એટલે ઘણી જગ્યાએ, બધી જગ્યાએ નયનો પ્રયોગ નથી કરતા. બધી જગ્યાએ નયનો પ્રયોગ નથી કરતા. કોઇ કોઇ જગ્યાએ પ્રમાણપૂર્વક નય ને વ્યવહારનય ને નિશ્ચયનયની વાતો આવે. ઘણી જગ્યાએ. સમજી ગયા! બીજાને સમજાવવા માટે નયનો પ્રયોગ છે. પણ એકાંત નયના પ્રયોગથી જીવ સમજે છે એમ નથી. માટે કોઇ કોઇ વખતે નયનો પ્રયોગ કર્યા વિના કહે છે કે જીવ જ્ઞાનમય છે અને રાગમય નથી. હવે ત્યાં શું કયાંય નય લગાડી? નયનો પ્રયોગ જ કર્યો નહીં. બહેન! ભાઇ! જીવ જ્ઞાનમય છે. આહા! રાગમય નથી બસ.

નિશ્ચયનયે જ્ઞાનમય છે અને નિશ્ચયનયે રાગમય નથી એવો પણ શબ્દ કયાંય વાપર્યો નથી. બેય સ્વભાવથી વાત કરી. આહા! એટલે એકાંતે નયનો હઠાગ્રહ કે પ્રયોગ દરેક વખતે કર્યા જ કરે તો વસ્તુ હાથમાં ન આવે. નયથી આત્મજ્ઞાન ન થાય. સ્વભાવથી આત્મજ્ઞાન થાય છે બસ. જ્ઞાનની પર્યાય આત્માને જાણે છે. કઇ નયથી જાણે છે? નિશ્ચયનયથી. એમ નથી.

મુમુક્ષુ :- સ્વભાવથી જાણે છે.

એ ચર્ચામાં કાંઇક આવ્યું છે ને? શું આવ્યું છે? તમે મને ફોનમાં કહ્યું'તુંને? કે આ ચર્ચામાં,

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાય નિશ્ચયથી આત્માને જાણતી નથી.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- મેં કહ્યું, તમે વાંચશો ને કહેશો. જ્ઞાનની પર્યાય નિશ્ચયનય વડે આત્માને જાણતી નથી. તો કોઇ કહેશે કે વ્યવહારનયે જાણે છે? અરે!

મુમુક્ષુ :- ત્રીજી વાત કરું છું.

ઉત્તર :- ત્રીજી વાત કરું છું. ત્રીજી વાત! સાંભળ ભાઇ સાંભળ! નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે તો વ્યવહારનયે પરને જાણે છે એ આવી ગયું. કેમકે નય સાપેક્ષ છે. સ્વભાવ નિરપેક્ષ છે. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ છે કે આત્માને જાણ્યા કરે બસ. નયના પ્રયોગનું શું કામ છે? સૂર્યનો પ્રકાશ સૂર્યને પ્રસિધ્ધ કરે છે. કઇ નયે? કે નિશ્ચયનયે. ના, નિશ્ચયનયે સૂર્યનો પ્રકાશ સૂર્યને પ્રસિધ્ધ કરે જ નહીં. શું કહ્યું?

મુમુક્ષુ :- કરે જ નહીં.

ઉત્તર :- નિશ્ચયનયે?

મુમુક્ષુ :-કરે જ નહીં.

ઉત્તર :- કરે જ નહીં.

મુમુક્ષુ :- કેમકે વ્યવહારનયે રોડને પ્રસિધ્ધ કરે. એ આવી જાય.

ઉત્તર :- હં....એ આવી જશે. અને એનો જે પ્રકાશ છે એના સ્વભાવથી જ સૂર્યને પ્રસિધ્ધ કરે છે. સૂર્યનું કિરણ તેના સ્વભાવથી જ પર્યાયના સ્વભાવથી જ દ્રવ્યને પ્રસિધ્ધ કરે છે.

મુમુક્ષુ :- વાહ! પર્યાય સ્વભાવને.

ઉત્તર :- એ પર્યાય સ્વભાવ છે. એ દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ

મુમુક્ષુ :- પત્રમાં હતા. હતા?

મુમુક્ષુ :- દ્રવ્યશ્રુતને સ્વભાવથી જાણીને, પર્યાયને પણ સ્વભાવથી જાણવો.

મુમુક્ષુ :- સ્વભાવથી.

એ એકત્રીસમી ડિસેમ્બરે મુંબઇમાં બહુ ચર્ચા ચાલી. અમે દેવલાલીથી આવ્યા. અને એ વખતે બહેન હતા. એકત્રીસમી ડિસેમ્બરે પંકજને ઘરે. બહુ મોટી ચર્ચા. સારી ચર્ચા. બધી લખાઇને આવી ગઇ છે. અને પછી પહેલી તારીખે તો

બહેન નહોતા. પછી અમે પર્યાયના સ્વભાવની ચર્ચા કરી. જો કે પહેલા દિવસમાં દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ બધું આવી ગયું છે. પણ આ તો હવે બીજે દિવસે એકસ્ટ્રા (વધારાનું) પર્યાયના સ્વભાવની વાત કરી. એ બેય લખાણ અમીતાબહેને લખીને મોકલી દીધા છે. અને અહીં આવી ગયું છે. તમને લખાણ પણ વંચાવશે અને પહેલી તેની વિડિયો કેસેટ છે. વિડિયો છે ને?

મુમુક્ષુ :- હાજી!

વિડિયો કેસેટ તમને સંભળાવશે. જ્ઞાનમય આત્મા છે. રાગમય નથી. કઇ નયથી? સ્વભાવથી આત્મા જ્ઞાનમય છે. તેના સ્વભાવથી છે. જ્ઞાનમય આત્મા છે તેના મૂળસ્વભાવથી અનાદિઅનંત છે. એમાં નયનું કયાં કામ છે. કેમકે એક નયથી જો તમે વાત કરશો. તો બીજી નય ઊભી થશે.

મુમુક્ષુ :- બહુ જ સુંદર ઊંચામાં ઊંચી વાત. દ્રવ્યને સ્વભાવથી જાણતા અને પર્યાયને સ્વભાવથી જાણતા એમાં નિશ્ચયનયનો નિષેધ છે. સ્વભાવથી જાણવું.

ઉત્તર :- નિષેધ છે. સ્વભાવથી જાણવું, નયનું શું કામ છે. પર્યાયને એના સ્વભાવથી જાણવું. એમાં તારે વ્યવહારનયની કયાં જરૂર છે? દ્રવ્યને એના સ્વભાવથી જો.

મુમુક્ષુ :- બહુ સરસ! શું વાત છે? કોઇ અલૌકિક વાત. અસાધારણ વાત.

ઉત્તર :- કહ્યું, જ્ઞાન નિશ્ચયનયથી આત્માને જાણતું નથી. અરે! નિશ્ચયનયથી આત્માને ન જાણે? આ બે નયનો નિષેધ આવે ને ત્યારે સ્વભાવ હાથમાં આવી જાય.

નયનો પ્રયોગ તો સામાન્ય પહેલાં બિલકુલ સમજતો ન હોય તેના માટે બરાબર. અનુભવનો કાળ આવે પછી નયનું શું કામ છે? ૬૭ ગાથામાં જ્ઞાનમય છે રાગમય નથી. કયાંય નયનો પ્રયોગ કર્યો નથી. એમ ઘણી જગ્યાએ શાસ્ત્રમાં નયના પ્રયોગ કર્યા વિના વાત કરી છે. મોટે ભાગે તો નયનો પ્રયોગ કરે જ છે. કોઇ કોઇ જગ્યાએ નયનો પ્રયોગ નથી કરતા.

મુમુક્ષુ :- કોહીનૂરના હીરા જેવી વાત છે ત્યાં રાગમય છે એમ લગાવ્યું, તેના

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અભિપ્રાયમાં છે. શું વાત છે? કમાલ કરી દીધી.

ઉત્તર :- કેમકે તેને જે પ્રસિધ્ધ હતું, તેના દ્વારા તેને અપ્રસિધ્ધ છે તેને સમજાવ્યું. રાગી જીવ ત્યાં તો બેસી ગયો. નહીંતર તો ભાગી જાય. રાગી જીવ છે તેથી તે બેસી ગયો. કેવી રીતે ના પાડે. તે બાજુ લગાવ્યું. 'છે' આ બાજુ નથી લગાવ્યું.

મુમુક્ષુ :- તેનો અભિપ્રાય દઢ થોડો કરવો હતો? તેનો અભિપ્રાય તો છોડાવવાનો હતો. અલૌકિક વાત છે. આપે તો કમાલ કરી દીધી. બધી જગ્યાએ સ્વભાવથી આવે. પર્યાયને સ્વભાવથી જાણવું ને દ્રવ્યને સ્વભાવથી જાણવું.

ઉત્તર :- બસ. મારે નયનું કામ નથી.

**તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી જેમનું ઉપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતાં હોવા છતાં,** હજી વિકલ્પનો અભાવ નથી થયો એટલે ઉત્પન્ન થાય છે. એમ.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાનમાં વિકલ્પો ઉત્પન્ન થાય છે.

ઉત્તર :- દ્રવ્યશ્રુતમાં થાય છે. ભાવશ્રુતમાં નથી થતાં. ભાવશ્રુતમાં નય ન હોય. દ્રવ્યશ્રુતમાં હોય. આ દ્રવ્યશ્રુત છે. ઇન્દ્રિયજ્ઞાન છે ને એ દ્રવ્યશ્રુત છે. તમારે વાત થઇ ગઇ હશે.

મુમુક્ષુ :- બધું આપનું જ આપેલું છે. એ રીતે જ વિચારીએ છીએ.

ઉત્તર :- એ આવ્યું ને? એ આવ્યું ને? જુઓ!

મુમુક્ષુ :- સેઇમ ટુ કોપી.

ઉત્તર :- એ આવે જ ને? મને તો ખબર નહોતી તમે વાતો કરી. હવે આવ્યું ને? ભાવશ્રુતમાં નય નો હોય. દ્રવ્યશ્રુતમાં હોય. એ નય છે ને એ દ્રવ્યશ્રુત છે.

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાનમાં નય હોય. ઇન્દ્રિયજ્ઞાન દ્રવ્યશ્રુત છે.

ઉત્તર :- ઇન્દ્રિયજ્ઞાનમાં નય હોય. હા, એટલે ભાવમનમાં નય ઉત્પન્ન થાય છે. ભાવમન કહો કે દ્રવ્યશ્રુત કહો. આ દ્રવ્યશ્રુત છે એ તો નિમિત્તરૂપે છે. ઓલું

નૈમિતિકરૂપ છે. અને ભાવશ્રુતજ્ઞાન છે એ સ્વભાવરૂપ છે. ભાવશ્રુતજ્ઞાન આત્મીય છે. એમાં નય ન હોય. અને દ્રવ્યશ્રુતમાં નય હોય. અને દ્રવ્યશ્રુતનું આ નિમિત્ત છે બસ. એટલે નૈમિતિક થઇ ગઇ. સ્વભાવિક પર્યાય નથી. નય છે ને એ નૈમિતિક પર્યાય છે. એટલે વિભાવ છે. બંધનું કારણ છે. નય છે એ બંધનું કારણ છે. નિર્જરાનું કારણ નથી.

પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ન હોય ત્યાં સુધી ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત થોડો ટાઇમ એક સાથે રહે છે. હેં? ક્ષયોપશમ છે ને? ક્ષાયિક થયું નથી ને? એટલે રહે છે. જ્ઞાનચેતના અને કર્મચેતના એક સાથે રહે છે. એ બેય નયજ્ઞાન છે એ કર્મચેતના. પણ હજી સાથે છે. કેમકે ક્ષયોપશમજ્ઞાન છે ને?

મુમુક્ષુ :- કેમકે હજી પૂર્ણ નથી થઇ.

ઉત્તર :- હં.. જ્ઞાનચેતનાની સાથે સાથે જે નયના વિકલ્પ ઊઠે છે બસ છે દ્રવ્યશ્રુતમાં. આહા! ભાવશ્રુતમાં એ જ્ઞાનનું જ્ઞેય છે. દ્રવ્યશ્રુત એ પોતે જ્ઞાન નથી પણ જ્ઞેય છે. દ્રવ્યશ્રુત છે નયજ્ઞાન એ જ્ઞાન નથી પણ જ્ઞેય છે. ભાવશ્રુતનું એ જ્ઞેય છે. અતીન્દ્રિયજ્ઞાનનું ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેય છે. જ્ઞેયમાં નાખ્યું છે ને?

**ક્ષયોપશમથી જેમનું ઉપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થતાં હોવા છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,** જ્ઞાતા છે એનો. ઉદાસીન છે. એમાં એને કાંઇ રસ નથી. એ ઉત્પન્ન થાય છે એમાં તેને રસ નથી. બિલકુલ રુચિ નથી. આહાહા! ઉત્સાહ નિવૃત્ત થયો છે. નયનિવૃત્તિ હજી નથી થઇ. નય તો ઉત્પન્ન થાય છે. પણ નયો પ્રત્યે જાણવાનો ઉત્સાહ (નિવૃત્ત થયો છે.) કર્તાબુધ્ધિ તો ગઇ પણ જાણવાનો ઉત્સાહ નથી. તેના પ્રત્યે ઉદાસીન છે.

મુમુક્ષુ :- બરાબર બહુજ સુંદર.

ઉત્તર :- હં... તેના પ્રત્યે ઉદાસીન છે. કારણ કે દ્રવ્યશ્રુત છે. જીવના પરિણામ પણ નથી.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- બહુજ ઉત્તમ, બહુ જ સુંદર.

ઉત્તર :- અને જીવને પ્રસિધ્ધ પણ કરતો નથી. જ્ઞેયને પ્રસિધ્ધ કરે છે. આહાહા! પણ બે ધારા છે. સાધકને જ્ઞાનધારા અને કર્મધારા બે ધારા હોય છે. એટલે સવિકલ્પદશામાં નયોના વિકલ્પ ઉત્પન્ન થાય. પોતાના વિચાર વખતે થાય અને કોઇને સમજાવવું હોય, શાસ્ત્ર લખવું હોય ત્યારે નયના પ્રયોગ કરે છે બીજાને સમજાવવા માટે. બીજાને સમજાવવા માટેના એ બહિરંગ સાધન છે. અને પોતાને સમજવા માટે પણ એ બહિરંગ સાધન છે.

આત્માના અધિગમના ઉપાય એટલે જાણવાના ઉપાય એમ. અનુભવવાના નહીં. જાણવાના ઉપાય એમ લખ્યું છે.

મુમુક્ષુ :- અધિગમના ઉપાય.

ઉત્તર :-અધિગમ એટલે જાણવું. અનુભવના નહીં.

મુમુક્ષુ :- અધિગમ અલગ છે અનુભવ અલગ છે.

ઉત્તર :- અનુભવ અલગ છે.

(મુમુક્ષુ :- અલૌકિક વાત!) (નય) હોય છે. આવે. આહાહા! **ગ્રહણ કરવા પ્રત્યે ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,** હવે શું થયું ઉત્સાહ નથી એને ઉદાસીન છે. જ્ઞાતા થઇ ગયો. તો હવે શું કહે છે? **શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને કેવળ જાણે જ છે**. દ્રવ્ય અને પર્યાયને. નિશ્ચયનયનો વિષય દ્રવ્ય ને વ્યવહારનયનો વિષય પર્યાય. દ્રવ્ય અને પર્યાયને માત્ર જાણે છે. બે વિકલ્પ ઉત્પન્ન થાય તેને માત્ર જાણે છે.

**પરંતુ, અતિ તીક્ષ્ણ** હવે આવ્યું. હવે અનુભવની વાત આવે છે. ઓમાં ઉદાસીન છે. પરંતુ **અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી** જુઓ! ત્યાં નય કાઢી નાખી. નય ઉત્પન્ન જ નથી થઇ. **અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી** ઓલું સ્થૂળ હતું. નયજ્ઞાન છે એ સ્થૂળ જ્ઞાન. આ સૂક્ષ્મ અને તીક્ષ્ણ. ઓલું સ્થૂળ અને આ સૂક્ષ્મ. અને આ તીક્ષ્ણ. અતિ તીક્ષ્ણ. આહાહા! અતિ તીક્ષ્ણ એમ. તીક્ષ્ણ નહીં એકલું. અતિ

તીક્ષ્ણ. એકદમ ઝીણી અણી કાઢે નહીં? સોય જેવી ઝીણી અણી કાઢેને? **અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી ગ્રહવામાં આવેલા,** જાણવામાં આવેલા, જ્ઞાન-દષ્ટિ વડે શું જાણે છે?

**નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબધ્ધપણા વડે (અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે) તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઇને,** ઓલું સદા વિજ્ઞાનઘન હતું અને આ તે કાળે વિજ્ઞાનઘન બસ. નિર્વિકલ્પ ધ્યાનમાં અનુભવના કાળે. **વિજ્ઞાનઘન થયો હોઇને, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાંતપણા વડે,** ઓલા કાયમ માટે અતિક્રાંત હતા અને આ અનુભવ વખતે અતિક્રાંત છે. જયારે અનુભવનો કાળ આવે ત્યારે અતિક્રાંત. પાછી (નય) ઊભી થાય. પાછી અનુભવ વખતે અતિક્રાંતે એમ એમ થયા કરે છે.

મુમુક્ષુ :- પછી સર્વથા અતિક્રાંત.

ઉત્તર :- સર્વથા અતિક્રાંત પછી કેવળજ્ઞાન થાય છે.

જયારે નિર્વિકલ્પ ધ્યાનમાં અનુભવમાં આવ્યો ત્યારે શું છૂટી ગયું? અંતર્જલ્પ અને બહિર્જલ્પ બેય વિકલ્પો ગયા. **વિકલ્પોની ભૂમિકાના અતિક્રાંતપણા વડે,** વિકલ્પને છોડી દીધા. **સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી.** હવે કોઇ પણ નયપક્ષનો વિકલ્પ ઉત્પન્ન નથી થતો. **કોઇપણ નયપક્ષને ગ્રહતો નથી. તે આત્મા ખરેખર સમસ્ત વિકલ્પોથી** બધા પ્રકારના વિકલ્પોથી **અતિ પર પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જયોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.** લ્યો એટલા બધા વિશેષણો આપ્યા.

એ પરમાત્મા થયો, જ્ઞાનાત્મા થયો, પ્રત્યગ્જયોતિ થયો, આત્મખ્યાતિ પ્રગટ થઇ, **અનુભૂતિમાત્ર તે સમયસાર છે.** આહાહા! બોલો. બરાબર છે?

(મુમુક્ષુ :- હા, એકદમ કમ્પલીટ.) હા, આપણે એમાં કયાં (વાંધો છે.) ફરી ફરીને સ્વાધ્યાય થાય.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાવાર્થ :- જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતાદષ્ટા)** જુઓ! સદા શબ્દ વાપર્યો છે ને? અતિક્રાંત થઇ ગયો. જ્ઞાતાદષ્ટા છે. **તેમ શ્રુતજ્ઞાની પણ જયારે સમસ્ત નયપક્ષોથી રહિત થઇ શુધ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે. એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય;** એ મિથ્યાદષ્ટિ.

હવે સાધક થઇ ગયા પછી પ્રયોજન વશ. પોતાને આમ કાંઇ વસ્તુ સિધ્ધ કરવી હોય બીજાને સમજાવવું હોય એવું પ્રયોજન હોય ત્યારે, **પ્રયોજનવશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો,** એકને ગૌણ અને એકને મુખ્ય. મુખ્ય-ગૌણ જ્ઞાનીને હોય. ઓને (મિથ્યાદષ્ટિને) મુખ્ય-ગૌણ બે ન હોય. કે બેનો જ્ઞાતા નથી. બેનો જ્ઞાતા હોય તો મુખ્ય-ગૌણ હોય ને? બેનો જ્ઞાતા નથી. મિથ્યાદષ્ટિ એકને જ પકડે છે. કાં પર્યાયને પકડે અને કાં દ્રવ્યને પકડે.

મુમુક્ષુ :- આહાહા! ભાઇ! બહુ મર્મની વાત છે.

ઉત્તર :- એને એકાંત છે.

મુમુક્ષુ :- મુખ્ય-ગૌણ જ્ઞાનીને હોય છે.

કેમકે એ અનેકાંતને જાણે છે. બે ધર્મને જાણે છે. એટલે કોઇ વખતે આ ધર્મની મુખ્યતાથી ઓલો ધર્મ ગૌણ હોય. એને જ્ઞાનમાં હોય, જ્ઞાનમાંથી નીકળતું નથી. એમ કહે કે દ્રવ્યમાં પર્યાય નથી એમ કહે ત્યારે એને ગૌણપણે તો છે. દષ્ટિ અપેક્ષાએ નથી. પણ જ્ઞાન અપેક્ષાએ ગૌણ ને મુખ્ય જ્ઞાનને, દષ્ટિની વાત કરે ત્યારે જ્ઞાન તો મુખ્ય-ગૌણપણે કામ કરે જ છે. પણ તે વખતે પ્રયોગ જ્ઞાનનો નથી. પણ તેના જ્ઞાનમાં તો મુખ્ય-ગૌણ ચાલે છે.

મુમુક્ષુ :- એ વખતે જ્ઞાનમાં હોય જ છે. જ્ઞાનમાંથી ચાલ્યું નથી જાતું. ચાલ્યું નથી જાતું. દષ્ટિની એવી વાત કરે કે પર્યાય પરદ્રવ્ય છે, પર્યાય અવસ્તુ છે. જ્ઞાનમાં તો મુખ્ય-ગૌણ ચાલે છે. જ્ઞાનમાં જેમ છે તેમ આવી જ જાય છે. હોય જ તેનું

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ડીપોઝીટ છે.

મુમુક્ષુ :- ભાઇ બહુ જ ઉત્તમ વાત! પરમ સત્ય વાત એકદમ.

જયારે જ્ઞાની દષ્ટિની તીખાશથી વાત કરે પર્યાય અવસ્તુ છે. કહી દયે. હેં.. કહે. પણ તેના જ્ઞાનમાં બેય પડખાનું જ્ઞાન છે. આહાહા! એક મુખ્ય અને એક ગૌણ. એ પણ અંદરમાં ચાલે જ છે. કેમકે દષ્ટિના વિષયની વાત કરે છે ત્યારે જ્ઞાનના પડખામાં એ મુખ્ય તરીકે જાણે છે. અને ગૌણ તરીકે જ્ઞાનની પર્યાય છે એને જ્ઞાનમાં જણાય છે. પ્રમાણજ્ઞાન ચાલુ છે. બેનો જ્ઞાતા છે. આહાહા! સમજાવવા માટે મુખ્ય-ગૌણ કરે છે.

મુમુક્ષુ :- સવિકલ્પમાં પણ બેનો જ્ઞાતા છે.

ઉત્તર :- જ્ઞાતા છે.

મુમુક્ષુ :- સવિકલ્પમાં મુખ્ય-ગૌણ હોય.

ઉત્તર :- હા, સવિકલ્પમાં મુખ્ય-ગૌણ હોય. ઓમાં અનુભવમાં મુખ્ય-ગૌણ કાંઇ છે નહીં. એટલે સમજાવવા માટે મુખ્ય-ગૌણ કરે છે ત્યારે એને એ વખતે ચારિત્રમોહનો રાગ થાય છે. યુગપદ્ જાણે છે તો ચારિત્રમોહનો રાગ નથી. અનુભવ છે.

(મુમુક્ષુ :- અનુભવમાં પણ યુગપદ્ જાણે છે.) યુગપદ્ જાણે છે. આ તો સવિકલ્પદશામાં એને મુખ્ય-ગૌણથી સમજાવે છે.

આત્મા જ્ઞાનની પર્યાયનો અકર્તા છે. જયારે જ્ઞાનની પર્યાયનો કર્તા છે એ ગૌણપણે તેના જ્ઞાનમાં છે.

મુમુક્ષુ :- એ એને જ્ઞાનમાં હોય જ છે.

ઉત્તર :- એટલે એને એકાંતનો દોષ લાગતો નથી.

મુમુક્ષુ :- એને અનેકાંત જ હોય છે સહેજ.

આ જૈનદર્શન!

મુમુક્ષુ :-ભાઇ! કેવી વાતો આમ. એકદમ એક એક વાત સત્ય છે. આહા!

ધ્યેયનું જેને ભાન હોય તેને જ્ઞેયનું જ્ઞાન વર્તે જ છે. કેમકે ધ્યેયપૂર્વક જ્ઞેય થઇ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગયું છે. થઇ ચૂકેલું છે. નવું કરવાનું નથી. વાત ધ્યેયની કરે છે પણ જ્ઞેય અને એના જ્ઞાનમાં આ રમે છે.

મુમુક્ષુ :- આવી જાય છે. બિલકુલ સાચી વાત છે.

વાત ધ્યેયની કરે પણ તેના જ્ઞાનમાં જ્ઞેય તો છે, દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુ. જ્ઞાનમાંથી ચાલી નથી ગઇ. ભૂંસાઇ નથી ગઇ. આહાહા!

(મુમુક્ષુ :- એ સાથે એ વખતે જ છે.) એ વખતે જ છે.

(મુમુક્ષુ :- હં.. કહેતો નથી) કહેતો નથી ભલે ને.

(મુમુક્ષુ :- એની મુખ્યતા નથી. પણ એ જ્ઞાનમાં છે.) કેમકે ઓલાને દષ્ટિનો વિષય આપવો છે અને પર્યાયનો પક્ષ હતો તે છોડાવવો છે. એમ. પછી દષ્ટિના પક્ષમાં આવ્યા પછી પણ કહે હો ધ્યાન રાખજે. દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ છે. પણ તમે કાલે આમ કહ્યું'તું ને? કહે કાલનું લેશન પણ બરાબર છે અને આજનું લેશન પણ બરાબર છે.

મુમુક્ષુ :- અને બેય એક સમયે થાય ત્યારે.

ઉત્તર :- ત્યારે અનુભવ થાય.

મુમુક્ષુ :- બહુ સરસ ભાઇ! બહુ સરસ!

રહિત અને સહિત. રહિતપૂર્વક સહિતનું જ્ઞાન. અનુભવના કાળે આનંદ આવે છે કે નહીં?

(મુમુક્ષુ :- જરૂર આવે છે.) આવે છે તો પર્યાયથી સહિત થઇ ગયું કે નહીં? હેં? તેમાં કાંઇ તકલીફ થઇ?

( મુમુક્ષુ :- કાંઇપણ તકલીફ નથી.) રહિતની વાત જોડીને કરી. કેમકે પર્યાયથી સહિત એકાંત માનતો હતો. વ્યવહારનો પક્ષ હતો. નહીં પર્યાયથી રહિત છે. સામાન્યમાં વિશેષ નથી જા. બીજે દિવસે કહ્યું કે સામાન્યનું લક્ષ કરવાથી વિશેષ નિર્મળપર્યાય ઉત્પન્ન થશે. તે આત્મા બની જાશે. તે સહિતનું જ્ઞાન તને થશે. અચ્છા! કાલ તો રહિતની વાત કરીને?...

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં :- ૨૬૩
## સમયસાર ગાથા :-૧૪૪
## શ્લોક-૯૩ થી ૯૫, તા. :-૪-૩-૯૦

पक्षातिक्रान्त एव समयसार इत्यवतिष्ठते–

**सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं ।**
**सव्वणयपक्खरहिदो भणिद्धो जो सो समयसारो ॥ १४४ ॥**

**सम्यग्दर्शनज्ञानमेष लभत इति केवलं व्यपदेशम् ।**
**सर्वनयपक्षरहितो भणितो य: स समयसार: ॥ १४४ ॥**

अयमेक एव केवलं सम्यग्दर्शनज्ञानव्यपदेशं किल लभते । य: खल्वखिलनयपक्षाक्षुण्णतया विश्रान्तसमस्तविकल्पव्यापार: स समयसार: । यत: प्रथमत: श्रुतज्ञानावष्टम्भेन ज्ञानस्वभावमामानं निश्चित्य, तत: खल्वात्मख्यातये, परख्यातिहेतूनखिलाएवेन्द्रियानिन्द्रियबुद्धीरवधार्य आत्माभिमुखीकृतमतिज्ञानतत्त्वं:, तथा नानाविधनयपक्षलम्बेनानेक–विकल्पैराकुलयन्ती: श्रुतज्ञानबुद्धिीरप्यवधार्य श्रुतज्ञानतत्त्वमप्पात्मा–भिमुखीकुवन्नत्न्तमविकल्प भूत्वा झगित्येव स्वरसत एव व्यक्तीभवन्त–मादिमध्यान्तविभुक्तमनाकुलमेकं केवलमखिलस्यापि विश्वस्योपरि तरन्तभिवाखण्डप्रतिभासमयमनन्तं विज्ञानधनं परमात्मानं समयसारं विन्दन्नेवात्मा सम्यग्दृश्यते ज्ञायते च; तत: सम्यग्दर्शनं ज्ञानं च समयसार एव ।

પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે - એમ કહે છે :-

સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,
નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.

ગાથાર્થ :- [य:] જે [सर्वनयपक्षरहित:] સર્વ નયપક્ષોથી રહિત

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



[भणितः] કહેવામાં આવ્યો છે [सः] તે [समयसारः] સમયસાર છે; [एषः] આને જ (-સમયસારને જ) [केवलं] કેવળ [सम्यग्दर्शनज्ञानम्] સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન [इति] એવી [व्यपदेशम्] સંજ્ઞા (નામ) [लभते] મળે છે. (નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે.)

ટીકા : જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે; ખરેખર આ એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.)

પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિની માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્ત્વને (-મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસંમુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતાં અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મસંમુખ કરતો, અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતા, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યકપણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

ભાવાર્થ :- આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને પછી ઈન્દ્રિયબુદ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને, તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને, એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો તે જ 'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવાં નામ પામે છે; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદાં નથી.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા એ તો અખંડ જ છે. ગમે તેટલા નયના ભેદોથી એને ખંડ ખંડ કરવામાં આવે તોપણ આત્મા અખંડિત રહે છે. તેમાં બિલકુલ ખંડ થતો જ નથી. ખંડિત નહીં થતો હોવાથી એટલે અખંડ રહેતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે. જુઓ! વિકલ્પનો અભાવ થયો એમ ન કહેતાં અનુભવના કાળમાં થોડા ટાઇમ માટે વિકલ્પ અટકી જાય છે. વિકલ્પનો જો ક્ષય થઇ ગયો હોય તો તો કેવળજ્ઞાન થાય. પણ અનુભવના કાળે તેના વિકલ્પ અટકી જાય છે.

કોઇ પણ પ્રકારનો વ્યવહારનયનો વિકલ્પ, નિશ્ચયનયનો વિકલ્પ કે પ્રમાણનો વિકલ્પ કોઇ પણ વિકલ્પ રહેતાં નથી. સમસ્ત શબ્દ વાપર્યો. બધા પ્રકારના વિકલ્પો વ્યાપાર અટકી જાય છે. એટલે કે લબ્ધ ભલે થઇ જાય પણ વ્યાપાર ન હોય. વિકલ્પનો અભાવ નથી થયો તેનો વ્યાપાર અટકયો છે. ક્ષય નથી થયો પાછો ઊભો થશે.

**જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે**. કોઇ એમ કહે કે સવિકલ્પ ધ્યાનમાં આત્માનો અનુભવ થાય અને સમ્યગ્દર્શનનો જન્મ થાય તો કહે છે કે બિલકુલ ન થાય. સમસ્ત પ્રકારના વિકલ્પ અટકી જાય. નિર્વિકલ્પ ધ્યાનમાં જ મિથ્યાત્વનો અભાવ થઇ, સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સ્પષ્ટ વાત કરી છે એમ. સમ્યગ્દર્શનના કાળમાં કોઇ વિકલ્પ ન હોય. નિર્વિકલ્પદશા જ હોય. તેનું નામ સમયસાર એટલે શુધ્ધાત્માનો અનુભવ થયો કહેવાય.

(મુમુક્ષુ :- ચોખ્ખું છે.) સ્પષ્ટ સાવ એકદમ. એકદમ ચોખ્ખું છે. મૂળમાં સર્વ નયપક્ષોથી રહિત કહ્યું. મૂળમાં સર્વ વિકલ્પોથી રહિત કહ્યું. બરાબર? અને એનું નામ સમયસાર શુધ્ધાત્મા કહ્યો. અને આને સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન નામ કહ્યું.

અહીંયા કહે છે. **સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે.** ઓમાં રહિત શબ્દ હતો. આમાં અટકી ગયો. એવો છે, તે સમયસાર છે. આહાહા!

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પમાં કોઇ દિવસ સમ્યગ્દર્શનનો જન્મ થાય જ નહીં. ભાઇ મિશ્ર દશા. તો કહે બિલકુલ નહીં. ભાઇ એવું નથી. આહાહા! વર્ણીજીએ કહ્યું'તું ને? ભાઇ મિશ્ર દશા. એમ નથી. **ખરેખર આ એકને જ.** આવા શુધ્ધાત્માનો અનુભવ થાય એને એકને જ. **કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.** જુઓ! અહીં ચારિત્રની વાત નથી કરી.

પહેલાં અનાદિ મિથ્યાદષ્ટિને સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન જ પ્રગટ થાય છે. ચારિત્ર અંશે છે પણ ગૌણ છે. એટલે ચોથું ગુણસ્થાન ચારિત્રનું નથી. ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શનનું છે. પહેલામાંથી ચોથું આવે છે ત્યારે ચારિત્ર નથી પણ સમ્યગ્દર્શનનું ગુણસ્થાન છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન બે જ. સ્વરૂપાચરણ ચારિત્ર છે પણ તે ગૌણ છે. અંશે છે. તે સમયસાર છે. ખરેખર વિકલ્પ અટકી નિર્વિકલ્પ અનુભવ થયો તેનું નામ સમયસાર અને **ખરેખર આ એકને જ.** એટલે આવા શુધ્ધાત્માને જ.

જે શુધ્ધાત્મા આત્માના અનુભવમાં આવે છે તેવો શુધ્ધાત્મા. **તેને કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ મળે છે.** શાસ્ત્ર વાંચવાથી કે વિકલ્પ કરવાથી કે ભગવાનની પૂજા કરવાથી કે જાત્રા કરવાથી ધર્મની શરૂઆત થતી નથી. શુધ્ધાત્માનો પ્રત્યક્ષ અનુભવ થતાં ધર્મની શરૂઆત થાય છે. બીજો કોઇ ઉપાય છે જ નહીં. **સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદાં નથી, એક જ છે.** સમ્યગ્દર્શન કહો કે આત્મા કહો. સમ્યગ્જ્ઞાન કહો કે આત્મા કહો. આત્માથી જુદાં નથી. નામ ભેદે ભેદ છે. વસ્તુતયા એક સત્તા છે. એક સત્તા છે.

હવે આ તો કુંદકુંદ ભગવાનની ગાથા, એનો અર્થ કર્યો. એનો શબ્દાર્થ જ છે. હવે વિશેષ જેનો ભાવાર્થ અને ટીકા જેને કહેવાય વિસ્તાર. સંક્ષેપમાં કહી દીધું. હવે વિસ્તારથી કહે છે. વિસ્તારથી કહેતાં અનાદિ મિથ્યાદષ્ટિ જીવે પ્રથમ શું કરવું અને પછી શું કરવું. આ એક જગતનો મોટો પ્રશ્ન છે. પહેલાં શું કરવું અને પછી શું કરવું? પહેલાં મિથ્યાદષ્ટિ જીવે એમ કરવું કે પ્રથમ અને પશ્ચાત્ બે શબ્દ છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી** એટલે કે દ્રવ્યશ્રુતના અવલંબનથી **જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,** સાક્ષાત દેશનાલબ્ધિ મળે. પણ દેશનાલબ્ધિ પંચમકાળમાં નિરંતર નથી. એટલે જિનવાણીનું નિમિત્ત કહ્યું. દ્રવ્યશ્રુતનું નિમિત્ત. કેમકે તે નિત્ય બોધક છે. અને જ્ઞાની તો તત્કાળ બોધક જયારે હોય ત્યારે હોય બાકી જ્ઞાનીનો યોગ તો પંચમકાળમાં (થવો મુશ્કેલ છે.) આ પંચમકાળ છે ને? એટલે શ્રુતજ્ઞાન તો પંચમકાળના છેડા સુધી દ્રવ્યશ્રુત ટકવાનું છે.

**પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી** હું જ્ઞાનસ્વભાવી છું એમ નિર્ણય કર. હું રાગી છું ને રાગથી તન્મય આત્મા છે ને એ વાત જ ખોટી છે. અનાદિઅનંત જ્ઞાનસ્વભાવી જ આત્મા છે. એક સમય પણ રાગથી આત્મા તન્મય થઇ શકતો નથી. જો રાગથી તન્મય થાય તો જીવ અજીવ થઇ જાય. જડ થઇ જાય. રાગ તો જડ છે. **પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી** એમ. આત્માના અવલંબનથી એમ ન લીધું. કેમકે આત્માનું સ્વરૂપ પણ જાણતો નથી તો અવલંબન કયાંથી લ્યે.

એટલે પહેલાં આત્માનું સ્વરૂપ તું ખ્યાલમાં લે. તો એ ખ્યાલમાં લેવાનું કોઇ બહારનું નિમિત્ત સાધન? તો કહે હા, દ્રવ્યશ્રુત છે. જિનેન્દ્ર ભગવાને કહ્યું છે એ પણ તેમના શાસ્ત્રને શોધીને લેજે કે આ જિનવચન છે. એમાં પણ તું શોધજે. શ્રીમદ્ કહ્યું છે ''જો જે શોધીને જિન સિધ્ધાંત'' એમ કહ્યું છે. શબ્દ વાપર્યો છે. **પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી,** છે ને આવે છે કાંઇક.

મુમુક્ષુ :- જિન સોહી આત્મા અન્ય સોહિ હૈ કર્મ, યહી વચન સે સમજલે જિનપ્રવચન કા મર્મ.

પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી. જુઓ! એટલું એને પ્રથમ નિમિત્તનું અવલંબન આવે છે.

મુમુક્ષુ :- નિર્ણય માટે.

ઉત્તર :- નિર્ણય માટે. અનુભવ માટે તો નહીં.

**જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,** નિર્ણય કરીને, નિર્ધાર કરીને

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચોકસાઇ કરીને. કે હું જ્ઞાનમય આત્મા છું, બસ. હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. મારામાં રાગ નથી, પુણ્ય નથી, પાપ નથી, કોઇ પર્યાય નથી. જ્ઞાનસ્વભાવી આત્મા છું. (મુમુક્ષુ :- હું જાણનાર છું) હું જાણનાર છું બસ. હું જાણનાર છું એ નિર્ણય કર. હું કરનાર નથી પણ જાણનાર છું. જ્ઞાનસ્વભાવી આત્મા. આહાહા! સમયસાર તો સમયસાર છે.

**પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને,** હવે નિશ્ચય કર્યો, નિર્ણય કર્યો કે હું જ્ઞાનસ્વભાવી જ્ઞાતા જ છું, જાણનાર છું તો પછી શું કરવું? એમ. પછી કઇ ક્રિયા છે. નિર્ણય કર્યો કે હું જ્ઞાનસ્વભાવી આત્મા જ છું, કે જે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યો તેને તું જાણ. બસ. એમ કહેશે.

જે તે નિર્ણય કર્યો કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું તો એવા આત્માને અંદર માની ને જાણી લે બસ. એમ કહેશે. **પછી આત્માની પ્રગટ પ્રસિધ્ધિને માટે,** હવે પરોક્ષ તો પ્રસિધ્ધિ તેને થઇ ગઇ, કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું તેવો નિર્ણયવાળો જીવ લીધો છે. રાગવાળો છે એવો નિર્ણય છે એ તો નિર્ણય જ ખોટો છે. વિપરીત છે. એટલે એને માટે તો અવકાશ જ નથી. એ તો સમ્યક્‌ની સન્મુખ પણ નથી. (મુમુક્ષુ :- સમ્યક્‌નો અધિકારી નથી.) સમ્યક્‌નો અધિકારી નથી. આ તો નિર્ણય કરીને સમ્યક્‌નો અધિકારી થઇ ગયો કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. વ્યવહાર શ્રદ્ધા તેની પ્રબળ થઇ ગઇ, મજબુત. દેવ આવે તો ફરે નહીં. કે આત્મા રાગી છે? તો કહે નહીં. આહાહા!

પછી આત્માની પ્રગટ પ્રસિધ્ધિ માટે, એટલે એમ કે એને પરોક્ષ તો પ્રસિધ્ધિ થઇ ચૂકી છે. આત્માનો અણસાર તો આવ્યો છે કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. એવો જીવ લીધો છે હોં! નિર્ણય થઇ ચૂક્યો છે. અનુભવ બાકી છે. પછી અનુભવ કેમ થાય અને અનુભવમાં શું ડખલ આવે છે અને એ દૂર કેવી રીતે થાય. અનુભવમાં શું ડખલ આવે છે અને એને હવે કેમ દૂર કરવી? એ પણ સાથે બતાવે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. **પ્રગટ પ્રસિધ્ધિને માટે, પર પદાર્થની પ્રસિધ્ધિના કારણો જે ઇન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુધ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને,** કે હું પરને જાણતો જ નથી. જાણનાર જણાય છે મને પર જણાતું નથી. આહાહા!

મુમુક્ષુ :- આ સૂત્રની વ્યાખ્યા છે એમાં.

ઉત્તર :- આ છે એની જ આ વ્યાખ્યા છે બહેન!

મુમુક્ષુ :- એની જ વ્યાખ્યા છે.

ઉત્તર :- આહાહા! બાર અંગનો સાર છે. બેય વાત તેમાં આવી ગઇ.

મુમુક્ષુ :-જાણનાર છું અને જાણનારો જણાય છે. બે વાત જ છે.

ઉત્તર :- બે વાત જ એમાં આવશે. અને ખરેખર પરને જાણતો નથી. માટે પરનું જાણવું બંધ કર. એમ કહે છે ને? પરનું જાણવું બંધ કરી દે. જે અટક હતી તેને છોડાવે છે. હું પરને જાણું છું એ અટક અનુભવ થવામાં અંદર જવામાં બાધક હતી. એને પહેલાં છોડાવે છે. પહેલાં છોડાવે છે. કે તું આત્માને જાણ તો અનુભવ થઇ જશે. એમ ત્યાંથી નથી લીધું. એનું કારણ છે કે એને શ્રદ્ધામાં છે કે હું પરને જાણું છું. એ મિથ્યાશ્રદ્ધા છોડી દે કે પર જણાતું નથી. આહાહા! એ પરને પ્રસિદ્ધ કરે છે એ ઇન્દ્રિયજ્ઞાન છે. આત્મા પરને પ્રસિદ્ધ નથી કરતો.

**પર પદાર્થની પ્રસિધ્ધિના કારણો.** જુઓ! આત્મા પરને જાણે છે એ કાઢી નાખ્યું. પરને પ્રસિદ્ધ કરે છે એ તો ઇન્દ્રિયજ્ઞાન છે. આહાહા!

મુમુક્ષુ :- એ ડખલ નડે છે.

ઉત્તર :- એ ડખલ અંદર જાવામાં નડે છે. એ વાત કરે છે જુઓ.

મુમુક્ષુ :- હું જ્ઞાનસ્વભાવી આત્મા છું, હું મિથ્યાદષ્ટિ નથી ત્યાંથી લીધું હતું. તેમાં તેને અભિપ્રાય પલટયો. ધ્યેયમાં અભિપ્રાય પલટયો અને જ્ઞેયમાં હું પરને જાણતો નથી.

હં... ધ્યેય આવી ગયું. ધ્યેય તો આવી ગયું પણ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય ન આવ્યો અને વ્યવહાર ઊઠતો હતો.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાનની પર્યાયના વ્યવહારના નિષેધ કરવાની આ વાત છે. દ્રવ્યનો નિશ્ચય આપી દીધો કે જ્ઞાનસ્વભાવી આત્મા છું બસ. હવે જ્ઞાનની પર્યાય જે પરસન્મુખ જાય છે અને ઇન્દ્રિયજ્ઞાન પરની પ્રસિધ્ધિ કરે છે જે એમાં અંદર રુકાવટ થાય છે. એની વાત કરે છે કે હવે તું પરને જાણવું રહેવા દે. એવો તારો અભિપ્રાય છોડી દે. આહાહા!

મુમુક્ષુ :- પાંચ ઇન્દ્રિય અને મનનો વ્યાપાર બધા ખોટા કરી દીધા. મર્યાદામાં લાવી દીધા.

ઉત્તર :- હા, દૂર કરી દે. અંદર આવી જા. એ તારો વિષય જ નથી. જો ઇન્દ્રિય પરને પ્રસિધ્ધ કરે છે તો સ્વને તિરોભૂત કરે છે. જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ થઇ ગયો. જ્ઞેય લુબ્ધ થઇ ગયો. જ્ઞેયના સંબંધવાળું જે જ્ઞાન એ જ્ઞાનનું નામ ભાવઇન્દ્રિય છે. જ્ઞેયને પ્રસિધ્ધ કરે અને સ્વને તિરોભૂત કરે એ જ્ઞાનની પર્યાયનું નામ ઇન્દ્રિયજ્ઞાન છે. આહાહા!

કહે છે. **પર પદાર્થની પ્રસિધ્ધિના કારણો જે ઇન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુધ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને,** એનો અભાવ કરવાનું નથી કહ્યું. અભાવ ન થાય. ચોથામાં આવવા માટે એને મર્યાદામાં લાવ. અને તેરમામાં જવા માટે તેનો ક્ષય કરી દે. બે પ્રકાર છે. એટલે કે મર્યાદા બહાર જાતી હતી. જેવી રીતે સતી સ્ત્રી છે. હેં? સ્વપુરુષને છોડીને પર પુરુષ પાસે ન જાય. એ સતી સ્ત્રી મર્યાદા બહાર જાય છે. સમજી ગયા! એમ કહે છે કે જે જ્ઞાન પરને પ્રસિધ્ધ કરે છે એ જ્ઞાન નથી. એમાં આત્માનો નાશ થઇ જાય છે. તિરોભૂત થઇ જાય છે. વિશેષ જ્ઞેયાકાર જ્ઞાન ઊભું થયું તો સામાન્યનો તિરોભાવ થયો. એમાં સામાન્ય જણાતું નથી.

માટે મર્યાદામાં લાવીને જેણે, આ જો હવે પ્રયોગ કરે છે. તે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યો છે. હવે એને જાણવા માટેનો પ્રયોગ કરે છે. કે **મતિજ્ઞાન-તત્ત્વને (મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસન્મુખ કર્યું છે એવો.** મતિને

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મર્યાદામાં લાવીને મતિને અંતર્મુખ કરે છે. મતિજ્ઞાનમાં પણ પોતાનો જ્ઞાનસ્વભાવી આત્મા જણાય છે. બીજું કાંઇ હવે મને જણાતું નથી. મતિજ્ઞાનને અંદરમાં વાળ્યું. બહાર ભમતું હતું તેને અંદરમાં વાળ્યું. મતિજ્ઞાનનો વિષય આત્મા થઇ ગયો.

હવે શ્રુતજ્ઞાનનો વિષય પણ આત્મા થાશે હમણાં. એ ડખલ શું હતી કે શ્રુતજ્ઞાનમાં નયોના વિકલ્પ ઊઠે છે ને એ ડખલ હતી. એ કહેશે. **તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી,** જુઓ! ઓમાં મતિજ્ઞાન પર પદાર્થની પ્રસિધ્ધિ કરતું હતું. અને શ્રુતજ્ઞાન વિકલ્પને પ્રસિધ્ધ કરતું હતું. એટલે ઓલું બધું મતિજ્ઞાનમાંથી બહારનું કાઢી નાખ્યું. મતિજ્ઞાન આત્મસન્મુખ થયું. જ્ઞાયક જ જણાય છે. પર જણાતું નથી. હવે શ્રુતજ્ઞાનનો જે વિષય હતો. શ્રુતજ્ઞાનનો વિષય પર નહીં. શ્રુતજ્ઞાનમાં નયોના વિકલ્પ ઉઠતા હતા. હું શુધ્ધ છું, એક છું, અભેદ છું, ટંકીત્કીર્ણ, અકારક, અવેદક એમ.

નાના પ્રકારના એટલે અનેક પ્રકારના. નિશ્ચય, વ્યવહાર, પ્રમાણ અનેક પ્રકારના વિકલ્પો, અગાઉ આવી ગયા છે. **નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો,** એટલે નયની પ્રવૃત્તિમાં વિકલ્પ જ હોય. નયથી વિચાર કરે તો તેમાં વિકલ્પનો જ જન્મ થાય. **નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુધ્ધિઓને પણ,** આહાહા! નયના વિકલ્પમાં તો જીવ દુઃખી થાય છે. સુખ નથી. એને પણ મર્યાદામાં લાવીને, ઓને મર્યાદામાં લાવી આ જ્ઞાન મર્યાદા બહાર જાતું હતું. નયોના વિકલ્પમાં જાય છે. એ જ્ઞાનની મર્યાદા નથી. જ્ઞાને મર્યાદાનું ઉલ્લંઘન કર્યું. અજ્ઞાન થઇ જાય છે. એને **મર્યાદામાં લાવીને શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ,** મતિને તો સન્મુખ કર્યું.

હવે શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મસન્મુખ કરતો, જુઓ! હજી આત્મામાં અભેદ નથી થયો. અંદરમાં જાવાની હજી આ બધી પ્રોસેસ છે. ખ્યાલ આવ્યો. **આત્મસન્મુખ કરતો,** હવે તેમાં મતિજ્ઞાનમાંથી શું નીકળી ગયું? પરને જાણતો નથી અને સ્વ જણાય છે એમ આવ્યું. શ્રુતજ્ઞાનમાંથી શું નીકળી ગયું? હવે એમાંથી

વિકલ્પ નીકળે છે અને શ્રુતજ્ઞાન આત્મસન્મુખ થાય છે. એ આત્મસન્મુખ જયાં કરતો એમ થયું ત્યાં **અત્યંત વિકલ્પ રહિત થઇને,** બસ. ત્યાં તમામ પ્રકારના નયોના વિકલ્પ છૂટી ગયા. આ અનુભવ કાળની છેલ્લી વાતો છે.

અત્યંત સર્વથા વિકલ્પ રહિત થઇને, પર્યાય હોં! પર્યાયમાંથી વિકલ્પનો વ્યય અને નિર્વિકલ્પનો ઉત્પાદ. ત્રિકાળ નિર્વિકલ્પ તત્ત્વ તો છે. હવે આ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય આવે છે. **તત્કાળ નિજ રસથી જ પ્રગટ થતાં,** ચૈતન્યરસથી પ્રગટ થતાં અનુભવ થયો. વિકલ્પ રહિત થઇ ગયો એટલે સાક્ષાત અનુભવ થઇ ગયો. **આદિ-મધ્ય-અંત રહિત.** ભગવાનઆત્મા કેવો જાણ્યો? જેની આદિ નથી, મધ્ય નથી, અંત નથી એવો. અનાકુળ એટલે સુખમય આત્મા છે. **કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ** એટલે આખા વિશ્વથી જુદો. અંદરનું વિશ્વ અને બહારના વિશ્વથી જુદો.

જુઓ! અનુભવના કાળમાં સ્વપ્રકાશક જ છે. સ્વપ્રકાશક જ્ઞાનમાં જ આત્માનો અનુભવ થઇને સમ્યગ્દર્શન થાય છે. પરનું જાણવું તદ્દન બંધ થઇ જાય છે. **કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય તેમ** જુદો. **અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જયારે આત્મા અનુભવે છે,** એ બધા આત્માના વિશેષણો કહ્યા.**અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ, એવો જે પોતાનો શુધ્ધાત્મા સમયસારને જયારે આત્મા અનુભવે છે, તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે.** જે વખતે અંદરમાં ઉપયોગ ગયો ને આત્માને અનુભવે છે. **તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે, (અર્થાત્ શ્રધ્ધાય છે) અને જણાય છે.** બે શબ્દો મુકયા. શ્રધ્ધાય છે અને જણાય છે. તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

આત્મા શ્રધ્ધાય છે અને આત્મા જણાય છે. તેથી આત્મા જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે. અભેદ કરી નાખ્યું. પર્યાયથી અભેદ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે પર્યાય છે તેનાથી અભેદ થયો તેનું નામ પણ સમયસાર છે. આ દેવસેનઆચાર્યના નયચક્ર પાના નં ૩૧ તથા ૩૨નો ડો. ભારિલ્લનો તથા રાકેશજી શાસ્ત્રીનો અનુવાદ છે. જ્ઞાન બેને ન જાણે. જ્ઞાન એકને જાણે. એકને જાણવાનું બંધ કરે એમ. ઉલ્ટું એમ છે. બેને જાણે એમ નહીં. એકને જાણે અને બીજાને ન જાણે. જાણવાનું બંધ કરે.

(મુમુક્ષુ :- ત્યારે એક જણાય) બોલો હવે આ ટીકા સાવ ચોખ્ખી છે સાવ એકદમ સ્પષ્ટ.

મુમુક્ષુ :- કેવળ એક. આખા વિશ્વ ઉપર જાણે કે તરતો હોય. કેવળ એક.

ઉત્તર :- એક જ છે ને?

મુમુક્ષુ :- હા એમ આવ્યું ને?

ઉત્તર :- કેવળ એક. આહા! આખા વિશ્વથી જુદો. એટલે અંદરનું વિશ્વ અને બહારનું વિશ્વ બેયથી જુદો.

અંદરનું વિશ્વ અનંતગુણની પર્યાય. એ અંદરનું વિશ્વ છે. તેનાથી જુદો અને બહારના વિશ્વથી પણ જુદો. વિશ્વ એટલે અનેકપણું. પર્યાયો અનેક છે અને દ્રવ્ય તો એકરૂપ છે. એકને જાણે છે. અનેકને જાણવાનું બંધ કરી દયે છે. બહારના અનેકને જાણતો નથી. અને અંદરના અનેકને જાણવાનું બંધ કરી દયે છે. પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરે છે. વિશ્વથી આત્મા જુદો છે. સામાન્યને અવલોકતો અને વિશેષને નહીં અવલોકતો એમ કહે છે. બધી જગ્યાએથી એક જ વાત નીકળે છે.

મુમુક્ષુ :- પ્રથમમાં નિર્ણયનો વિષય આપ્યો.

ઉત્તર :- વિષય આપ્યો કે જ્ઞાનસ્વભાવી આત્મા છે. બસ તો તે વિષયને જોવા માટે જ્ઞાન શું કરે? એકને જ દેખે.

મુમુક્ષુ :- પછી શું કરવું? કે જે નિર્ણયનો વિષય છે તેને જ જાણવો. જ્ઞાનની પર્યાયનો નિશ્ચય આવી ગયો.

ઉત્તર :- બસ. પરને જાણવાનું બંધ કરી દે. સાફ શબ્દો લખ્યા છે. પરને

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણવાનું બંધ કરી દે. બોલો આમાં કાંઇ વિચાર-વિમર્શ કરવો હોય તો. કે ભાવાર્થ લેવો છે. (મુમુક્ષુ :-ભાવાર્થ. ) ભાવાર્થ? અચ્છા.

**ભાવાર્થ :- આત્માને પહેલાં આગમ જ્ઞાનથી** ઓલું દ્રવ્યશ્રુત લખ્યું હતું ને? શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન એટલે દ્રવ્યશ્રુત નિમિત્તપણે. **આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને,** કે હું તો જ્ઞાતા જ્ઞાનસ્વરૂપી જાણનાર દેખનાર છું, કરનાર નથી. હું રાગી નથી, હું મિથ્યાદષ્ટિ નથી. હજી તો નિર્ણયમાં મિથ્યાદષ્ટિ નથી.

(મુમુક્ષુ :- હા, એમ આવી જાય છે.) પણ મિથ્યાદષ્ટિ છું તો નિર્ણય ખોટો છે. એવું આત્માનું સ્વરૂપ નથી. આત્માનું એવું સ્વરૂપ નથી. ત્રણેયકાળ ભાવકર્મથી રહિત છે.

મુમુક્ષુ :- ભાવકર્મનો નિર્ણય કયાં કરાવે છે કે હું ઔદયિકભાવ છું, હું તો પરમપારિણામિકભાવ છું, મોક્ષરૂપ છું.

ઉત્તર :- છું.... એવો નિર્ણય કર. આહાહા!

મુમુક્ષુ :- જેનો અનુભવ કરવો છે તેનો તો નિર્ણય તો કર.

ઉત્તર :- એનો અને જેવો આત્મા છે એવો નિર્ણય કર. તે નિર્ણય કર્યો છે આત્મા રાગી અને દ્વેષી, દુઃખી હું નથી. એવું આત્માનું સ્વરૂપ જ નથી. અજ્ઞાન દશાથી જે તને ભાસે છે એ ખોટું છે. એ તો તારું અજ્ઞાન છે. આત્મા રાગી છે અને રાગથી તન્મય છે ને રાગમય છે ને. (એવું) સ્વરૂપ છે જ નહીં. આત્મા જ્ઞાનસ્વભાવી છે.

અનંત અનંતકાળ વીત્યો. અનંતવાર એ તીર્થંકરની સભામાં ગયો. પણ કોરો રહી ગયો. પોતાનો પક્ષ રાખીને સાંભળવા બેઠો. ધોધમાર વાણી આવી (પણ) જરાય પલળ્યો નહીં. આહા! લાખો પલળી જાય. પણ આ કોયડું મગ પલળ્યો નહીં. અભવી જેવો. આહાહા! એક જ વાત લાગે છે. બહેન! પર્યાય સત્ અહેતુક છે. અજ્ઞાનની પર્યાય, મિથ્યાત્વની પર્યાય પણ સત્ અહેતુક છે. એ તો એનો કાળ પાકે

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યારે પલ્ટો આવશે. બાકી કાંઇ નહીં. તીર્થંકર તો પરદ્રવ્ય છે. આહાહા! એની શું તાકાત કે એના મિથ્યાત્વને ટાળી શકે. કોઇ કોઇને ટાળી શકે નહીં. એનો આત્મા નથી કરી શકતો તો પરદ્રવ્યનો પ્રવેશ ક્યાં છે એમાં? યોગ્યતા બસ બીજું કાંઇ નહીં. તત્સમયની યોગ્યતા છે. યોગ્યતા એ એનું સામ્રાજ્ય છે બસ. આપણને શાંતિ એમાં થાય છે. જીવની યોગ્યતા બસ. કેમ સમજતો નથી પ્રશ્ન નથી બસ.

**આત્માને પહેલાં આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને**, એટલે જિનાગમ. પહેલાં જિનાગમ લાવ્યું. બીજું કોઇ આગમ છે જ નહીં. સર્વજ્ઞ ભગવાને કહ્યો એવો આત્મા જ્ઞાનસ્વભાવી જ છે. એવો તું નિર્ણય કર, એમ. બીજાના મતમાં તો આત્માનું સ્વરૂપ જ નથી. એટલે એ તો વાત જ નથી. માટે આગમજ્ઞાન કહ્યું, શ્રુતજ્ઞાન કહ્યું. એમ. **નિશ્ચય કરીને પછી ઇન્દ્રિયબુધ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઇને,** અંદરમાં આવી જા. **તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને, એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો.** એક અખંડ પ્રતિભાસમય આત્માનો અનુભવ કરવો. એકને જો અને એકને શ્રધ્ધામાં લે. આહાહા!

અંદરની બધી વાત કાઢી નાખી. ગુણભેદ તો છે નહીં અને પર્યાયથી રહિત જ છે. પર્યાય તો એમાં છે જ નહીં. **'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવા નામ પામે છે, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઇ અનુભવથી જુદાં નથી.** અનુભૂતિ કહો કે સમ્યગ્દર્શન કહો એક જ વાત છે. આત્મા કહો. આહા! જુઓ બહેન! એક ગાથામાં, દ્રવ્યનો નિશ્ચય અને પર્યાયનો નિશ્ચય બે થઇને અનુભવ કેમ થાય અને અનુભવ થયા પછી આખું જ્ઞેય કહ્યું.

મુમુક્ષુ :- હા, આખું જ્ઞેય.

ઉત્તર :- ધ્યેયપૂર્વક જ્ઞેય થઇ ગયું. જ્ઞાનસ્વભાવી આત્મા ધ્યેય હતો. એની સન્મુખ થઇને અનુભવ થયો. સમ્યગ્દર્શન, જ્ઞાન. તો સમ્યગ્દર્શન, જ્ઞાનમાં આત્મા છે. પર્યાય જુદી નથી. આહા! ધ્યેયપૂર્વક જ્ઞેય વસ્તુનું સ્વરૂપ છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- પરમ સત્ય. એવું જ સ્વરૂપ છે.

ઉત્તર :- સ્વરૂપ એવું છે. આહાહા! તમને તો આઠ વર્ષ પહેલાં કહ્યું, પણ હું તો વર્ષોથી કહું છું. ધ્યેયપૂર્વક જ્ઞેય અને આ (પ્રેમચંદજી) સાક્ષી છે.

બોમ્બેમાં ત્રણ ત્રણ મહિના સુધી વ્યાખ્યાન આપ્યું. ધ્યેયપૂર્વક જ્ઞેય એક સમયમાં થાય છે ત્યારે અનુભવ થશે.

મુમુક્ષુ :- પરમ નિર્દોષ!

ઉત્તર :- ધ્યેય અને જ્ઞેયમાં થોડોક કાળ ભેદ વિચારશો તો નયપક્ષ આવશે. સાચો વિચાર હશે તોપણ અનુભવ નહીં થાય. વિચાર સાચો કે ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. પણ એ વિકલ્પમાં નિર્ણય કરીશ તો કામ નહીં આવે. વિકલ્પ છૂટીને સાક્ષાત અનુભવ થાય અક્રમે એક સમયમાં અભેદ થઇને. આહાહા! પર્યાયથી અભેદ થઇને અનુભવ થાય ત્યારે ધ્યેયપૂર્વક જ્ઞેય થયું કહેવાય. એનું નામ સમ્યગ્દર્શન છે. બસ બીજું કાંઇ છે નહીં.

ઓલું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન આત્મા છે એમ કહ્યું. પર્યાય નથી. એ પરદ્રવ્ય છે?

(મુમુક્ષુ :- આત્મા) પરદ્રવ્ય નહીં?

મુમુક્ષુ :- બિલકુલ નહીં સાહેબ. નિર્ણય કોનો કર્યો કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું તેમાં પરિણામ અભેદ થયા તો પરદ્રવ્ય કયાં થયા?

ઉત્તર :- કયાં થયા? એ તો આત્મા થઇ ગયો.

(મુમુક્ષુ :- અપરિણામી + પરિણામ = પરિણામી. અફર ફરમાન આપનું છે. મને તો બેઠા બેઠા એવા વિચાર આવ્યા કે) શું વિચાર આવ્યો? (કે આ જો આપનું સ્પષ્ટીકરણ એકદમ શોર્ટ આવી ગયું ને? સ્પષ્ટીકરણ. બસ તેમાં અનુભવ જ થઇ જાય. વધારે કાંઇ કામ જ નથી. એટલું ઊંચું, આપની વાણી આકર્ષણ છે ધ્યેયપૂર્વક જ્ઞેય બસ.) સહજ થાય છે. કરવું નથી પડતું સહજ થઇ જાય છે. એવો બનાવ બને છે.

કોઇ અનુભવની વાત બીજા જીવોને જયારે કહે ત્યારે સામા પાત્ર હોય. કોઇ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

અનુભવી હોય, કોઇ અનુભવની સન્મુખ થઇ ગયો હોય તેને આ વાત તરત જ બેસી જાય.

મુમુક્ષુ :- તરત જ બેસી જાય.

ઉત્તર :- અંદરથી હકાર આવે.

મુમુક્ષુ :- હકાર આવે.

ઉત્તર :- આવું જ સ્વરૂપ છે.

મુમુક્ષુ :- આવું જ સ્વરૂપ છે.

ઉત્તર :- અનુભવી હોય તેને દઢતા થઇ જાય. અને અનુભવ ન હોય તેને અનુભવ થઇ જાય. સંધી છે.

મુમુક્ષુ :- સંધી છે. અદભૂતથી અદભૂત વાત છે. બસ.

ઉત્તર :- મધ્યસ્થતા થઇ ગઇ ને? પર્યાયથી રહિત એવો વિકલ્પ નહીં પર્યાયથી સહિત એ વિકલ્પ નહીં. પક્ષ ચાલ્યો ગયો.

મુમુક્ષુ :- પર્યાયથી રહિત એવો વિકલ્પ નહીં પણ એવી દષ્ટિ. અને પર્યાયથી સહિત એવો વિકલ્પ નહીં એવું જ્ઞાન. એક સાથે એક જ સમયમાં.

ઉત્તર :- એવી દષ્ટિ, એવું જ્ઞાન. એક સાથે. સમય એક છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ દષ્ટિ ને જ્ઞાન.

ઉત્તર :- હા.

મુમુક્ષુ :- આ ધ્યેયપૂર્વક જ્ઞેય બેય વાત છે.

ઉત્તર :- બેય વાત કરી. બેય લીધું.

મુમુક્ષુ :- આ આપની દેન છે. આ યુગને એ આપની દેન છે. ધ્યેયપૂર્વક જ્ઞેય એક સમયમાં થાય છે.

ઉત્તર :- એક સમયમાં.

મુમુક્ષુ :- એ રીતે જે વાત છે ને એનાથી પક્ષાતિક્રાંત થઇ જાય છે. પક્ષાતિક્રાંત થઇ જાય છે. બસ. પક્ષાતિક્રાંત થવાની જ આ વાત છે.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- એની મહિમા કહી ન જાય એવી છે.

ઉત્તર :- હા, એવી જ છે. એવો કોઇ યોગ બની ગયો છે.

મુમુક્ષુ :- અને આપ કહો છો ને એક સમયમાં થાય છે.

ઉત્તર :- એક સમયમાં થાય છે. એટલે તેને ચોંટ લાગે છે કે એક સમયમાં! અગર જુદી જુદી વાત કરે ધ્યેયની અલગ અને જ્ઞેયની અલગ તો તેમાં તો તેને નયપક્ષ રહી જાય. નયપક્ષ જ છે. તેમાં તેને અનુભવ કયાં છે?

મુમુક્ષુ :-આત્મા જાણવામાં આવે છે તો તે નયપક્ષ છે.

ઉત્તર :- નયપક્ષ જ છે.

મુમુક્ષુ :- એનો ભાવાર્થ શું નિયમસારમાં એવું સ્વ પ્રકાશક જ્ઞાનથી જ આત્માની ઉપલબ્ધિ થાય છે.

ઉત્તર :- થાય છે. નિયમ છે. એજ વાત આમાં આવેલી છે. આ જે આપણે કહ્યું તેમાં કયાં સ્વ-પર લીધું? એક આત્મા જ. કેવળ એક તેને જાણે છે અને તેને દેખે છે, શ્રદ્ધે છે. હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે. બહેન! બોલો કળશ ત્રાણું.

---

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

(शार्दूलविक्रीडित)

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो य: समयस्य भाति निभृतैरास्वाद्यमान: स्वयम्।
विज्ञानैकरस: स एष भगवान्पुण्य: पुराण: पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम् ॥ ९३ ॥

શ્લોકાર્થ :- [नयानां पक्षै: विना] નયોના પક્ષો રહિત, [अचलं अविकल्पभावम्] અચળ નિર્વિકલ્પભાવને [आक्रामन्] પામતો [य: समयस्य सार: भाति] જે સમયનો (આત્માનો) સાર પ્રકાશે છે [स: एष:] તે આ સમયસાર (શુદ્ધ આત્મા) [निभृतै: स्वयम् आस्वाद्यमान:] કે જે નિભૃત

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે (-આસ્વાદ લેવાય છે, અનુભવાય છે) તે - [विज्ञान–एक–रस: भगवान्] વિજ્ઞાન જ જેનોએક રસ છે એવો ભગવાન છે, [पुण्य: पुराण: पुमान्] પવિત્ર પુરાણ પુરુષ છે; [ज्ञानं दर्शनम् अपि अयं] જ્ઞાન કહો કે દર્શન કહો તે આ (સમયસાર) જ છે; [अथवा किम्] અથવા વધારે શું કહીએ ? [यत् किञ्चन अपि अयम् एक:] જે કાંઈ છે તે આ એક જ છે (- માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે.) ૯૩.

---

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना
सारो य: समयस्य भाति निभृतैरास्वाद्यमान: स्वयम्।
विज्ञानैकरस: स एष भगवान्पुण्य: पुराण: पुमान्
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किञ्चनैकोऽप्ययम् ॥ ९३ ॥

**શ્લોકાર્થ :- નયોના પક્ષો રહિત,** તમામ પ્રકારના વિકલ્પ-રાગથી રહિત. **અચળ નિર્વિકલ્પભાવને પામતો.** આ અચલમ આવ્યું. અચલમ. 'પરલક્ષ અભાવાત ચંચલતા રહિતં અચલમ જ્ઞાનમ્' આ જ્ઞાનની વાત કરી. અચલ. **અચળ નિર્વિકલ્પભાવને પામતો. જે સમયનો (આત્માનો) સાર પ્રકાશે છે.** અનુભવ થયો. સમયનો સાર એટલે અનુભવ. આત્મા જેવો છે એવો અનુભવ થવો તેનું નામ સાર છે. આહાહા! બાકી બધું અસાર છે.

**તે આ સમયસાર એટલે શુધ્ધાત્મા કે જે નિભૃત (નિશ્ચળ આત્મલીન) પુરુષો વડે,** પોતે પોતાનો આધાર આપે છે. એમ. **સ્વયં આસ્વાદ્યમાન છે. (-આસ્વાદ લેવાય છે. અનુભવાય છે.)** આવે છે. આનંદનો, સુખનો સ્વાદ લ્યે છે. **અનુભવાય છે. તે વિજ્ઞાન જ** વિશેષ જ્ઞાન, આત્મજ્ઞાન જેનો એક રસ છે. આહા! રાગ એ આત્માનો રસ નથી. જ્ઞાન એ આત્માનો રસ છે. વિશેષજ્ઞાન, આત્મજ્ઞાન એનો એક રસ છે. **એવો ભગવાન છે. પવિત્ર પુરાણ**

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પુરુષ છે.** આહાહા!

પવિત્ર આત્મા અનાદિઅનંત પુરાણ પુરુષ છે. જ્ઞાન કહો કે દર્શન કહો. સમ્યગ્જ્ઞાન કહો કે સમ્યગ્દર્શન કહો. **તે આ સમયસાર જ છે. અથવા વધારે શું કહીએ? જે કાંઇ છે તે આ એક જ છે**. જે અનુભવમાં આવ્યું, નામ બે તમને કહ્યું, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. બાકી તો, આહાહા! પાર નથી એવો અનુભવ થયો. બે નામની મુખ્યતા તમને બતાવીએ છીએ. બસ. જે કાંઇ છે તે આ એક જ છે. માત્ર જુદા જુદા નામથી કહેવાય છે. જ્ઞાન કહો, દર્શન કહો, ચારિત્ર કહો, સુખ કહો. આહા! સર્વ ગુણાંશે સમ્યક્ અનંતગુણની અનંતપર્યાય અંશે શુદ્ધ થઇ ગઇ. આહાહા!

હવે એક બહુ સારી વાત કરે છે. **આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો.** જ્ઞાનથી ચ્યુત થયો હતો. અનંત અનંતકાળ વિત્યો એ સમયે સમયે જ્ઞાનથી ચ્યુત થાય છે. પર મારું એમ માને છે તો ચ્યુત થઇ ગયો. **તે પાછું જ્ઞાનમાં જ આવી મળે છે.** જ્ઞાન જ્ઞાનથી ચ્યુત થયું હતું. એ જ્ઞાન પાછું અંદરમાં આવી મળે છે. બહાર ભટકતું હતું તે પાછું મૂળ સ્થાનમાં આવી ગયું. કરનાર છું એવી બુદ્ધિ હતી તે છૂટી ગઇ. હું તો જાણનાર છું અને જાણનાર જણાય છે ત્યાં અંદરમાં આવી ગયો. (મુમુક્ષુ :- મળી ગયા.) મળી ગયા. જ્ઞાન જ્ઞાનને મળી ગયું. જ્ઞાયકે પર્યાયને અંદર ખેંચી લીધી. પર્યાય સન્મુખ જયાં થઇ ત્યાં જ્ઞાયકનું એવું બળ છે કે ખેંચી લીધી. ખલાસ! અંદર આવી ગઇ. જ્ઞાનની પર્યાય જ્ઞાનમાં મળી ગઇ. આહાહા!

મુમુક્ષુ :- સમુદ્રમાં મળી ગઇ.

ઉત્તર :- સમુદ્રમાં મળી ગઇ. નદી મળી ગઇ એમ. પાણી મળી ગયું. એમ હવે કહે છે. આહા! હવે શ્લોક ચોરાણું. (૯૪). શ્લોકાર્થ.

આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે એમ હવે કહે છે :-

(शार्दूलविक्रीडित)

दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्चयुतो
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात् ।
विज्ञाननैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत् ।। ९४ ।।

શ્લોકાર્થ :- [तोयवत्] જેમ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું થકું દૂર ગહન વનમાં ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના સમૂહ તરફ બળથી વાળવામાં આવે; પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને, પોતાના સમૂહમાં આવી મળે; તેવી રીતે [अयं] આ આત્મા [निज–ओघात् च्युत:] પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો [भूरि–विकल्प–जाल–गहने दूरं भ्राम्यन्] પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો તેને [दूरात् एव] દૂરથી જ [विवेक–निम्न–गमनात्] વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા [निज–ओघं बलात् नीत:] પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો; [तद्–एक–रसिनाम्] કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને [विज्ञान–एक–रस: आत्मा] જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે એવો તે આત્મા, [आत्मानम् आत्मनि एव आहरन्] આત્માને આત્મામાં જ ખેંચતો થકો (અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને), [सदा गतानुगतताम् आयाति] સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.

ભાવાર્થ :- જેમ જળ, જળના નિવાસમાંથી કોઈ માર્ગે બહાર નીકળી વનમાં અનેક જગ્યાએ ભમે; પછી કોઈ ઢાળવાળા માર્ગ દ્વારા, જેમ હતું તેમ પોતાના નિવાસસ્થાનમાં આવી મળે; તેવી રીતે આત્મા પણ મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી વિકલ્પોના વનમાં ભ્રમણ કરતો થકો કોઈ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતે જ પોતાને ખેંચતો પોતાના વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે. ૯૪.

---

**શ્લોકાર્થ :- જેમ પાણી પોતાના સમુહથી ચ્યુત થયું થકું,** દૃષ્ટાંત આપે છે. પાણી તળાવમાંથી નીકળીને બહાર ચાલ્યું ગયું હતું. **દૂર ગહન વનમાં ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા,** એ ઢાળ હોય ને એ તરફ વાળી દયે છે બસ. આમ જાતું હતું. ત્યાં ધોરીયો કરી ઢાળ કર્યો. ઢાળ કર્યો તો તળાતળ પાછું આવી ગયું. **દૂર ગહન વનમાં ભમતું હોય તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના સમુહ તરફ બળથી વાળવામાં આવે.** પહેલાં બળ તો જોઇએ પછી તો વળી જાય. (મુમુક્ષુ :- પછી તો આપોઆપ) પછી તો આપોઆપ. પહેલાં જરાક. (મુમુક્ષુ :- એક વાર તેનો રસ્તો બનાવવો પડે છે.) બનાવવો પડે છે.

**પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું પ્રવાહરૂપ થઇને, પોતાના સમૂહમાં આવી મળે.** આહા! એકવાર ધોરીયો કરે, મહેનત પડે પછી પાણીને વાળે, પાણી વળ્યું એટલે ખલાસ! એ તરફ જ આવી જાય. પાણી પાણીમાં મળી જાય પ્રવાહમાં. **તેવી રીતે આ આત્મા પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો થકો,** આહાહા! ઉદાસીન જ્ઞાતા, દૃષ્ટા અવસ્થા એને છોડતો થકો. આહાહા! **ચ્યુત થયો થકો પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો.** જુઓ! એ દૂર જાય તો કયાં સુધી જાય? એ વિકલ્પ. બસ એટલું જ. એ લીમીટ બહાર તો જાય જ નહીં. દેહમાં કર્મમાં તો જાય જ નહીં. વિકલ્પમાં રોકાય જાય અજ્ઞાની. વિકલ્પજાળના, વિકલ્પ પાછી અહીં જાળ કહી જુઓ! ઇન્દ્રજાળ વિકલ્પજાળ. **વિકલ્પજાળના ગહન વનમાં દૂર ભમતો હતો.** આહાહા!

અનંતકાળથી તે કયાંનો કયાં નીકળી ગયો હતો. તે **વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા** ભેદજ્ઞાનરૂપી વિવેકરૂપી કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું ને. મારા

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાનમાં જ્ઞાન જ જણાય છે. જ્ઞાયક જ જણાય છે. બીજું કાંઇ જણાતું નથી. એ અંદર જવા માટે ઢાળવાળો માર્ગ છે. ઢાળવાળા માર્ગ. આ કહે કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. જ્ઞાતા છું અને જાણનાર જ જણાય છે મને પર જણાતું નથી. એ ઢાળવાળો માર્ગ મળ્યો તેને એટલે જ્ઞાન અંદરમાં આવીને અનુભવ કરી લ્યે છે બસ.

મુમુક્ષુ :- એ ઢાળ આપે બનાવી ને આપી દીધી.

ઉત્તર :- બહેન! જાણનાર જણાય છે. તે મહામંત્ર છે.

મુમુક્ષુ :- અંદર જવા માટેની ઢાળ છે.

ઉત્તર :- ઢાળ છે અંદર જવા માટે. જાણનાર જણાય છે. પર જણાતું નથી. વિકલ્પ પણ જણાતા નથી પછી બીજી પરની વાતો કયાં કરવી?

વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો. શરૂઆતમાં બળ પડે. અનાદિકાળના સંસ્કાર ઊંધા હતા ને? એ સવળા કરવા માટે કર્તા નહીં. હું અકર્તા છું, જ્ઞાતા છું, જ્ઞાતા છું. જ્ઞાયક છું, જ્ઞાયક છું. જ્ઞાયક જણાય છે. જ્ઞાયક જણાય છે. પહેલાં શરૂઆતમાં થોડી મહેનત પડે. સમજી ગયા! વાળવામાં આવ્યો. કેવળ એક વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને, આહાહા! જેને અંદર ચૈતન્યરસ અંદર ઉતરી ગયો છે. એવા રસીલા પુરુષોને રાગનો રસ ઉતરી ગયો છે. જ્ઞાનનો રસ ચડયો છે મસ્તી. **જે એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે એવો તે આત્મા. આત્માને આત્મામાં જ ખેંચતો થકો**, લ્યો!

પાણી, પાણીને ખેંચતું થકું તેને બદલે **આત્મા આત્માને,** આહા! એ પર્યાયને. **આત્મામાં જ,** દ્રવ્યમાં. ખેંચતો થકો, અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઇને સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે. જે જ્ઞાન નીકળી ગયું હતું, મિથ્યાજ્ઞાન હતું. એ જ્ઞાન અંદરમાં આવ્યું. સમ્યગ્જ્ઞાન થઇ ગયું બસ. થયું તે થયું. બસ. પછી ફરીથી હવે કોઇ દિ' અજ્ઞાન નહીં આવે એમ. સદા શબ્દ વાપર્યો ને!

**સદા વિજ્ઞાનસ્વભાવમાં આવી મળે છે**. બસ. જ્ઞાન જ્ઞાનમાં મળી ગયું.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન જ્ઞાનમાં મળે એટલે જ્ઞાન જ્ઞાન થઇ ગયું. જ્ઞાન રાગમાં મળતું હતું એટલે વિકલ્પ ઉત્પન્ન થતો હતો. જંગલમાં રખડતો હતો. જ્ઞાન રાગનો સંગ કરે છે ને. આહાહા! આત્મા એ જ્ઞેયલુબ્ધ છે. આસકિત છે. જ્ઞેયોને હું જાણું છું એ આસકિત અજ્ઞાન છે.

**ભાવાર્થ :- જેમ જળ, જળના નિવાસમાંથી કોઇ માર્ગે બહાર નીકળી વનમાં અનેક જગ્યાએ ભમે, પછી કોઇ ઢાળવાળા માર્ગ દ્વારા, જેમ હતું તેમ પોતાના નિવાસસ્થાનમાં આવી મળે; તેવી રીતે આત્મા પણ મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી વિકલ્પોના વનમાં ભ્રમણ કરતો થકો કોઇ ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતે જ પોતાને ખેંચતો પોતાના વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.** બસ. જ્ઞાન જ્ઞાનમાં આવીને સમાઇ ગયું. જ્ઞાનને જ્ઞાનનો ભેદ પણ નીકળી ગયો. અનુભવમાં અભેદ થઇ ગયો. આ પંચાણુંમો કળશ લ્યો. બહુ ઊંચો છે.

---

(अनुष्टुम्)

विकल्पक: परं कर्ता विकल्प: कर्म केवलम् ।
न जातु कर्तुकर्मत्वं सविकल्पस्य नश्यति ॥ ९५ ॥

હવે કર્તાકર્મ અધિકારનો ઉપસંહાર કરતાં, કેટલાક કળશરૂપ કાવ્યો કહે છે; તેમાં પ્રથમ કળશમાં કર્તા અને કર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ કહે છે :-

શ્લોકાર્થ : [विकल्पक: परं कर्ता] વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને [विकल्प: केवलम् कर्म] વિકલ્પ જ કેવળ કર્મ છે; (બીજાં કોઈ કર્તા-કર્મ નથી;) [सविकल्पस्य] જે જીવ વિકલ્પસહિત છે તેનું [कतुं कर्मत्वं] કર્તાકર્મપણું [जातु] કદી [नश्यति न] નાશ પામતું નથી.

ભાવાર્થ :- જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે; જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે કતાકર્મભાવનો પણ અભાવ થાય છે. ૯૫.

---

કર્તા-કર્મ અધિકાર છે ને? કર્તા-કર્મની મર્યાદા અજ્ઞાનીને એટલી રાખી. અજ્ઞાની થાય તોપણ તે કરે તો અજ્ઞાનભાવે શું કરે? કે વિકલ્પને કરે. એ પણ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નયોના વિકલ્પને કરે એ અહીંયા લેવું. ઓલી સ્થૂળ બહારની વાત નથી. આહાહા! આ નયે આવો છું, આ નયે આવો છું, પ્રમાણથી આવો છું એ જે વિકલ્પ છે એ વિકલ્પ જ તેનું કર્મ બની જાય છે. જ્ઞાન કર્મ નથી બનતું. અજ્ઞાન થઇ જાય છે. નિર્વિકલ્પ અને વિકલ્પ બે તત્ત્વ ભિન્ન હોવા છતાં, બે વચ્ચે કર્તા-કર્મ સંબંધ નહીં હોવા છતાં એ એને ભૂલી જાય છે. હું કર્તા અને આ મારું કર્મ. બોલો કળશ બોલો.

**विकल्पक: परं कर्ता विकल्प: कर्म केवलम् ।**
**न जातु कर्तुकर्मत्वं सविकल्पस्य नश्यति ॥ ९५ ॥**

આહાહા! જયાં સુધી અનાદિકાળથી જીવ વિકલ્પ સહિત એટલે સવિકલ્પવાળો છે. આહાહા! ત્યાં સુધી કર્તા-કર્મની પ્રવૃત્તિ છે. એકદમ ટૂંકું રહસ્ય મૂકયું. હું પરને કરું છું ને પરને નિમિત્ત થાઉં છું અને પરમાં નિમિત્ત કર્તા છું ને ઉપાદાન કર્તા છું ને ભોકતા છું બધું કાઢી નાખ્યું. કોઇ પણ પ્રકારનો જે વિકલ્પ ઉઠયો છે અનંતકાળથી, અનંતકાળથી વિકલ્પ ઉઠયા જ કરે છે. એ જ કર્તાબુધ્ધિ થઇ ગઇ.

કર્તાબુધ્ધિવાળાને વિકલ્પ ઊઠે છે. જ્ઞાતાને વિકલ્પ ઊઠતો જ નથી. જ્ઞાન પ્રગટ થાય છે. શું કહ્યું? અનંત અનંતકાળથી એને વિકલ્પ ઉત્પન્ન થયા કરે છે. કયો વિકલ્પ એ વાત જ નથી. કયા પ્રકારનો વિકલ્પ છે કયાં સુધી કર્તા-કર્મ છે એમ નથી. વિકલ્પ જયાં સુધી છે ત્યાં સુધી કર્તાબુધ્ધિ છે. જ્ઞાતા નથી થતો. કોઇ પણ પ્રકારનો વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રની ભકિતનો, પૂજાનો, જાત્રાનો, દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિકલ્પ. એ મિથ્યાદષ્ટિ છે. વિકલ્પ સહિત છે તેને કર્તા-કર્મની બુધ્ધિ છૂટતી નથી.

હવે અહીંયાં એક પ્રશ્ન થાય કે વિકલ્પ તો સાધકને પણ આવે છે ને? વિકલ્પ નથી આવતો વિકલ્પનું જ્ઞાન થાય છે. એને વિકલ્પ નથી આવતો એને વિકલ્પનું જ્ઞાન થાય છે કે જે જ્ઞાનમાં આત્મા જણાય છે એવું જ્ઞાન થાય છે. એને વિકલ્પ કર્મ નથી એને જ્ઞાન કર્મ છે. જ્ઞાન કર્મ છે અને વિકલ્પ જ્ઞેય થાય છે. જ્ઞાનની સાથે કર્તા-કર્મ સંબંધ થયો પછી વિકલ્પની સાથે કર્તા-કર્મ સંબંધ તૂટી જાય છે. અને છતાં વિકલ્પ ઊઠે છે. તો જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર છે પણ કર્તા-કર્મ બિલકુલ નથી.

વિકલ્પ હોવા છતાં અકર્તા છે. આ કર્તા-કર્મ અધિકારનો છેલ્લો સાર પંચાણું કળશમાં છે.

જયાં સુધી કોઇ પણ જાતનો વિકલ્પ ઊઠે છે, સમજી ગયા! ચારસો પંદર ગાથા મોઢે બોલે, મનમાં બોલે, વિકલ્પ છે. વિકલ્પ છે ત્યાં સુધી અજ્ઞાની છે. વિકલ્પ સહિત છે ત્યાં સુધી અજ્ઞાની છે. હવે એકવાર વિકલ્પ તૂટયો અને વિકલ્પથી રહિત અનુભવ થયો એ તો જ્ઞાનથી સહિત થયો અને વિકલ્પથી રહિત થઇ ગયો. પછી વિકલ્પથી રહિતપણું ચાલુ રહે છે.

મુમુક્ષુ :- પછી કોઇ દિ' વિકલ્પથી સહિત થતો નથી.

ઉત્તર :- વિકલ્પથી સહિત થતો નથી.

મુમુક્ષુ :- આહા! બહુ સરસ!

ઉત્તર :- જ્ઞાન કર્મ થાય છે ત્યારે વિકલ્પ જ્ઞાનનું જ્ઞેય એ વખતે તો હોતું જ નથી. એ સવિકલ્પદશામાં જ જ્ઞાનનું જ્ઞેય થાય. શું કહ્યું? એક વખત નિર્વિકલ્પ ધ્યાનમાં આવે તો તો વિકલ્પ ઉત્પન્ન જ નથી થતો. તો જ્ઞાન પ્રગટ થાય છે. તો જ્ઞાન કર્તાનું  કર્મ બની ગયું અભેદ નયે. તે પણ આત્મા કર્તા અને જ્ઞાન કર્મ એવો ભેદ નથી. ઠીક. અભેદ કર્તા-કર્મનું અનન્યપણું. સમજયા! તો એવો અનુભવ થયો.

નિર્વિકલ્પ ધ્યાનમાં અભેદ અપેક્ષાએ લ્યો તો જ્ઞાનની પર્યાય કર્મ છે. અને જે સવિકલ્પદશામાં વિકલ્પ ઊઠે છે એ કર્તાનું કર્મ નથી પણ જ્ઞાનનું વ્યવહારે જ્ઞેય છે. એ વિકલ્પ જણાય છે ત્યારે પણ આત્મા જણાય છે. કેમકે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. વિકલ્પ એ જ્ઞેય છે. વિકલ્પ હવે કર્મ નથી.

મુમુક્ષુ :- વિકલ્પની જાતિ બદલાઇ ગઇ.

ઉત્તર :- બદલાઇ ગઇ. અપ્રત્યાખ્યાનનો વિકલ્પ થઇ ગયો.

મુમુક્ષુ :- અનંતાનુબંધીનો નથી.

ઉત્તર :- નથી બિલકુલ.

મુમુક્ષુ:- અનંતાનુબંધીમાં જ્ઞાન કર્મ નહોતું બનતું.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન કર્મ નહોતું થતું. હં... વિકલ્પ કર્મ બનતું હતું. તેની કર્તા-કર્મની પ્રવૃત્તિ વિકલ્પની સાથે હતી. આત્મા કર્તા ને વિકલ્પ મારું કર્મ. એવી કર્તા-કર્મની પ્રવૃત્તિ અનાદિકાળથી છે. એકદમ વિકલ્પ તૂટી ગયો જ્ઞાન પ્રગટ થઇ ગયું આત્મજ્ઞાન. બાકી વિકલ્પની સાથે અનુસંધાન રહેતું પણ નથી. છૂટો થઇ ગયો. વિકલ્પ ભિન્ન થઇ ગયો. વિકલ્પ ભિન્ન તરીકે જણાય છે. પહેલાં વિકલ્પ અભિન્ન તરીકે મનાતું હતું ને જણાતું હતું. એ જ્ઞાન અભિન્ન થયું ત્યારે વિકલ્પ ભિન્નપણે જણાય. જ્ઞાન પણ અભિન્નપણે જણાય અને વિકલ્પ પણ અભિન્નપણે જણાય એમ બિલકુલ નહીં.

મુમુક્ષુ :- અને ભિન્નપણે પણ સવિકલ્પમાં જણાય.

ઉત્તર :- સવિકલ્પમાં જણાય. નિર્વિકલ્પ ધ્યાનમાં તો પછી વિકલ્પ જ નથી.

મુમુક્ષુ :- ભિન્નપણે પણ ક્યાંથી જણાય?

ઉત્તર :- એ ક્યાંથી જણાય?

એ કળશનો ખુલાસો અમને છ મહિના પછી આવ્યો. છ મહિનાની અંદર આવી ગયો. ગિરનાર પર એ વિકલ્પ ઉઠયો હતો. પંચાણું નંબરના કળશનું રહસ્ય મેળ અમને ખબર નહોતી. બહુ જ મંથન કર્યું, બહુ જ મંથન કર્યું પણ ઉકેલી નાખ્યું. દસની સાલની વાત છે. પાંત્રીસ સાલ પહેલાની વાત છે. આ શું વિકલ્પ સહિત છે મિથ્યાદષ્ટિ? જ્ઞાનીને વિકલ્પ તો થાય છે. વિકલ્પ તો થાય છે પણ વિકલ્પ સહિત હું છું એમ નથી માનતો. હું તો જ્ઞાનસહિત છું.

મુમુક્ષુ :- હં.. બરાબર.

ઉત્તર :- એ મર્મ પછી ખ્યાલમાં આવ્યો. છ મહિના પછી ખ્યાલમાં આવી ગયું કે રહસ્ય છે. **પણ પ્રત્યક્ષ અનુભવ તો સાત વર્ષ પછી થયો. ૨૦૧૭ની સાલમાં.** ખ્યાલ આવી ગયો કે આ આચાર્ય ભગવાનના કળશનો આશય આ છે. પણ તે વખતે વિકલ્પ ન તૂટયો. અનુમાનમાં આવી ગયું. આશય ખ્યાલમાં આવી ગયો કે આચાર્ય ભગવાનનો આશય આ છે.

મુમુક્ષુ :- ફરીથી એક વખત. પંચાણુમા કળશમાં આચાર્ય ભગવાન શું કહેવા

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માગે છે?

ઉત્તર :- પંચાણુમા કળશમાં એમ કહેવા માગે છે, આપણે જરા વાંચીએ પછી તેનો ખુલાસો કરીએ. એટલે ખ્યાલ આવી જાય તરત જ આના શબ્દો આમાં. પંચાણું કળશમાં એમ કહેવા માગે છે કે વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને વિકલ્પ જ કેવળ કર્મ છે. એટલે કર્તા કર્મની પ્રવૃત્તિ વિકલ્પની સાથે અનાદિકાળની છે. કર્તા-કર્મની બુધ્ધિ અજ્ઞાનમાં પણ કર્તા-કર્મ. કર્તા-કર્મ અજ્ઞાનમાં હોય એવી જે બુધ્ધિ છે તે અનાદિકાળથી આત્મા વિકલ્પનો કર્તા અને વિકલ્પ એનું કર્મ. એવી કર્તા-કર્મની પ્રવૃત્તિ અનાદિકાળની મિથ્યાદષ્ટિની છે. બીજા કોઇ કર્તા-કર્મ નથી.

આત્મા કર્તા અને હાથ ચલાવે તે કર્મ એમ તો છે જ નહીં. અજ્ઞાનભાવે ભેદજ્ઞાનનો અભાવ હોય ત્યાં સુધી અજ્ઞાની આત્મા કર્તા અને જે કોઇ પણ વિકલ્પ ઊઠે તે જ તેનું કર્મ થાય. એને જ્ઞાન તો કર્મ છે નહીં.

મુમુક્ષુ :- એને પર્યાયદષ્ટિ છે ને?

ઉત્તર :- પર્યાયદષ્ટિ છે.

મુમુક્ષુ :- વિકલ્પ કર્મ થયા કરે છે.

ઉત્તર :- વિકલ્પ કર્મ થાય છે હા.

મુમુક્ષુ :- દ્રવ્યદષ્ટિ હોય તો જ્ઞાન કર્મ થાય.

ઉત્તર :- જ્ઞાન થાય. દ્રવ્યદષ્ટિ તો છે નહીં. અનાદિકાળનો જ્ઞાનથી તો ચ્યુત છે. વિકલ્પ ઉત્પન્ન થાય છે.

જુઓ બહેન! આમાં પાપના પરિણામ ન લીધા. આમાં પુણ્યના પરિણામ ન લીધા. આમાં નવતત્ત્વનો વિકલ્પ ન લીધો. છ દ્રવ્યનો વિકલ્પ ન લીધો. વિકલ્પ માત્ર ઊઠે છે ત્યાં સુધી કર્તાબુધ્ધિ છે. કોઇ પણ વિકલ્પ એમ. ભગવાનની પૂજાનો, દર્શનનો વિકલ્પ, જાત્રાનો વિકલ્પ, શ્રવણનો વિકલ્પ, સમયસાર વાંચવાનો વિકલ્પ.

મુમુક્ષુ :- હા હા, ગમે તે વિકલ્પ.

ઉત્તર :- ગમે તે વિકલ્પ. જયાં સુધી વિકલ્પની લાળ લંબાયા કરે છે,

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનાદિકાળથી ધારા વિકલ્પની ચાલે છે. મિથ્યાદષ્ટિને અનાદિકાળથી વિકલ્પની ધારા ચાલે છે. એ કહે છે કે જયાં સુધી વિકલ્પ કર્તા અને વિકલ્પ તેનું કર્મ. બીજા કોઇ કર્તા કર્મ નથી.

જે જીવ વિકલ્પ સહિત છે. આહાહા! જે જીવ વિકલ્પ સહિત છે. છે તો વિકલ્પથી રહિત. માને છે વિકલ્પથી સહિત. સમજાણું કાંઇ? છે તો વિકલ્પથી રહિત આત્મા છતાં પોતે પોતાને વિકલ્પથી સહિત માને છે. વિકલ્પની સાથે એણે કર્તા-કર્મ સંબંધ જોડયો છે.

**તેનું કર્તા-કર્મપણું કદી નાશ પામતું નથી.** એટલે કે અનાદિકાળથી જીવને પરિણામ તો થાય છે. તો પરિણામની જાત શું લીધી? એકલો વિકલ્પ. પાપનો વિકલ્પ, પુણ્યનો વિકલ્પ, ધર્મનો વિચારરૂપ વિકલ્પ, આર્તધ્યાનનો, શુક્લધ્યાનનો, ધર્મધ્યાનનો, ચૌદગુણસ્થાન. કોઇ પણ વિકલ્પ માત્ર. વિકલ્પ વિના જીવ અનાદિકાળથી એક સમય પણ રહ્યો નથી. વિકલ્પસહિત પરિણમે છે. એ જે દિ' વિકલ્પથી રહિત થાય તે દિ' અનુભવ થાય. તે દિ' કર્તા-કર્મની પ્રવૃત્તિ ચાલી જાય.

નયનો વિકલ્પ હું શુધ્ધ છું, એક છું, અભેદ છું વિકલ્પ ઊઠે છે. મિથ્યાદષ્ટિ છે. વિકલ્પરહિત ન થયો. વિકલ્પની સાથે એકત્વ થઇ ગયું. જ્ઞેય-જ્ઞાયક સંકર દોષ. નિર્વિકલ્પતત્ત્વ અને વિકલ્પ બેને એક માન્યા. ભગવાન જ્ઞાનસ્વભાવી આત્મા એક અને આ વિકલ્પ બીજું. બે ચીજ છે બેને એક માની. છે જ્ઞાનથી સહિત માને વિકલ્પથી સહિત.

મુમુક્ષુ :- જો અનાદિથી કોઇ પણ વિકલ્પ ઉઠયા તેમાં વિકલ્પ વિના નથી રહ્યો. તેણે વિકલ્પને પોતાનો માન્યો. કેમકે વિકલ્પ ઊઠે છે એટલે.

ઉત્તર :- વિકલ્પ ઊઠે તો વિકલ્પ જ મારું કર્મ છે ને? હું જ કર્તા અને વિકલ્પ મારું કર્મ. મેં કર્યું. હં... એ તેની કર્તાબુધ્ધિ ન છૂટી. કર્તાબુધ્ધિ છૂટે તો વિકલ્પ તૂટી જાય. અને જ્ઞાન-આત્મજ્ઞાન કર્મ બની જાય.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તેથી જે જીવ વિકલ્પસહિત છે તેનું કર્તા-કર્મપણું કદી નાશ પામતું નથી.** જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તા-કર્મભાવ છે. જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે કર્તા-કર્મભાવનો પણ અભાવ થાય છે. શું કહ્યું?

મુમુક્ષુ :- જ્યારે વિકલ્પનો અભાવ થાય છે.

ઉત્તર :- ત્યારે કર્તા-કર્મનો અભાવ થાય છે. જ્યાં સુધી એ વિકલ્પ છે ત્યાં સુધી કર્તા-કર્મની રાગની સાથે પ્રવૃત્તિ છે.

મુમુક્ષુ :- જ્યારે વિકલ્પનો અભાવ થાય છે ત્યારે?

ઉત્તર :- ક્યારે વિકલ્પનો અભાવ થાય? કે પોતે જ્ઞાતા જ છે અને કર્તા નથી. એ પહેલું નક્કી કરવું જોઇએ. પછી જ્ઞાનમાં જ્ઞાયક જ જણાય છે. વિકલ્પ જણાતો નથી. વિકલ્પનો કરનાર તો નહીં પણ વિકલ્પનો જ્ઞાતા પણ નહીં. મને વિકલ્પ જણાતો નથી. મને તો જાણનાર જણાય છે. એનાથી જુદો છું. ત્યારે વિકલ્પ તૂટી જાય છે. હું તો જ્ઞાનમય છું. જ્ઞાનમય છું અને જ્ઞાનમય આત્મા જણાય છે. બસ. પછી વિકલ્પ ક્યાંથી ઉત્પન્ન થાય? સ્વઆશ્રયે વિકલ્પ ઉત્પન્ન ન થાય.

જ્ઞાની વિકલ્પસહિત છે જ નહીં. જ્ઞાન સહિત છે. અજ્ઞાની જ્ઞાનથી રહિત જ છે અને વિકલ્પથી સહિત જ છે.

મુમુક્ષુ :- પહેલાં ધ્યેયને કરનાર માન્યું અને પછી જે જ્ઞેય થાય છે તેમાં પરને જાણું છું તેમ બે ભૂલ થઇ ગઇ.

ઉત્તર :- હં... વિકલ્પ જ કર્મ છે અને વિકલ્પ જ જાણવામાં આવે છે. એ બે ભૂલ છે. વિકલ્પ કર્મ પણ નથી અને વિકલ્પ જ્ઞેય પણ નથી. જ્ઞેય તો જ્ઞાયક ભગવાનઆત્મા જ્ઞેય છે. તો વિકલ્પ તૂટી જાય છે. પંચાણું કળશમાં થોડી ગૂઢ વાત છે.

વિકલ્પથી સહિત છે. તેનું કર્તા-કર્મપણું કદી નાશ પામતું નથી. આહા! વિકલ્પથી સહિત તો મુનિરાજ પણ છે. પંચમહાવ્રતના વિકલ્પ તો તેને ઊઠે છે. તેને વિકલ્પ ઉત્પન્ન જ થતાં નથી. એને આત્માનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને વિકલ્પ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેમાં પરજ્ઞેય તરીકે પ્રતિભાસે છે. જણાય છે. બસ. ભિન્નપણે જણાય છે.

કર્તાનું કર્મ નથી. વ્યવહારે જ્ઞાતાનું જ્ઞેય છે. બસ એટલું સવિકલ્પદશા. કાંઇ ખ્યાલ આવ્યો?

મુમુક્ષુ :- બહુ જ ઉત્તમ ખ્યાલ આવ્યો. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જ જણાય છે. મુનિરાજને કયાં રાગ છે.

ઉત્તર :- હં.... એ વિકલ્પ તેનો સ્વામી કયાં છે? વિકલ્પનો સ્વામી તો છૂટી ગયો. સ્વામી હતો ત્યાં સુધી કર્તા-કર્મની પ્રવૃત્તિ હતી. હવે તો જ્ઞાયકનો સ્વામી થઇ ગયો.


મુમુક્ષુ :- અનુભવપૂર્વક.

ઉત્તર :- હં.. તો અનુભવમાં જ્ઞાયક આવ્યો તો જ્ઞાયક હું છું એમ આવી ગયું. વિકલ્પ તો ઊઠે છે. વિકલ્પ ભલે ઊઠો. આહા! મારી ચીજ નથી. એવું ભેદજ્ઞાન થઇ ગયું.

મુમુક્ષુ :- અફર, કર્તાનું કર્મ ન રહ્યું જ્ઞાતાનું જ્ઞેય. અને ત્યારે પણ જ્ઞેયાકાર અવસ્થામાં જાણનાર જ જણાય.

વખત થઇ ગયો.

卐


ૐ
નમઃ સિદ્ધેભ્યઃ